કિંમત આઠ આના.

૬૪૧૪

જ્ઞાતિ હિતોપદેશ

કર્તા

ગાંધી. ત્રીકમલાલ [illegible].
માંડવીની પોળમાં પાંજરા પોળ અમદાવાદ.

૬૪૧૪

T (એકવાર કૃપા કરીને આખુ પુસ્તક વાંચી જવું.) B

દરેક નાતના લોકોને ઉપયોગી

ગાંધી કૃત

જ્ઞાતિ હિતોપદેશ.

પોતાના દેશના ભલા સારૂ

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગાંધી ત્રીકમલાલ બાપાલાલ.

માંડવીની પોળમાં પડી પોળ, અમદાવાદ.

અમદાવાદ "ગુજરાત ગેઝેટ" પ્રેસ.

સંવત ૧૯૫૨. સને ૧૮૯૬.

ચેતવણીઃ—કર્ત્તાની સહી તથા શિક્કા વગરનું પુસ્તક ચોરીનો માલ સમજવો. અમારાં પુસ્તકો બીજા કોઇને ત્યાં વેચાતાં નથી.

.કિંમત આઠ આના.

G પાકા પુંઠાવાળા પુસ્તકની કિંમત ૧૨ આના. A

[1]મરણ પાછળ જમણવાર.

આ નામનું પુસ્તક બહાર પડ્યા પછી તે રા. રા. ભગવાનદાસભાઇએ (વડોદરાના મ્યુનિસિપલ કંટ્રોલરે) વડોદરાના નગર શેઠ, શેઠ સાહેબ શેઠ હરીભક્તિને મોકલાવતાં તેમણે તેનો હેતુ પુછી એ (મરણ પાછળ જમણવાર ઇ. ૯. તેરમાં) વિષે ઠરાવ કરવાનું કહ્યું હતું તે પ્રમાણે વડોદરાના વીસાલાડ વાણીઆની નાતમાં નીચેની મતલબનો ઠરાવ થયો છેઃ—

"મરનારને તેરમે દિવસે જ્ઞાતિ જમણ નહીં કરતાં સોળ રાત્રી વિત્યે મરજીમાં આવે ત્યારે કરવાં. સોળ રાત્રી વિત્યા પછી તે કરવું કીંવા ન કરવું તે પણ માલ ધણીની મરજી ઉપર રાખ્યું છે. આવો ઠરાવ કરવાનો હેતુ એવો જણાવ્યો છે કે દિવસે દિવસે તેરમાં એની મેળે બંધ થતાં જાય અને લોક નાહક મોટા ખરચમાં ડૂબતા અટકે."

[2]ત્રાસદાયક તેરમા દુઃખદર્શક નાટક.

આ નાટકની અસરથી કેટલીક નાતોમાં થતાં જુવાનનાં તેરમાં (મરણ પાછળ જમણવાર) બંધ થયાં છે.

[3]સુબોધ વચન (ભાગ ૧ લો.)

આ પુસ્તકથી કલોલ અને દેગામ ડીવીઝનમાં ઘણી સારી અસર થઇ છે એમ તે ડીવીઝનના ડે. એ. ઇન્સ્પેક્ટર સાહેબે જાહેર કર્યું છે.

ઉપલાં પુસ્તકો વિષે મળેલા અભિપ્રાય ૦॥ આનો મળેથી મળશે.

---

૧ કિં. રૂ. ૦। ૨ કિં. રૂ. ૦)—॥. ૩ કિં. રૂ. ૦)— દરેકનું પોસ્ટેજ ૦॥ આનો જુદું.

નહિ છપાયેલા અભિપ્રાયમાંથી થોડાક નીચે આપીએ છીએ.


મરણ પાછળ જમણવાર—આ પુસ્તકનું વિવેચન આપતાં અમને હર્ષ ઉત્પન્ન થાય છે. કારણ કે આ પુસ્તક * સુધારાના * લગતુ છે. કર્તાએ દાખલા દૃષ્ટાંતો આપી વિષય વધારે ઉપયોગી કર્યો છે. જ્ઞાતિની ઉત્પત્તિ, જમણવારની ચાલતી રૂઢિઓ, જમણવાર કરવાના સમયની ટીપ અને તે કરવાનાં કારણો ઘણા અનુભવ સહિત આપ્યાં છે. છેલ્લે જૂદી જૂદી જ્ઞાતિમાં થએલ સુધારાની ટીપ પણ શ્રમ લઇ આપેલી છે. કર્ત્તાનો પ્રયાસ સ્તુતિપાત્ર છે. સાંભળવા પ્રમાણે કર્તાની જ્ઞાતિ (દશા નાગર વાણિયા અમદાવાદી)માં તેરમાં કરવાનો ચાલ બંધ થએલ છે. જો આમ હોય તો કર્ત્તાનો પ્રયાસ ઘણે અંશે ફળિભૂત થયો ગણી શકાય. ટુંકામાં "શોકના સમયમાં હર્ષનું પ્રદર્શન" તે ખરેખરૂં જ છે. આ પુસ્તક દરેક જ્ઞાતિવાળાએ વાંચવું આવશ્યકનું છે. * * *

મોઢ શુભેચ્છક પત્રિકા.

ત્રાસદાયક તેરમા દુઃખદર્શક નાટક—× × × એ લઘુ પુસ્તક અસરકારક છે ને તે ઘણા જણના વાંચવામાં આવે તો ફાયદાકારક છે. આવી ચોપડીઓ જથાબંધ લઇ તેનો ઇનામ વગેરેમાં ઉપયોગ થઇ શકે, પરંતુ તે ખરીદ કરવાનું મારા અધિકારમાં નથી.

અંબાશંકર પ્રભાશંકર.

ડેપ્યુટી. એ. ઇન્સ્પેક્ટર. વડોદરા વિભાગ.



ભગવાનદાસ નરોતમદાસ મહેતા

अर्पण पत्रिका.

રા. રા. ભગવાનદાસ નરોતમદાસ મહેતા.

મ્યુનિસિપલ કંટ્રોલર. વડોદરા.

એઓ

દેશની ખરાબ રૂઢિઓનો નાશ કરવાને

તથા

ગ્રંથકારોને ઉત્તેજન આપવાને

તત્પર રહે છે એ વગેરે કારણથી

તેમને

આ પુસ્તક

પરવાનગી લઇ અર્પણ

કર્યું છે.

પ્રસ્તાવનાં.

વિવેકી દેશી બંધુઓ! નામદાર બ્રિટિશ રાજ્યના અમલ તળે આ આર્યાવ્રતમાં આપણા લોકોએ વિદ્યા દેવીનું ચરણ શેવન કરવા માંડયું છે. વિદ્યાવડે સત્યાસત્ય અને સારાસારની સમજણ પડે છે. વિદ્યાના અભાવે હાલમાં આપણી સ્થિતિ આગળ કરતાં ઘણી નબળી દેખાય છે. જેવા વિદ્વાનો, આચાર્યો અને સાધુઓ આપણામાં પૂર્વ કાળે હતા તેવા આજ નથી. આથી એમ થયું કે દિવસે દિવસે લોકોમાંથી સમજ શક્તિ ઘટવા લાગી અને તેને લીધે અનેક પ્રકારની ખરાબ રૂઢિઓ આપણામાં પેઠી. જે રૂઢિઓ વિષે શાસ્ત્રમાં સ્પષ્ટ મના છે તેવી રૂઢિઓને દાખલ કરી વિરૂદ્ધાચરણ કરવા માંડયું. વિદ્યાના અભાવે એમ બનતુંજ આવ્યું છે અને એ પ્રમાણે આપણામાં બને એમાં કંઈ નવાઇ નથી કારણ કે વિદ્યા એ મનુષ્યને સારાસારનો વિવેક શિખવે છે પણ અવિદ્યા એ તો અવળે રસ્તેજ ચડાવે છે.

સુશીલ બંધુઓ! હવે તે આ વિદ્યાએ પલાયન કરી જવા તક સાધી છે અને વહેમાદિક અંધકાર નાશ પામવાની તૈયારીમાં છે. પ્રથમની વિદ્યા, શક્તિ અને કીર્ત્તિ મેળવવાનો સમય લગભગ નજદીક આવ્યો છે માટે સુજ્ઞ બંધુઓ! આવા સુસમયનો લાભ લેવા તથા દુષ્ટ ચાલોનું નિકંદન કરવા બહાદુર બનો, બહાદુર બનો.

આ પુસ્તકમાં દેશને હાનિકર્ત્તા સાંસારિક કુધારા જેવા કે બાળલગ્ન, કન્યા વિક્રય, રોવા કુટવાની ઘેલાઇ, કજોડાં, મરણ પાછળ જમણવાર, ભ્રષ્ટાચાર, લગ્ન પ્રસંગે ફટાણાંનાં ગીતો, એક ઉપર બીજી સ્ત્રી પરણવી, રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર ન હોવો, વગે-

રેથી થતા ગેરફાયદા દર્શાવ્યા છે એટલુંજ નહીં પણ તે તે કુધારા નાબુદ કરવાનાં કોણે કોણે પગલાં ભર્યાં છે તેની સાથે સાથે (મળી આવી તેટલી) સંપૂર્ણ ટીપ પણ આપેલી છે અને તે શિવાય બીજા અગત્યના વિષયો પણ દાખલ કરવામાં આવ્યા છે, જે આ પુસ્તકની છેવટે આપેલી વિષયની અનુક્રમણિકા વાંચવાથી ધ્યાનમાં આવશે.

છેવટ, ભાઇબંધ "ગુજરાત મિત્રે" વર્તેલા ભવિષ્ય પ્રમાણે નાત તથા દેશની શેવા બજાવવાને શક્તિવાન થયા છીએ તો જેમ અમોએ રચેલાં પુસ્તકો (મરણ પાછળ જમણવાર, ત્રાસદાયક તેરમા દુઃખદર્શક નાટક તથા સુબોધ વચન વગેરે) થી લોકોને સારી અસર થઇ તેવીજ રીતે આ પુસ્તકથી કંઇ પણ અસર થશે અથવા તો દેશની ખરાબ રૂઢિઓ દૂર કરવા યા કરાવવા તરફ લક્ષ આપનારા પ્રેમિ ને ઉત્સાહી દેશી બંધુઓ આ પુસ્તક અથથી ઇતિ સુધી વાંચી વંચાવી તથા તેમાંની ભુલ ચુક અને પુનરોક્તિને માટે દર ગુજર કરતાં સાર સાર ગ્રહણ કરી ‡દુષ્ટ ચાલો નાબુદ કરવાના પ્રયત્ન કરશે યા

‡ દુષ્ટ ચાલો નાબુદ કરવાના રસ્તાઃ—

૧. નાતોના આગેવાનો, શેઠીઆઓ અથવા પૈસાવાળાઓ જેમ કડવા કણબીમાં રા. બા. બેચરદાસે લગ્નો ખરચ ઓછો કરવાની, લેઉઆ કણબીમાં શેઠ લાલદાસ રાયજીવાળાએ ગોયણીઓની નાત જમાડવાના તથા લગ્ન પ્રસંગે ગોરવમાં પુષ્કળ ખરચ થતો હતો તે રિવાજો પોતાને ઘેરથીજ બંધ કરવાની અને તેરમુ કરવાની ફરજ હતી તે કાઢી નાંખવાની, વીસા શ્રીમાળીમાં મી. વીરચંદ ગાંધીએ તેમના પિતાના મરણ પાછળ જમણવારનો ખરચ બંધ કરવાની, વીસનગરા નાગરમાં સૌ. સા. ચુનીલાલ કવીશ્વરે શ્રીમંત એટલે અધરણીની નાત પોતાને ઘેરથી બંધ કરવાની અને દશાનાગરમાં શેઠ છોટાલાલે લગ્ન પ્રસંગે વરઘોડામાં ઘણો ખરચ થતો હતો

કરાવશે તો અમોએ લીધેલો શ્રમ ફલિભૂત થએલો માનીશું.

ત્રીકમલાલ બાપાલાલ ગાંધી.

તા. ક. જે દેશ હિતેચ્છુઓએ આ પુસ્તકને આશ્રય આપ્યો છે તેમનો અત્રે આભાર માનવામાં આવે છે.

તેને બદલે ફક્ત એકજ ઘોડો આણવાની પહેલ કરી તેમ કરે તો ખરાબ રૂઢિઓ નાબુદ થાય.

૨. કેળવણીના વધારે પ્રસારથી પણ ખરાબ રૂઢિઓ નાબુદ થાય.

૩. શાણા અને વિચારવંત દેશીઓ સરકારને વિનવી બાળલગ્ન તથા કન્યા વિક્રય કરનાર અને નાતવરા તથા વરઘોડામાં પૈસા ખરચનાર ઉપર ભારે કર મુકવાનો કાયદો પસાર કરાવે તો લોકો બાળલગ્ન અને કન્યા વિક્રય કરતા તથા નાતવરા અને વરઘોડામાં પૈસા બગાડતા પોતાની મેળેજ અટકશે અથવા તો તેઓ માંહોમાંહે સંપ કરી એવા રિવાજ નાતના ઠરાવથીજ બંધ કરશે.

૪. અંગ્રેજ સરકારે જેમ રજપુતો તેમની દીકરીઓને દુધપાતી કરતા તે અટકાવવા સારૂ બાળહત્યા (Infanticide) નામનું ખાતું રાખ્યું હતું, રા. બા. બેચરદાસને તેમની નાતમાં લગ્નનો ખરચ ઓછો કરવામાં મદદ કરી હતી, સતી થવાનો ચાલ બંધ કર્યો છે અને બંગાળા, વાયવ્ય પ્રાંતો તથા પંજાબની સરકારોએ લગ્ન પ્રસંગે થતા લખલૂટ ખર્ચો અટકાવવાના ઉપાયો લેવા માંડ્યા છે તેમ મુંબઇની સરકાર કરવાનું મનપર લે તો તેથી પણ રૂઢિઓ નાબુદ થાય.

૫. મહાજનો અને ધર્મ ગુરૂઓ પણ ખરાબ રૂઢિઓ નાબુદ કરવાનું મનપર લે તો કરી શકે.

૬. પરોપકાર એ પણ એક ધર્મ છે તો કેટલાક કારખાનાવાળા જેમ અમુક રકમ ધર્માદામાં વાપરે છે તેમ થોડી રકમ સંસાર સુધારાને લગતાં પુસ્તકો રચાવવામાં, રચાયલાં વહેંચાવવામાં અથવા ભાષણો કરાવવામાં ખર્ચે તો તેથી પણ થોડો ઘણો ફાયદો થાય.

श्री इष्ट देवाय नमः

જ્ઞાતિ હિતોપદેશ.

વાંચનારને વિનંતિ.

"પાપ કરતાં વારિયે, ધરમ કરતાં હા;
એ મારગ બતલાવિયે, પછી ગમે ત્યાં જા."
"મૂરખની વાતો બળી, જે વાતે ઘર જાય;
પંડિતની લાતો ભલી, જે લાતે ગુણ થાય."
"સક્કર ઘોળે જૂઠકી, એસે મિત્ર હજાર;
ઝેર પિલાવે સાચકો, સો વિરલા સંસાર."
"લક્ષ્મી ખરચે તેહની, મારે તેની તરવાર;
પાળે તેનો ધર્મ છે, પરણે તેની નાર."
"વિદ્યા ભણશે તેહની, ભજે તેના ભગવાન;
પુસ્તક વાંચે તેહનું, સમજે તેનું જ્ઞાન."

---

* બાળલગ્ન.

બાળલગ્નથી વસ્તી ઓછી થાય છે, તે વસ્તી પત્રક તથા દરેક

* સ્વયંવરની રીત હોવાથી આ ચાલ અહીં હોય એમ લાગે છે. વળી બાળલગ્ન અસલ નહોતાં એ ઘણા અનુભવથી તેમજ સર્વે

નાતમાં થતાં લહેણાંની ટીપપરથી જણાય છે. બાળપણમાં વર મરી ગએથી બાળકીઓ વહેલી રંડાય છે. જોબન ન જળવાય તો બાળ-

શાસ્ત્રોથી સિદ્ધ થાય છે. કેમકે આર્યોના અસલ ચાર આશ્રમ ઠરાવેલા છે:– **૧. બ્રહ્મચર્ય. ૨. ગૃહસ્થાશ્રમ. ૩. વાનપ્રસ્થ. ૪. સન્યસ્ત.** એ ઉપરથી સિદ્ધ થાય છે કે પહેલી વીશી જે બ્રહ્મચર્યની તેમાં સંસારી થવાયજ નહીં. તેમાં તો માત્ર વિદ્યાજ સંપાદન કરવાનું કહ્યું છે. જ્યારે **આવોજ** જબરો પ્રતિબંધ આડે **આવતો હોય** ત્યરે કોઈથી બાળલગ્ન થઇ શકેજ નહીં એ સર્વ માન્ય છે.

આ હાનિકારક રિવાજ ક્યારે શરૂ થયો તે બાબતની ઐતિહાસીક તપાસ કરતાં માલમ પડે છે કે જ્યારથી મુસલમાનોનું રાજ્ય આ દેશમાં થયું, ત્યારથીજ આ રિવાજ નિકળેલો માલમ પડે છે. કેમકે જુલમી મુસલમાન બાદશાહો, તેમના ભાયાતો, નોકરો, ચાકરો વગેરે બળાત્કારથી હિંદુઓની કુંઠડી કન્યાઓને પોત પોતાના જનાનામાં દાખલ કરતા. પરંતુ તેઓનું ધર્મશાસ્ત્ર જે 'કુરાન' તેમાં એક ફરમાન એવું છે કે:—

"જે સ્ત્રી પરણાવીને પારકી સત્તામાં ધર્મશાસ્ત્ર પ્રમાણે સોંપાયલી હોય, તેને કોઇ બળાત્કારથી ગ્રહણ કરે તો તે ગ્રહણ કરનાર દોજખમાં પડે છે."

આથી બધા તો નહીંજ; પણ કેટલાક સમજુ અને ઉમરાવ કુળના મુસલમાનો પરણાવેલી કન્યાઓનું હરણ કરતા નહીં. તેથી તે વખતના સમજુ ધર્માધ્યક્ષોએ **છોકરી સ્ત્રી અવસ્થાને પ્રાપ્ત ન થાય તે પહેલાં પરણાવીને પારકી કરી દેવી** એવો નિયમ આપણાં હિંદુ ધર્મશાસ્ત્રોમાં [(પુરાણો વગેરેમાં) પણ વેદમાં તો ન-

કહલ્યા થાય છે. કજોડું પડે છે. વ્યભિચાર વધે છે. સ્ત્રીપુરૂષ પરસ્પરની પ્રીતિથી અજાણ રહે છે. વંશ વૃદ્ધિ થતી નથી અને થાય છે તો બળવાન થતી નથી. તેથી પુરૂપ નાકૌવત, અભણ, ¹બિનરોજગારી અને હુન્નરકળા તથા ઉદ્યોગમાં પાછળ રહે છે. જંજાળથી વહેલો વિંટાય છે. ઘડપણ વહેલું આવે છે. મોક્ષ પદ સધાતું નથી. સંતતી રોગીષ્ટ અને ઠીંગણી થાય છે. આયુષ્ય ઘટે છે અને વહેલું મરણ નિપજે છે. નાનપણમાં ધણીના મૃત્યુથી સ્ત્રીને જન્મારો અસહ્ય દુઃખ વેઠવું પડે છે. છેક નાનપણમાંથી સ્ત્રી પુરૂષ કેવાં નિકળશે તેની ખબર પડતી નથી. ધણીધણીઆણીને અણબનાવ રહે છે

થીજ] દાખલ કરી દીધો. એટલે પ્રથમ અનાદિ કાળથી બાળલગ્ન નહીં કરનાર આર્યો કંઇ પણ આચકો ખાધા વગર બાળલગ્ન કરવા લાગ્યા. એવી રીતે પ્રથમ શરૂઆત બ્રાહ્મણોએ પોતાની જ્ઞાતિમાં કરી અને બીજી જ્ઞાતિવાળાઓને તે પ્રમાણે વર્ત્તવા સૂચના કરી. તેથી આપણે બધા પણ તેજ નિયમોને અનુસર્યા. એ પ્રમાણે બાળલગ્નની હાનિકારક રૂઢિ આપણામાં પ્રબળ થએલી છે.

જયારે ઉપલી હરકત (મુસલમાનોના જુલમની) હતી ત્યારે એમ કરવું વ્યાજબી હતું પણ હાલ એવી હરકત નથી અને વળી જમાનો બદલાયલો છે તો આ હાનિકારક ચાલ નાબુદ કરવા યત્ન કરવો એ ગેરવ્યાજબી નથી.

૧. બિનરોજગારી રહેવાથી અથવા કમાવવાની શક્તિ ન હોવાથી કેટલાક જોગી વૈરાગી (બાવા) થઇ જાય છે વા તો સ્ત્રીથી ઉપજીવીકા ચલાવે છે.

અને તેથી પુરૂષ ફરીથી પરણે છે ત્યારે પ્રથમનીને ઘણું દુઃખ પડે છે. રૂપિયાના લોભથી ઘરડા વર સાથે પરણાવવાથી પણ વહેલી રંડાય છે માટે સ્ત્રી કરતાં પુરૂષ ૫ થી ૯ વર્ષે મોટા જોવો એ અવશ્ય જરૂરનું છે અને કન્યાને કન્યાથી નાની ઉમરના તથા ઘરડા વર સાથે નહીં પરણાવવાથીજ ફાયદા છે.

પરદેશી ભઇઆ અને બીજા હિંદુ લોકો જેમની નાતમાં ૨૧ વર્ષનો દીકરો થતાં સુધી દીકરાને પરણાવવાનો રિવાજ નથી તેઓ જો કે આપણી માફક દાળ રોટલીના ખાનારા છે તોપણ તેમનાં શરીર બહુ મજબૂત હોય છે. જો તમે એમ કહેતા હો કે બાળપણમાં પરણાવવાનો રિવાજ પડયો છે તેથી ગેરલાભ સમજ્યા છતાં અમારે જાણી જોઇ પરણાવવાં પડે છે તો તેમાં તમારોજ વાંક છે કે તે દુષ્ટ રિવાજ તમારી નાતમાંથી કાઢી નંખાવવા તમે મેહેનત કરતા નથી. દીકરો ૨૧ વર્ષનો થયા બાદ કન્યા સાસરે રહેવા લાયક થાય એવી કન્યા સાથે જો દીકરાને પરણાવવાનો રિવાજ તમારી નાતમાં દાખલ કરવાનો બંદોબસ્ત કરો તો તમારા વંશજો શરીરે ઘણા મજબુત થાય, વધારે વિદ્યાભ્યાસ કરી શકે અને ઘણો લાભ થાય. દીકરો મોટી ઉમરનો થતાં સુધી કુંવારો રહે તો તે જન્મારો કુંવારો રહી જાય એવી અધિરાઇથી દીકરાને બાળપણમાં પરણાવી તેની જીંદગાની બગાડવી એ મૂર્ખાઇ છે કારણ કે દીકરો બાળપણમાં નાદાન અક્કલનો અને અભણ છતાં તેને કન્યા મળે છે તો તે જ્યારે મજબૂત શરીરનો, અને વિદ્વાન અગર પોતાનું ભરણ પોષણ સારી રીતે કરવાને શક્તિવાન થાય ત્યારે તેને કન્યા મળેજ એમાં કંઇ શક નથી. માટે તમારા અને તમારા સગાના વંશજોને બાળપણમાં પરણાવી જીવતા

સુધી દુઃખના કુવામાં પડતા અટકાવવા કોશિસ કરવી એ તમારી ફરજ છે. લગ્નની બાબતમાં અધિરાઇ રાખી દીકરાને દુઃખના કુવામાં નાખવો તેના કરતાં ધીરજ રાખી તેને ભણતા સુધી કુંવારો રાખવો એ બહેતર છે.

બાળલગ્નથી નિપજતાં ખરાબ પરિણામ વખતે લોકોમાં થતી વાતચિત્ત.

બાઇઓ! બાળલગ્નનો રિવાજ ઘણો ખરાબ છે, એમ હું ખાત્રીથી કહું છું. આપણી હિંદુ નાતોમાં કહેવાતા કુળવાન કુટુંબનો હું માણસ છું. મારા બાપે મને નાનપણમાં રૂ.૫૦૦) ની પહેરામણી લઇ મારા સરખી ઉમરની કન્યા સાથે પરણાવ્યો હતો અને લગ્ન પાછળ મારા સસરાએ આશરે રૂ. ૨૦૦૦) ખરચ કર્યા હતા. પરંતુ હું જ્યારે ૨૧ વર્ષની ઉમરનો થયો ત્યારે મને મારી સ્ત્રી પસંદ પડી નહીં તેથી આસપાસના ગામડાની એક ખુબસુરત કન્યા સાથે ફરીથી લગ્ન કરી હું ખુશી થયો. આવી રીતે મારી પહેલીવારની સ્ત્રીના હમેશના સંસાર સુખનો નાશ થવાથી મારા સસરા સાસુ કહેવા લાગ્યાં કે "દીકરીને બાળપણમાં બાળ વરની સાથે પરણાવી તેની આપણને આ સજા થઇ. આપણે એવી અધિરાઇ રાખતાં હતાં કે આ બાળ વરનો વિવાહ બીજે ઠેકાણે થઇ જશે તો આવો કુળવાન વર આપણને મળશે નહીં. તેથી ભારે પહેરામણી આપી વિવાહ કરી દીધો, પણ વિચાર કર્યો નહીં કે જમાઇ મોટા થશે ત્યારે તેમને કન્યા પસંદ નહીં પડેતો દીકરીનો જન્મારો રદ થશે. જો તેવો વિચાર કરી દીકરી ૧૧ વર્ષની કરીને ૨૦–૨૧ વર્ષની ઉમરના વર સાથે પરણાવી હોતતો દીકરીના જન્મારાના સુખનો નાશ થાત નહીં.

પણ આપણે મૂર્ખાઇ કરી માટે, દીકરીને જન્મારા સુધી દુઃખી થતી જોવાનો અને દાઝવાનો વખત આવ્યો." મારા બાપ પણ પસ્તાવા લાગ્યા કે "મેં દીકરાને બાળપણમાં પરણાવ્યો તે બહુ ખોટું કર્યું. કારણકે દીકરાને માથે બે સ્ત્રીના ગુજરાનનો બોજો પડયો અને મારા વેવાઇએ દીકરી સુખી થવાની આશાથી બે હજાર રૂપિયા ખરચ કરી મારા દીકરા સાથે પરણાવી હતી તે સઘળું ફોકટ ગયું." મને પણ એમ લાગ્યું કે "મારા બાપે મને બાળપણમાં પરણાવ્યો ન હોત તો ઘણું સારૂ થાત. કારણ કે બાળપણમાં મને મારા સરખી ઉમરની કન્યા સાથે પરણાવેલો તેથી મારી ૧૩ વર્ષની ઉમર થઈ ત્યારથી મારી પહેલીવારની સ્ત્રી મારે ઘેર રહેતી હતી. તે વખતે મારા શરીરનું બંધારણ કાચું છતાં મેં નાદાન બુદ્ધિથી તેની સાથે સંસાર વ્યવહાર ચલાવ્યો, તેથી મારા શરીરની તાકાદ કમી થઇ ગઇ, મારી યાદદાસ્ત શક્તિ નરમ પડી ગઇ, ગુજરાતી અગર અંગ્રેજી પુરૂં ભણી શકયો નહીં અને એવી રીતે અભણ અજ્ઞાન અને મૂર્ખ જેવો રહ્યો. મારા બાપ ગુજરી જવાથી વેપાર ધંધાનો બોજો મારે માથે પડયો, પરંતુ હું નાનપણમાંથી એશઆરામમાં પડી ગએલો તેથી વેપાર ધંધો કેમ કરવો તે શિખેલો નહીં અને મનમાં એમ ધારતો હતો કે બાપના પૈસા ઘણા છે માટે નહીં શિખીએ તો ચાલશે. આનું પરિણામ એ આવ્યું કે વગર શિખે વેપાર ધંધો કરવા માંડયો તેથી ધીમે ધીમે મારા બાપના સઘળા પૈસા થોડાં વર્ષમાં હું ખોઇ બેઠો. આ સઘળું નુકશાન મને અને મારી સ્ત્રીને બાળલગ્નના રિવાજથીજ થયું છે. કારણકે ૨૧ વર્ષની ઉમરે પોતાની જાતે પરણવાનો રિવાજ હોત તો હું મારી પહેલીવારની સ્ત્રી સાથે કદી પરણત નહીં. તેમજ

૨૧ વર્ષનો થતાં સુધી જો આપણાં ધર્મશાસ્ત્રની આજ્ઞા પ્રમાણે મેં બ્રહ્મચર્ય વ્રત પાળ્યું હોત અને તે દરમ્યાન સારો વિદ્યાભ્યાસ કર્યો હોત તો હાલ હું જેટલો અક્કલવાળો અને હોંશિયાર ગણાઉં છું તે કરતાં વધારે અક્કલવાળો અને હોંશિયાર ગણાત અને મારા બાપના પૈસા ગુમાવવાને બદલે વધારી શકત. કદાચ પૈસા વેપારમાં અકસ્માત જતા રહેત તોપણ વિદ્યાના સાધનથી બીજા પૈસા મેળવી શકત અને હાલની પેઠે પૈસા મેળવવાને અશક્ત થાત નહીં. બાળલગ્નના રિવાજે મને એકલાને નુકશાન પહોંચાડયું છે એમ નથી પણ મારે એક નાનો ભાઈ હતો તેને મેં બાળપણમાં અમારા સરખા એક કુળવાન કુટુંબની કન્યા સાથે પરણાવ્યો હતો. કન્યાની ઉમર પણ મારા ભાઇના જેટલીજ હતી તેથી ૧૩ વર્ષની ઉમરે કન્યા અમારે ઘેર રહેવા લાગી અને મારો ભાઇ એટલો નાની ઉમરમાં સંસાર વ્યવહારમાં પડી ગયો. આનું પરિણામ એ આવ્યું કે ચાર પાંચ વર્ષની અંદર મારા ભાઇને ધાતુ ક્ષય થયો અને તેથી બીજા કેટલાક વ્યાધિયો તેને વળગી પડયા. આથી તે થોડાં વર્ષ માંદો સાજો રહ્યો અને આખરે ૨૧ વર્ષની ભર જુવાન વયે પોતાની વહાલી સ્ત્રીને વિધવાપણું ભોગવવા પાછળ મુકી તે બિચારો ગુજરી ગયો. એ રીતે ભાઇઓ! બાળલગ્નના દુષ્ટ રિવાજે તો હજારો સ્ત્રી પુરૂષોના સુખનો નાશ કર્યો છે, હજારો માણસોના બાળપણમાં અને ભર જુવાનીમાં પ્રાણ લીધા છે અને તેથી સેંકડો સ્ત્રીઓને બાળરાંડ થઇને ફરતી આપાણે જોઇએ છીએ. માટે છોકરાઓને નાનપણમાં અને તેમનાથી મોટીયાં સરખી ઉમરની કન્યા સાથે ન પરણાવતાં ભણાવી ગણાવી હોંશિયાર કર્યા પછી પરણાવવાનો અને ૨૦-૨૧ વર્ષ પહેલાં પરણાવી

જંજાળમાં ન નાખવાનો તથા છોકરીઓને ૧૧ વર્ષ સુધી ઘર સં-સારી બાબતનું તથા થોડી કેળવણીનું જ્ઞાન આપી ૧૧ વર્ષે પરણા-વવાનો અને તેમના સરખી વયના પુરૂષ સાથે ન પરણાવવાનો તથા નાની વયે ઢીંગલા અને પૈસા ખાવા લઇ ઘરડા (બુઢીયા) પુરૂષ સાથે પરણાવી કજોડું તેમજ શૉકય ઉપર દઇ "દુઃખી ન કરવાનો રિવાજ પડે તો ઘણું સારૂં. છોકરીઓને નાની ઉમરમાં ન પરણાવવામાં આ-વે તો બાળ રાંડો ઓછી થાય પણ ધારો કે ઓછી ન થાય તો પણ તેમના વિધવાપણાના દુઃખમાં તો જરૂર ઘટાડો થાયજ."

આ ચાલ ધર્મશાસ્ત્ર વિરૂદ્ધ છે કારણકે ૨૦ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળવાનું તથા વિદ્યાભ્યાસ કરવાનું શાસ્ત્રમાં કહેલું છે, વૈદકશાસ્ત્ર પણ યોગ્ય ઉમર શિવાય ગૃહસ્થાશ્રમ કરવાની ના પાડે છે અને લોક રૂઢિ-ને લીધે નિપજતાં ખરાબ પરિણામ આપણે નજરે જોઇએ છીએ ત્યારે આ ચાલ બંધ કરવો ન જોઇએ ? આ બાબત જેમ અંગ્રેજ સરકારે ૧૮ વર્ષની વયની અંદરનાને થર્ડ ગ્રેડમાં દાખલ કરવાની તથા નોકરી આપવાની મનાઇ કરેલી છે તેમ એવો ઠરાવ કરે કે -ર્ડ ગ્રેડ, સેકન્ડ ગ્રેડ, ફર્સ્ટ ગ્રેડ (ફાઇનલ) અને મેટ્રીકયુલેશનની પરીક્ષાઓમાં પરણેલાને ન બેસવા દેવો તો બાળલગ્ન બંધ થાય. (કેમકે આજ કાલ ઘણા નોકરી માટે ભણે છે). જ્યારે પરીક્ષાઓમાં ખ-લેલ કરવામાં ન આવે ત્યારે તેઓથી પરીક્ષામાં પાસ થવાનું પણ બ-ને નહીં, પાસ થએલા હોય નહીં ત્યારે સરકાર નોકરી પણ આપે નહીં અને જ્યારે નોકરી મળે નહીં ત્યારે છોકરાઓને નાનામાં તેમનાં માબાપ પરણાવતાં અટકશે. પણ ધારોકે ન અટકે તોપતે-થી એક બીજો ફાયદો થશે. તે એ કે તેઓનું નોકરીનું બાંધ

થવાથી તેમને વેપાર ઉદ્યોગ તરફ પોતાનું લક્ષ આપવાની જરૂર પડશે.

બાળલગ્ન અટકાવવાં થયલા ઠરાવઃ—

૧. વડોદરા શહેરમાં વસ્તી જૂદી જૂદી નાતોના આગેવાન શેઠીઆઓના મહાજને સર્વાનુમતે કરેલા ઠરાવઃ—"**વડોદરા મહાજનના તાબાના કોઇપણ માણસે એટલે માબાપે તથા વાલી વારસે કન્યાનું લગ્ન તે કન્યા ૧૦ વર્ષની ઉમરની થાય તે અગાઉ કરવું નહીં.** કદાપિ કોઇને ખાસ અગત્યના કારણસર ૧૦ વર્ષની અંદર કન્યાનું લગ્ન કરવાની જરૂર હોય તો પ્રથમ તેણે નાતની રજા માગવી ને નાતે મહાજનની રજા લઇ રજા આપવી. આ ધારા વિરૂદ્ધ ચાલનાર નાતનો ગુનેગાર થશે અને તેને નાત યા મહાજન યોગ્ય લાગશે તે શિક્ષા કરશે વગેરે." ૨. વડોદરાના દશા મોઢ માંડલીયા વાણીઆની નાતે વડોદરા મહાજનના ઠરાવ પ્રમાણે લગ્ન કરવાનો ઠરાવ કર્યો છે. ૩. **માઇસોરના રાજ્યે** બાળલગ્ન અટકાવવાનો કાયદો કર્યો છે અને તે ફત્તેહમંદ નિવડયો છે. કાયદાના ભંગ થવાના દાખલા ખૂદ પાડોશીઓ તરફથીજ જાહેરમાં આણવામાં આવે છે. ૪. આખા ભરતખંડમાં વિખરાએલી બાજ ખેડાવાળની તમામ નાતોએ નવ વર્ષની વય પહેલાં કન્યાનાં લગ્ન ન કરવાનો ઠરાવ કર્યો છે. ૫. મહારાષ્ટ્ર દેશમાં છોકરા તથા છોકરીઓની લગ્ન કરવાની વય વધારવામાં આવી છે, તેનાં પરિણામ ઘણાં ફળદાઇ નિવડ્યાં છે. ૬. મથુરાંના વૈશ્ય લોકોએ પોતાની નાતોમાં બાળલગ્ન અટકાવવાનો ઠરાવ કર્યો છે. અંગ્રેજો વગેરેમાં બાળલગ્ન થતાં નથી.

કન્યા વિક્રય.

શાર્દુલ વિક્રિડિત વૃત્ત.

કન્યા વિક્રય જે કરે ધન લઇ, ધિક્કાર તેને ધરો;
કીર્તિના કદિ લોભથી કુળ જુએ, તે પ્રાપ્તિ પૂરો ખરો;
કીર્તિ દ્રવ્યતણો કશો જગતમાં, જે સ્વાર્થ સાધે નહિ;
કન્યાના સુખનો વિચાર કરશે, તે પુણ્યશાળી સહી.

(દલપત કાવ્ય.)

મૂર્ખ લોકોનો વિચાર જે વરની તરફથી વધારે પૈસા મળે તેને કન્યા આપવાનો હોવાથી વર ભણેલો છે કે અભણ, ઘરડો છે કે જુવાન, હોંશીઆર છે કે રોબડ એ વગેરે કંઇ પણ જોવાતુ નથી અને એવા વિવાહથી શાસ્ત્ર પ્રમાણે ખરૂં જોડું બંધાતું નથી. પ્રજા અધમ ઉત્પન્ન થાય છે અને દીકરીને ખાવાનું તે પ્રથમથી તેનો પિતા લઇ લે છે તેથી સ્રીપુરૂષનો જન્મારો બગડે છે. કારણ કે દેવું કર્યું હોય તો તે દેવું વાળવામાંથી ઊંચો આવતો નથી. લેનારની પાસે તે પૈસો ટકતો નથી, ઉદ્યમ સૂજતો નથી, પૈસા જેમ તેમ ખર્ચાઇ જાય છે અને જે માર્ગે પૈસો આવ્યો તે માર્ગે જાય છે. માટે પૈસા ખાવા લઇ દીકરીને દુ:ખી કરવી અને લાકડે માંકડું વળગાડવું સારૂં નથી. એવાં જોડાંથી યજ્ઞ વગેરે તથા કન્યાદાન કરવા બેસે તો ફળ થતુ નથી. જે કન્યાનો વિક્રય કરવામાં આવ્યો હોય (દીકરીના પૈસા ખાવા લીધા હોય) તેનું નામ **કન્યાદાન** કહેવાય નહીં, પણ કન્યા વેચી કહેવાય. કારણ કે આપણે કોઇને દાન આપીએ છીએ તેના બદલામાં તેની પાસેથી આપણે કંઇપણ લેતા નથી, તેમ આપેલું

દાન પાછું લેતા નથી. તેવીજ રીતે કન્યાદાન એટલે કન્યાનું દાન કંઇપણ લીધા વિના કરવું તે. કન્યા વિક્રય કરેથી તે બિચારી નિસાસો નાંખી હાય હાયના પોકાર કરી માબાપોને વારંવાર શ્રાપ દે છે ને કહે છે કે **"માબાપે પોતાનો સ્વાર્થ (દ્રવ્યનો) તાકી મારા સુખ દુઃખ તરફ કંઇપણ વિચાર રાખ્યો નહીં. અરે રે! એમનું ભુંડું થજો."** આવા શ્રાપથી તેમનું ભુંડું થઇ જતાં વાર લાગતી નથી, એમ નજરે જોવામાં આવે છે માટે કંકુને કન્યા આપવી.

કન્યા વિક્રય કરનારો તથા વિક્રયથી મેળવેલું ધન એ બન્ને અધમ છે તે વિષે.

દૃષ્ટાંત.

પૂર્વે વર્ધમાન નામે નગરમાં કોઇ એક બ્રાહ્મણને ઘેર વરની અછતને લીધે પોતાની કન્યા મોટી થઇ ગઇ. ત્યારે તે સ્ત્રીપુરૂષે વિચાર કર્યો કે આપણી દુર્બળ અવસ્થા છે અને પુત્રી મોટી થઇ છે માટે જે કોઇ વધારે નાણું આપે તેને ઘેર વેવીશાળ કરવું કે દળદર જાય. એમ વિચાર કરીને તે બ્રાહ્મણ જમાઇ ખોળવા નિકળ્યો. પોતાના ગામથી આશરે દશેક ગાઉને છેટે એક ગામમાં જ્યાં પોતાની જ્ઞાતિનાં કેટલાંક ઘર હતાં, ત્યાં તપાસ કરતાં એક સદ્‌ગૃહસ્થ બ્રાહ્મણને ઘેર અમુક રૂપિયા લેવાનો ઠરાવ કરી તેના દીકરાની સાથે વિવાહ કર્યો. પછી બહાના દાખલ રૂ. ૮૦૦) લઇને તે પોતાના ઘર ભણી ચાલ્યો. ચાલતાં ચાલતાં પાસેના અધમણ ભારના થાકથી વિશ્રામ લેવાને તે પોતાના ગામ નજીક આવતાં એક ઝાડની સુંદર છાયા નીચે બેઠો. દિવસ હતો તેથી મનમાં વિચાર કરવા લાગ્યો કે

અજવાળા છતાં ગામમાં જઇશ તો કોઈ દેખશે અને ટોકશે કે આ પોટલું શાનું છે? માટે લાવ અહીંજ વિસામો કરૂં. એમ ધારી પેલું પોટલું ઉશીકે મુકી સુતો છે. તેવામાં કોઇ ચાંડાળણી તે રસ્તે થઇને જતી હતી. તેની પાસે કંઇક નીચ ખોરાક (જનાવરનું માંસ) હતો. તેના મનમાં પણ વિચાર આવ્યો કે અહીં પાણીનું આશ્રમ છે અને ભુખ પણ બહુ લાગી છે, વાસ્તે લાવ અહીંજ રાંધી ખાઇને જાઊં. પણ પાસે રસોઇ કરવા માટે કાંઇ સાહિત્ય નહતાં, તેથી અહીં તહીં ફરી ચુલા વાસ્તે તજવીજ કરતાં કરતાં મરી ગએલા ઊંટના ઢેકા પડ્યા હતા તે લાવીને ચુલો કર્યો. પાસે એક કુતરાના માથાની ખોપરી પડી હતી તે આણી સાફ કરી તેમાં પોતાની પાસેનો નીચ ખોરાક રાંધવા મુક્યો અને પાણી રેડી આસપાસના કાંટા ઝાંખરાં લાવી બળતુ સળગાવ્યું. ઢાંકવાને વાસ્તે પાસે કાંઇ ન હોવાથી આસપાસ તજવીજ કરતાં એક સુકું ખાસડું મળી આવ્યું તે લાવીને પેલી ખોપરી ઉપર ઢાંક્યું અને પાસે બેઠી. આ બધી ચર્ચા પેલો બ્રાહ્મણ જોતો હતો તે જોઇને કંટાળાની સાથે આશ્ચર્ય પામીને ચાંડાળણીને પુછવા લાગ્યો કે અરે દુષ્ટ! તુ જાતે ચાંડાળ, તારો ચુલો, વાસણ અને ખોરાક તે સર્વે અપવિત્ર છતાં તેના ઉપર કંઇથી રઝળતું રખડતું ખાસડું લાવીને ઢાંકવાનું કારણ શું છે? પેલી ચાંડાળણીએ જવાબ આપ્યો કે મહારાજ! આ મારો ખોરાક છે, તેને તમે નંદો છો કેમ? મેં ખાસડું એનાપર એટલા માટે ઢાંક્યું, કે આ મોટો ઘોરી રસ્તો છે માટે કોઇ જતું આવતું અધમાધમ હોય, તો તેના પગની રજ ઉડે અથવા તેનો પડછાયો આ મારા ખોરાક ઉપર પડે તો તે સઘળું હરામ (અપવિત્ર) થઈ જાય.

બ્રાહ્મણે કહ્યું જે અરે ! તારાથી કોઈ વધારે પાપી હશે ખરૂં કે ? ચાંડાળણી બોલી હા મહારાજ. જે માણસ પોતાની દીકરીનો પૈસો લઈ આ રસ્તે થઈને જતો હોય, તેના પગની રજોટી ઉડે અને તે મારા ખોરાકમાં પડે તો તે ખોરાક રદ થઈ જાય માટે અમારાથી તેઓ હજાર દરજ્જે નીચ છે. મારા ગુરૂએ કાલેજ કહ્યું હતું કે દીકરીનો પૈસો લેનારા છે તેઓ બીજાં અનેક પાપ કરનારા કરતાં પણ અધમ છે. આ સાંભળી બ્રાહ્મણ ચકિત થઈ ગયો અને મનમાં કલ્પાંત કરી લાવેલા રૂપિયા પાછા આપવાને પાછો વળ્યો. જેને ઘેરથી રૂપિયા લાવ્યો હતો તેને તેના પાછા આપ્યા. તેથી પેલા આપનારના (વરના બાપના) મનમાં એમ આવ્યું કે આ બ્રાહ્મણ લોભીઓ છે. એને કોઈએ વધારે આપવાની લાલચ બતાવી હશે માટે આજને આજ રૂપિયા પાછો લાવ્યો છે. તેથી તેણે તેને કહ્યું કે ભાઈ ! આ તમે શું કર્યું ? તમારે જોઈએ તો બીજા હજાર પાંચસો ઠરાવ કરતાં વધારે લ્યો, પણ અમારે અહીંથી વિવાહ ભાગી બીજે ઠેકાણે થાય નહીં. એમ કરવાથી તો અમારી આબરૂ જાય. પેલા બ્રાહ્મણે ઉત્તર આપ્યો કે હવે મારે એક દમડી પણ જોઈતી નથી. તેમ હું બીજા કોઈની પાસેથી વધારે નાણું લેવાની લાલચે રૂપિયા પાછો લાવ્યો પણ નથી. મેં તો એક ચાંડાળણીના બોધરૂપી વચનો સાંભળી કરેલા ક્રિયમાણનો અત્યંત ખેદ થવાથી આમ કર્યું છે. માટે તમારા દીકરાને શુદ્ધ મહુરત જોઈ ઉઘલાવીને આવજો. હું મારી શક્તિ પ્રમાણે કંકુને કન્યા આપી પગે લાગીશ. મારે તો હવે તમારી એક પાઈ પણ જોઈએ નહીં. આવી રીતે દૃઢ નિશ્ચય કરી પોતાને ઘેર આવ્યો ને પોતાની સ્ત્રીને વિતેલી સર્વ હકીકત કહી.

સ્ત્રી અને પુરૂષ સંપીલાં અને એક બીજાના ઉપર પ્રેમવાળાં હતાં તેથી એક મત થઇ ઠરાવેલે મહુરતે કંકુને કન્યા કૃષ્ણાર્પણ કર્યાં; અને એવી રીતે કન્યાદાન દઈ પોતાનો અને પોતાના પુર્વજોનો ઉદ્ધાર પ્રાપ્ત કર્યો. ભાવાર્થ એ જે આ દ્રષ્ટાંતથી કન્યા વિક્રય કરનારા જનો ચાંડાળથી પણ ઉતરતી પંક્તિના ઠરે છે.

આ બ્રાહ્મણે ચાંડાળણીનાં વચનથી પશ્ચાતાપ પામીને વિક્રયવડે મેળવેલું ધન ત્યાગ કીધું અને શાસ્ત્રોક્ત કન્યાદાન દીધું. નીચ કામ કરનાર ચાંડાળણી જાતે નીચ, અને તેનો જે ખોરાક હતો તે તેથી પણ નીચ હતો. તેમ છતાં તેવા ખોરાકને કન્યા વિક્રય કરનાર પાપીના પગની ધુળ અડે કે તેવાનો પડછાયો પડે તો પોતાના નીચ ખોરાકને ચાંડાળણીએ પણ ધિકકાર્યો ત્યારે કન્યા વિક્રય કરવામાં કેવું નીચ કર્મ અને ભયંકર પાપ છે તે સ્પષ્ટ સમજી શકાય છે.

ઉત્તમ કેળવણી પામેલા હે સ્વદેશી ભાઇઓ! તમે સદ્‌ગુણ ધારણ કરીને તમારાં અજ્ઞાન અને વહેમી માબાપોને આવા નીચ કર્મના દોષ દર્શાવો, તેમ કરવાને ના પાડો, પોતાના કુટુંબનું રક્ષણ કરો અને પોતાની શ્રેષ્ટતા બતાવી તમારા તથા સુધારાના નામને ઝાંખ ન લાગવા દો. જે કામ કરવા તમો પહેલ વહેલા મેદાન પડો તેને સારૂ એવી અરજ છે કે શુભ કામ કરવાને દૃઢ વિશ્વાસથી વળગી રહેજો. જેથી સર્વાંતર્યામી પાલણ કરનાર પરમેશ્વર તમોને સુખી કરશે.

આ ચાલ શાસ્ત્ર વિરૂદ્ધ છે. કારણ કે શાસ્ત્રમાં ૮ પ્રકારના વિવાહ કહેલા છે, તેમાં દ્રવ્ય લઈ દીકરીનું દાન આપવું તેને આસુર વિવાહ કહેલો છે અને એવું કામ કરનારને (પૈસા લઇ દીકરીનું દાન દેના-

રને) સૌથી નીચ ગણેલો છે. વળી સમજુ લોકો તે કરનારની (કન્યાનું દ્રવ્ય લેનારનો) બદબોઇ કરે છેં અને ફિટકાર આપે છે. .તેથી તે લોક વિરૂદ્ધ પણ છે, એમ સ્પષ્ટ માલમ પડે છે તો તે બંધ કરવોજ જોઇએ. આ ચાલ, એક ઉપર બીજી સ્ત્રી પરણવાનો તથા બાળલગ્નના રિવાજો બંધ થવાથી પણ નાબુદ થઈ શકે અથવા જો નાતગોરો બંધ કરવા ધારે તો તેથી પણ બંધ થાય. કારણ કે તેઓ કન્યા પરણાવતી વખતે કન્યાની માની પાસે **मयादत्ता**, બાપની પાસે **मयापिदत्ता** અને વરરાજા પાસે **प्रतिगृहणामि** કહેવડાવે છે. આનો અર્થ કન્યાનાં માબાપને તેમજ પરણનારને સમજાવતા નથી. જો સમજાવવામાં આવે તો મોટી ઉમરના વરરાજા પૈસા આપી કદી પણ કહે નહીં કે **प्रतिगृहणामि** એટલે મેં કન્યાનું દાન લીધું.* પૈસા લઈ કન્યાદાન દેવું તે દાન કહેવાયજ નહીં. એ તો કાછીઓ જેમ પૈસો લઇ શાક આપે છે તેવુંજ થયું (એટલે કન્યા પૈસા લઇ વે-

* ભરૂચની કાયસ્થ જ્ઞાતિમાં એક પુખ્ત ઉમરના વરરાજાને ગોરે **प्रतिगृहणामि** બોલવાનું કહ્યું, પણ તેણે તે પ્રમાણે કહ્યું નહીં ને ગોરને કહ્યું કે "હું એવું નહીં બોલું. મને કંઈ કંકુને કન્યા આપી નથી." તોપણ ગોરે તેને ફરીથી ઉપર મુજબ બોલવાનું કહ્યું, ત્યારે તેણે કહ્યુ કે "**बंदा खरीद कर के लेता.**" ગોરે કહ્યું "**प्रतिगृहणामि** બોલ્યા વિના નહીં ચાલે." પણ વરરાજાએ તો તેવું જુઠું બોલવાની સાફ ના કહી. તેથી વાત ચર્ચાઇ અને કન્યાના માબાપે દીકરીના પૈસા ખાવા લીધાનું અત્યાર સુધી છાનું રાખ્યું હતું તે જ-

ચાલી આપી એવુંજ થયું) અને તેથી નાતગોરોએ પણ એવું કહે- વડાવનું જોઇએ નહીં. કારણ કે એવું કહેવડાવી તેઓ પાપ પોતાને માથે વહોરે છે. માટે કન્યાના પૈસા જેણે ખાવા લીધા હોય તેની પાસે **मयादत्ता** હું કન્યાનું દાન આપું છું એમ બોલાવવુંજ ન જો- ઇએ. ટુંકામાં નાતગોરો એવો બંદોબસ્ત કરે કે જે દીકરીનું દ્રવ્ય લેશે તેની કન્યા અમે પરણાવીશું નહીં, તો આ રિવાજ બંધ થાય. કેટલીક નાતોવાળા કન્યા વિક્રય કરનારને નાત બહાર મુકે છે અને તેમનો દંડ કરે છે તોપણ જો નાતગોરો બંદોબસ્ત કરે તો એ ચાલનો પગ ટકવો મુશ્કેલ થઇ પડે. આ બાબત નામદાર અંગ્રેજ સરકાર, જેમ તેણે આફ્રિકામાં ચાલતા ગુલામના ધંધા વિષે દયા ખાઇ એ ધંધો બંધ પડાવ્યો તેમ દ્રવ્ય લઇ દીકરીઓને ગુલામ માફક વેચનાર લોકોને સજા કરે તો આ રિવાજ નાબુદ થાય.

કન્યા વિક્રય અટકાવવા થયલા ઠરાવઃ—

૧. આખા ભરતખંડમાં વિખરાએલી બાજ ખેડાવાળની નાત સમસ્તે આ ચાલ અટકાવવા કરેલા ઠરાવઃ—(૧) કન્યા વિક્રયનો અધમ અને પાપિષ્ટ ચાલ જ્ઞાતિ સમસ્તે બંધ કર્યો છે. (૨) આ ઠરાવ તો- ડનારને માટે નીચે મુજબ શિક્ષા ઠરાવી છે. **अ.** કન્યા વિક્રયની રકમ લેનારને બે વર્ષ સુધી નાત બહાર મુકવામાં આવશે. ત્યાર બાદ લી-

---

હેર થયું. આથી બીજા લોકોએ તેમને ઘણો ઠપકો આપી કહ્યું કે "દીકરીના લીધેલા પૈસા પાછા આપી દો, નહીં તો આબરૂના કાંકરા થશે." કન્યાના માબાપ સમજી ગયાં અને લીધેલા પૈસા પાછા અપ્યા ત્યારે વરરાજાએ કહ્યું કે **प्रतिगृह्णामि** એટલે મેં કન્યાનું દાન લીધું.

લેલી રકમથી બમણો દંડ લેવો. તે ન આપે તો દંડ આપતા સુધી તેને નાત બહાર રાખવો. ब. કન્યા વિક્રયની રકમ આપનારને એક વર્ષ સુધી નાત બહાર મુકવો. ત્યાર બાદ આપેલી રકમ જેટલો દંડ આપે. તે ન આપે તો દંડ આપતા સુધી તેને નાત બહાર રાખવો. क. કન્યા વિક્રય કરવામાં મદદ કરનાર (વેવીશાળીઆ વગેરે) અને પાછળથી તેની કુમક કરનાર સાગ્રીતોમાંના દરેકને છ માસ નાત બહાર મુકવો. બાદ વર પક્ષે આપવાના દંડથી અર્ધો દંડ આપે. તે ન આપે તો દંડ આપતા સુધી તેને નાત બહાર રાખવો. अ અને ब પ્રમાણે થયલી સજાના દાખલા:— સુરતના સલુણના રહેનાર ઠાકોર પ્રેમાનંદ રામચંદ્રે નાતનો ધારો તોડી કન્યા વિક્રય કર્યો, તેથી સલુણની ખેડાવાળની નાતે તા. ૧૮–૫–૮૭ ને રોજ ૨ વર્ષ નાત બહારની અને રૂ. ૨૯૮ના દંડની (રૂ. ૧૪૯ કન્યા વિક્રયના લીધેલા તેથી બમણા રૂ. ૨૯૮) અને તે ન આપે તો આપતા સુધીની બીજી વધારે મુદત નાત બહાર રાખવાની શિક્ષા કરી અને ખેડાવાળની નાતનાં તમામ ગામોને ખબર આપી. નડીઆદના રહેનાર દવે મુળજી ગલુજીએ નાતનો ધારો તોડી કન્યાના બાપ ઠાકોર પ્રેમાનંદ રામચંદ્રને રૂ. ૧૪૯ ખાવા આપ્યા તેથી નડીઆદની નાતે તા. ૧૮–૫–૮૭ ને રોજ ૧ વર્ષ નાત બહારની તથા રૂ. ૧૪૯ના દંડની અને તે ન આપે તો આપતા સુધીની બીજી વધારે મુદત નાત બહાર રાખવાની શિક્ષા કરી અને ખેડાવાળની નાતનાં તમામ ગામોને ખબર આપી. ૨. ઔદિચ્ય બ્રાહ્મણની ટોળક જ્ઞાતિએ પણ બાજ ખેડાવાળની નાતને ઘણે ભાગે મળતાજ ઠરાવો કર્યા છે. ૩. ઉંઝાની હજામ તથા તરગાળા (નાયક) જ્ઞાતિ સમસ્તે કન્યા વિક્રય ન કરવાની તા. ૩૦–૧૨–૯૫ને રોજ

પ્રતિજ્ઞા લીધી હતી. ૪. મથુરાંના વૈશ્ય લોકોએ કન્યા વિક્રય ન કરવાનો ઠરાવ કર્યો છે. ૫. સુરતના દશા અડાળજા મોઢ વાણીઆ અમદાવાદીમાં તથા જામનગરની અને પોરબંદરની મોઢ જ્ઞાતિમાં આ રિવાજ બિલકુલ નથી. મહારાષ્ટ્રના વડા ધર્મગુરૂ આચાર્ય પણ કન્યા વિક્રય તરફ ધિક્કાર બતાવે છે.

રોવા કુટવાની ઘેલાઇ.

આ ચાલ વૈદકશાસ્ત્ર પ્રમાણે શરીરને નુકશાનકર્ત્તા છે:—રોવાથી આંખની તેજી ઘટે છે. વખતે આંખ આંધળી, કાંણી, બાડી કે ફુલાંવાળી થાય છે. કુટવાથી છાતીમાં લોહીનાં કાળાં ચામઠાં પડે છે અને પાછળ કુટનારી બાઇડીઓના અફળાવાથી કુટાવાથી તેઓને લોહી નિકળે છે. એટલુંજ નહીં પણ મૂત્રાશયમાં બિગાડ થઈ પેશાબ બંધ થાય છે ને તેથી જીવ પણ જાય છે. છાતીને કુટવાથી તે ઠેકાંણે લોહીની વહેવાની ગતિ બંધ થાય છે, નસો ચગદાઈ જાય છે અને તે ઠેકાંણાનું લોહી ખરાબ થઇ જઇ પાછું શરીરમાં પ્રસરે છે તેથી ગાંડે ગુમડાં, સોજા અને રસ વિકાર વગેરે થાય છે. તે ઠેકાંણે લોહીનુ આવવું બંધ થવાથી થાનમાં રોગ પેસે છે અને ધાવતાં છોકરાંવાળી બૈરીઓ છોકરાંને થાને વળગાડે છે કે તેઓને કંપારીના તથા ફેફરાના આજાર થાય છે ને તેઓ મરી પણ જાય છે. ગર્ભવંતી સ્ત્રીઓને અધુરે જાય છે અથવા છોકરાં જણે છે તે રોગી અને ખોડવાળાં થાય છે. મનને હદ કરતાં વધારે શ્રમ આપવાથી તનની શક્તિ ઘટે છે, પાચન શક્તિ ઓછી થાય છે,

કામ કરવાનો ઉત્સાહ રહેતો નથી, જ્ઞાનતંતુઓ નબળા પડી જાય છે, ક્ષય રોગ ઉત્પન્ન થાય છે અને છેવટે અકાળ મૃત્યુ થાય છે.

ધર્મશાસ્ત્ર તથા પુરાણના પ્રમાણોથી ઉલટો છેઃ-**મનુસ્મૃતિમાં** આંસુ તથા વિલાપ એ બેથી મોકળા રહેવાનું તથા ભીને લુગડે રહેવાની તથા શોક કરવાની મના કીધી છે. **ભગવદ્ ગીતામાં** પણ શોક ન કરવા વિષે કહેલું છે કે હે અર્જુન! તું જેનો શોક કરવો યોગ્ય નથી તેનો શોક કરે છે અને વળી હું પંડિત છું એમ વાદ કરે છે. પણ પંડિત કંઈ મુઆનો કિંવા જીવતાનો શોક કરતા નથી. **પંચોપાખ્યાનમાં** લખ્યું છે કે જે વસ્તુનો નાશ થયો, જે માણસ મરી ગયું અને જે વાત થઈ ગઈ તેનો શોક પંડિતજન કરતા નથી. પંડિતમાં અને મૂર્ખમાં એટલોજ ફેર. સઘળાં વાનાં કોઈ સમયે નાશ પામવાનાં માટે તેનું દુઃખ કરવું નહીં ને જે મનુષ્ય કરે છે તેને કંઈ લાભ થતો નથી. **ધર્મશાસ્ત્ર મિતાક્ષરામાં** લખ્યું છે કે મુઆની પછવાડે તેનાં સગાંવહાલાં રડીકુટીને આંસુ તથા લીંટ પાડે છે તે મરનાર પ્રેત ખાય છે. કારણ કે તે પોતાને વશ નથી. એ માટે મુઆની પછવાડે રોવું કુટવું નહીં. **ગરૂડ પુરાણના** અધ્યાય ૬ ઠ્ઠામાં લખ્યું છે કે ચિતા છાંટ્યા પછી તો આંસુ નજ પાડવાં. કેમકે જો મરનારનાં સગાં આંસુ તથા લીંટ નાંખે છે તો તે ગંદુ મરનારને ખાવું પડે છે. વળી રૂદન કીધાથી નિત્ય કર્મનો લોપ થતાં ઘણાં પાપમાં પડાય છે ને તેમાંથી મુક્ત થવાને ઘણાં પ્રાયશ્ચિત્ત કરવાં પડે છે. એ ઉપરથી માલમ પડે છે કે અશ્રુપાત વગેરેથી કલ્પાંત કરી પાપમાં ન પડવું. "શોકનાં ઠેકાણાં હજારો છે ને ભયનાં સ્થાન સેંકડો છે માટે એવા જો શોક કરીએ

તો દહાડે દહાડે વિવેક બુદ્ધિ ઘટે, મૂઢપણું આવે ને ડહાપણ જતું રહે. મૂઢને શોક નડે છે; પંડિતને નડતો નથી.

ઉપલાં પ્રમાણોથી જોતાં સ્પષ્ટ જણાય છે કે મુઆ પછવાડે રોવા કુટવાની સાફ મના છે. માટે હે સ્વદેશી, બંધુઓ! રડવા કુટવાનો દુષ્ટ ચાલ કહાડી નાખો, શબ (મડદા) ને હાવકી રીતે અવલ મજલે, પહોંચાડો અને મુઆ પછવાડે શોક કરી જીવ બાળી બાળી સંસાર કામ કરવાની બેપરવાઇ ન રાખો. કારણકે મુંઉં તેતો છુટ્યું, તેણે આ પ્રપંચી દુનિયાં છોડી અને તે બીજી દુનિયામાં ગયું. હવે તેને માટે આપણે શું કરવા શોક કરવો? આપણે આપણા દેહનું સાર્થક કરવું બાકી રહ્યું તે કરવું. વૈરાગ્યના અગણિત દાખલાઓથી જણાય છે કે મુઆ પછવાડે શોક કરવો એ મૂર્ખાઈ છે અને આપણો અમુલ્ય સમય મિથ્યા જાય છે. મરણ થતા પહેલાં અને થયા પછી રોવા કૂટવાથી કલ્પાંત ન કરતાં પ્રભુની અકળ ગત તથા અકળ શક્તિને સંભારવાં. વળી મનુષ્ય દેહ કાચનાં ઠીચકાં જેવી, તરત ભાગી જાય તેવી અને સમુદ્રના ક્ષણ ભંગુર ફીણ સરખી છે. માટે એવી દેહને જે નિત્ય છે એમ સમજે છે તેને મૂર્ખ જાણવો. કારણ કે જે સર્વ નીચાં છે, તેનો નાશ થાય છેજ, ને જે ઉંચાં છે તે પડેજ છે વળી મરણ આગળ માણસ માત્ર નિરૂપાય છે. તેથી સગાવહાલાઓનો ધર્મ એ છે કે તેની ઔષધ ઉપચારથી બને તેટલી ચાકરી કરવી, તેનું મન દુષ્ટ ધ્યાનમાં પેસવા દેવું નહીં અને ધર્મ કથાઓ વગેરે ચાલુ રાખી તેનું મન નિર્મળ રાખવું. કેટલાક મૂર્ખો ઉપર પ્રમાણે ન કરતાં રડવા કુટવા મંડી જાય છે અને બિલકુલ ધીરજ રાખતા નથી. તેથી કરી મરનારનું ચિત્ત તદન ડોળાઇ જાય છે,

તેના દુઃખમાં વધારો થતો જાય છે અને મરતી વખત તેનો જીવ જેમાં રહી જાય છે તેને પેટે તેને (ભુત, બ્રહ્મરાક્ષસ, સર્પ ઇત્યાદિનો) અવતાર લેવો પડે છે. માટે માણસે કોઇના પછવાડે શોક ન કરતાં ભગવાનના ગુણ ગવરાવવા અને આપણું જીવતર થોડું છે માટે પુણ્યનાં કામો કરીને મોતની સામે થવાને તૈયાર રહેવું કે પછી તેને કોઇ વાતનો ભય રહે નહીં. પુરૂષોએ આ નઠારા ચાલના ગેરફાયદા પોતાના મનમાં સમજી પોતાની સ્ત્રીઓને રૂડી રીતે સમજાવી જેમ બને તેમ આ ચાલ કહાડી નંખાવવો જોઇએ. આપણે આ સંસારમાં નાના પ્રકારનાં નિરપરાધી અને નિર્વિકારી કામો કરી ઇશ્વર ભજનનું સુખ ભોગવવાને જન્મ્યા છીએ અને વગર કારણે હાથે કરી ખરાબી કરા લેઇ દુઃખ પામવાને સરજ્યા નથી માટે આપણી જે જે ફરજો છે તેને ન વણસાડી નવી દુનિયામાં સુખ પામવાને લાયક થવાની આપણે સઘળાઓએ તજવીજ રાખવી.

આ ચાલ વૈદકશાસ્ત્ર પ્રમાણે શરીરને નુકશાનકર્ત્તા અને ધર્મશાસ્ત્ર પ્રમાણે ધર્મ વિરૂદ્ધ છે એમ ઉપર કહી ગયા. વળી બીજી સુધરેલી કોમના લોકો પણ આ ચાલને હસી કાઢે છે, તેથી જણાય છે કે તે તજવા જેવો છે અને તે બંધ કરવાથી કોઇને ગેરફાયદો થાય તેમ નથી તો આ ચાલ બંધ થવો જોઇએ. લોકો મરણ પ્રસંગે ગરૂડ પુરાણ બેસાડે તો આ ચાલ બંધ થાય. બ્રાહ્મણો, જેમ બીજી કથાઓ કરે છે તેમ ગરૂડ પુરાણની કથાઓ કરી લોકોને શાસ્ત્રમાં બતાવેલા પાપની સમજણ પાડે તો તેથી પણ બંધ થાય. અંગ્રેજ સરકાર પણ સરીઆમ રસ્તા ઉપર તેમજ પોળોમાં કુટવાની બંધી કરે તો તેથી પણ આ ચાલ થોડો નાબુદ થઇ શકે.

વીસા શ્રીમાળી વાણીઆની નાતમાં મી. વીરચંદ ગાંધીના પિતા રાઘવજીએ રડવા કુટવાનો ચાલ પોતાને ઘેરથી સદંતર બંધ કર્યો હતો. વડોદરામાં એક સારા ઘરમાં મરણ થયું હતું ત્યારે તેને ઘેર રડવા કુટવા આવનારી સ્ત્રીઓને માળા આપી કહેવામાં આવ્યું હતું કે પ્રભુનું નામ લઇ અવતાર સફળ કરો. (જુઓ. મી. વીરચંદ ગાંધી કૃત રડવા કુટવાની હાનિકારક ચાલ વિષે નિબંધ પાનું. ૨૬) મુંબાઇના કપોળ વાણીઆની નાતના શેઠ વરજીવનદાસ માધવદાસે મરણ પ્રસંગે સ્ત્રીઓ જાહેર રસ્તામાં ઉભી રહી બિનમહલાજે રડતી કૂટતી, તે રિવાજ એ શેઠને અયોગ્ય તેમજ હાનિકારક લાગવાથી તેનો અટકાવ કરવાને યોગ્ય ઉપાય લઇ બંદોબસ્ત કર્યો હતો. એ સુધારો હવે એ નાતનાં બીજાં કુટુંબમાં પણ પ્રસરવા માંડયો છે.

રોવા કુટવાનો ચાલ નીચલી નાતોએ બંધ કર્યો છેઃ-

અમદાવાદના વીસાલાડ, વીસા અડાળજા મોઢ તથા વીસા પોરવાડ વાણીઆની નાતોએ અને વીસા પોરવાડ શ્રાવક તથા દશા શ્રીમાળીની નાતોએ બંધ કર્યો છે. ઓરપાડ તાલુકાના માસમાં ગામે કોળી લોકોએ રડવા કુટવાનો ચાલ નાબુદ કરવાનો ઠરાવ કર્યો છે.

કજોડાં વિષે.

જે કન્યાને કન્યાથી નાની ઉમરના, ઘરડા, નપુંસક, મટી ન શકે એવા રોગવાળા, આંધળા અને લંગડા આદિ ખોડવાળા પુરૂષ સાથે પરણાવવામાં આવી હોય તો કજોડું કર્યું કહેવાય છે. ઉપર જણાવેલા પુરૂષ સાથે પરણાવવાથી કન્યા વ્યભિચારી થાય છે, બા-

પ તથા સસરાનું નામ બોળેછે, લોકમાં બેઆબરૂ થાયછે અને પુરૂષોના જીવનું જોખમ થાય છે. કન્યાને નાનપણમાં સરખે સરખી વયના પુરૂષ સાથે પરણાવવાથી પણ મોટપણે કજોડું પડે છે.‡ કદાચ કજોડું નથી પડતું તો નાની ઉમરમાં છોકરાંનાં માબાપ થાય છે, તેથી તંદુરસ્તી બગડતાંની સાથે આખો જન્મારો બગડેછે. માટે ઉપર જણાવેલા પુરૂષ સાથે કન્યાનાં લગ્ન કરવાં નહીં અને કન્યા કરતાં પુરૂષ ઓછામાં ઓછાં ૫ થી ૯ વર્ષે મોટો અને ભણેલો જોવાથીજ ફાયદા છે.

બાળલગ્ન, કન્યા વિક્રય તથા એક ઉપર બીજી સ્ત્રી હેવાના રિવાજો બંધ થાય તો કજોડાં ઘણે ભાગે ઓછાં બને.

કજોડાં અટકાવવા થયલા ઠરાવઃ—

આખા ભરતખંડમાં વિખરાએલી બાજ ખેડાવાળની સમસ્ત નાતે તથા વડોદરા મહાજનના તાબાની તમામ નાતોએ વરની ઉમર હમેશાં મોટી રાખવાના ઠરાવ કર્યા છે. મથુરાંના વૈશ્ય લોકોએ પણ કજોડાં બંધ પાડવાનો ઠરાવ કર્યો છે.

* મરણ પાછળ જમણવાર.

નાત એ એક ટોળી (ધંધાનું મહાજન) છે. કારણકે ઇતિહાસ ઉપરથી એવું માલમ પડે છે કે આપણા દેશની વસ્તીનો

‡ કજોડું પડવાથી સ્ત્રીઓ પણ કુવો હવાડો યા આપઘાત કરે છે.

* આ નામનું પુસ્તક ગાંધી ત્રીકમલાલ બાપાલાલ તરફથી બહાર પડેલું છે. કિંમત ૪ આના. ટપાલ ખર્ચ ૦॥ આનો.

મોટો ભાગ અસલના વખતમાં વાયવ્ય (North–West) દિશા તરફથી આવી વસેલા લોકોનો વંશ છે. જે લોકો પ્રથમ આવી વશ્યા તેઓ **આર્ય** કહેવાયા અને ધંધા અથવા કામ મુજબ [1]**બ્રાહ્મણ**, [2]**ક્ષત્રી**, [3]**વૈશ્ય**, અને શૂદ્ર એ રીતે ચાર તફા બંધાયા. જેમ જેમ વસ્તી વધતી ગઇ અને તેઓ દૂરના પ્રદેશમાં ફેલાતા ગયા, તેમ તેમ તેમના તફાના આગ્રેના લોક સાથેનો સબંધ ન પરવડવાને લીધે તૂટતો ગયો. એ રીતે મૂળ તફામાંથી જુદા મૂલકમાં વસવાથી સબંધ તૂટ્યાને લીધે, જૂદા જૂદા ધંધા કરવાને લીધે અને માંહોમાંહેની ફાટફૂટ વગેરેથી હાલની સેંકડો નાતની ઉત્પાતી થઇ છે. હાલ પણ આપણા જોવામાં આવે છે કે હરકોઇ નાતમાં તડાં પડે છે ત્યારે પ્રથમ જમણવારો કરે છે અને જેને જે તડમાં ભળવું હોય તેમાં તે જમવા જાય છે. એ રીતે પ્રથમ જમણવાર કરી છુટા થયા પછી પોતાની ટોળીનો સબંધ જાળવી રાખવા ખાતર તથા તે ટોળીમાં ઘણા જણ પોતાના સગાવહાલા હોવાથી તથા ઘણા જણ પોતાના સબંધના અને પોતાના સુખ-દુઃખમાં ભાગ લેનારા હોવાથી તે સઘળાને ખુશીને અવસરે પોતાની સાથે જમવા તેડવાનો ચાલ સ્વાભાવિક વલણથીજ શકિતવાન લોકોથી નિકળેલો; તેમજ મરણને અવસરે પણ ધર્મશાસ્ત્ર પ્રમાણે બ્રાહ્મણોને તથા લોકાચાર પ્રમાણે મડદું ઉચકનાર ડાઘુઓને (કાંધે લેનારા એટલે કાંધીઆઓને) તેમ સુતકી થએલા પિત્રાઇઓને પોતાને ઘેર જમાડવાની જરૂર જણાયલી, ત્યારે તેની સાથે મરણની દિલગીરી

૧- ૨- ૩ વર્ણના લોક દ્વિજ કહેવાય છે અને તેમને જનોઇનો અધિકાર છે.

વહેલી ટાળવા તથા મરનારના માનની ખાતર પોતાની ટોળીના બાકી રહેલા લોકોને પણ સાથે જમવા બોલાવવાની કોઇ કોઇને ઇચ્છા થઇ આવેલી અને એ રીતે વધતાં વધતાં હાલના જેવો દુષ્ટ રિવાજ કર રૂપે થઇ પડયો.*

* બારીઆ પુનાદરાનાં તેમજ ખેડા મહેમદાવાદનાં સાતે ગામની દશાનાગરની નાતોમાં એવો રિવાજ છે કે જો કોઇને ત્યાં તેરમું (મરણ પાછળ જમણવાર) રહ્યું હોય તો તેને ઘેર બીજા કોઇ પ્રસ્તુતની (લગ્ન અથવા અધરણીની) નાત જમાડવાનો પ્રસંગ આવે અને તેને માટે નાત પાસે રજા માગે તો **પ્રથમ તેરમાની નાત કરાવે** ત્યાર પછી લગ્ન અથવા અધરણીની નાત કે જે કરવાની રજા માગવામાં આવી હોય તે કરવા નાત રજા આપે. આટલાથી પણ ન ધરાતાં પહેલી (બારીઆ પુનાદરાનાં સાતે ગામની દશાનાગરની) નાતે તો વળી હાલમાં એક નવો ઠરાવ કર્યો છે. તે એ કે જેને ઘેર જમણવાર રહે તે વર્ષે દહાડે ૯ રૂપિયા દંડ આપે. આ ઘણું ખરાબ છે. જમણવારનો ખરચ તો માણસની ખુશી ઉપરજ રાખવો અથવા હોવો જોઇએ.

વળી કેટલીક નાતોમાં આ ટાણું (મરણ પાછળ જમણવાર) બીજાં સર્વ ટાણાં કરતાં ખરેખરા **કર** સરખું ગણવામાં આવે છે અને કેટલીકમાં તો તે ઉપર લોકો નથી કરતા તો નાત બહાર મુકવાની અથવા બીજી ધમકી આપી કરાવે છે. ખરેખરી અનીતિ કરનારને કોઈ પૂછતું નથી અને હલકો બાબતુને માટે એ સખત શિક્ષા થાય છે.

એ વગેરે હેતુઓથીજ જમવા જમાડવાનો સંપ્રદાય ચાલુ થ-ગો હોય એમ જણાય છે, પણ જમવું જમાડવું એ હર્ષની નિશાની છે શોકની નહીં. મુઆ પાછળ સારાં મિષ્ટાન્નો બનાવી નાતો જ-માડવી તેથી પુણ્ય પણ નથી. કોઈપણ જુના સદ્ગ્રંથમાં મુઆ પા છળ જમણવાર (તેરમું) કરવાનું લખ્યું જણાતું નથી, તેથી પૂર્વ કાળે એ ચાલ નહીં હોય એમ સાફ માલમ પડે છે. વળી જે મા-ણુસ ગુજરી ગયું હોય, તેના પિત્રાઈ સરખાને સુતકને લીધે અડકાય નહીં અને જો અડકાય તો નહાવું પડે એવી હિંદુ ધર્મશાસ્ત્રની રીત છે તો તેના (મરનારના) ઘરનાં મિષ્ટાન્ન કેમ ખપે? નાતો જ-માડવી એ લગ્ન અથવા તેના જેવા બીજા પ્રસંગે આનંદ આ-પનારો થઇ પડે છે, પરંતુ મરણ પ્રસંગે જે વખતે વહાલાં સગાં-નાં અકાળ મૃત્યુથી તમારા હૃદયમાં કારી ઘા પડેલો હોય, દવા વ-ગેરેમાં પૈસા ખરચી ખાલી થઇ ગયા હો અને જે ઘાથી તમે રી-બાતા હો તે વખતે સગાવહાલાઓને અને નાતના લોકોને મિષ્ટાન્ન જમાડવાં એ કયા પ્રકારના આનંદનું કારણ છે?

મરણ એ કાંઇ નાની સુની વાત નથી. માણુસ મરી ગયું અને લાકડાનો કડકો ભાગી ગયો એ કાંઇ સરખું નથી છતાં મરણ પાછળ જમણવાર એટલા તો જરૂરના થઈ પડ્યા છે કે **બીજા શુભ પ્રસંગો ન સચવાય, *માબાપની**

* માબાપ માંદાં હોય તે વખતે તેમની ચાકરી કરવી જોઇએ તેવી ન કરે અને મનમાં બબડે કે કયારે પરમેશ્વર એમનું પાનું ખોળે અને ગુજરી જાય એટલે આ (ચાકરી કરવાના) દુ:ખમાંથી છુટીએ. પૈસો વપરાય તેને લીધે આવો નીચો વિચાર કરે, પણ

ચાકરી ન થાય અને છોકરાંને ન ભણાવાય તેની દરકાર નહીં પણ દહાડો (મરણ પાછળ જમણવાર) કરવોજ જોઇએ. મરનારના કુટુંબને મનુષ્ય રત્નની હાની થઇ, ભરણ પોષણનો કરનારો ગયો, એ તો જાણે બસ નથી. તેના જાનનો પણ તેણે ભોગ આપવોજ જોઇએ. ખરચવાની શક્તિ ન હોય, ભવિષ્યમાં ભરણ પોષણના પણ સાંસા હોય, તોપણ મરનારનો દહાડો તો કરવોજ જોઇએ એ ક્યાંનું શાણપણું? મૂર્ખ લોકો **"માબાપનું બારમું (તેરમું) અને સ્ત્રીની અઘરણી (સીમંત) એ કાંઇ ફરી ફરીને આવતાં નથી"**+ એવી કહેવત કહી ઉશ્કેરે છે તેથી એવો પ્રસંગ આવે ઘરબાર અને ઘરેણાંગાંઠાં વેચીને અથવા તો ‡કરજ કરીને પણ નાતો જમાડવા લોકો તૈયાર થાય છે.

એમ વિચાર ન કરે કે તેરમું નહીં કરાય તો ચાયલું પણ મારાં માબાપની શેવામાં (ચાકરી કરવામાં) પૈસા વાપરી આશિર્વાદ તો લઉં જેથી મારૂં સારૂં થાય. મંદવાડ વખતે ચાકરી ન કરાય અને તેમના મરણ પાછળ ઘરબાર વેચીને યા તણાઇ મરીને તેરમું કરવામાં નાણાં ખરચાય એ વ્યાજબી નથી.

+ આ શિવાય ઉશ્કેરણી વિષેની વધુ હકીકત માટે જુઓ "મરણ પાછળ જમણવાર" નામનું પુસ્તક પૃષ્ટ ૯ થી ૧૧. ઉપર પ્રમાણે ઉશ્કેરણી કરનારામાંના પણ પોતાને ઘેર એવો પ્રસંગ આવે જમણવાર કરતા નથી.

‡ કરજ વિષે હિંદુ શાસ્ત્રમાં લખ્યું છે કે કરજદાર સદા સૂતકી (અપવિત્ર) છે, માટે મરનારની ક્રિયા ઉપર કરજ કરવું નહીં. કારણ કે એવા સૂતકીની જોડે જમવા બેસવાથી પ્રાયશ્ચિત કરવું

દહાડા માટે નાતવરા કરવા એ એક નાતનો ધારોજ જાણે થઈ પડયો હોયની ? સરકારના કરમાંથી સરકારને અરજ કરીને પણ છુટી શકાય, પરંતુ આ રિવાજે તો એટલું ઉંડું ઘર ઘાલ્યું છે કે તેમાંથી છૂટી શકાતું નથી. ધિક્કાર છે એવા રિવાજને! અને સહસ્રવાર ધિક્કાર છે એવા રિવાજને વળગી રહેનારને ! ! શક્તિ હોય કે ન હોય તોપણ નાતીલાઓને જમાડવાજ પડે એ શું ઓછું દુઃખદાયક છે ? ધણીના મરણ પાછળ રાંડીરાંડ પાસે તેનાં ઘરેણાંગાંઠાં વેચાવીને યા દેવું કરાવીને પણ દહાડો કરાવવો એ શું જુલમ નથી? મરનારના કુટુંબીની આંખોમાંથી ચોધાર આંસુ ચાલ્યાં જતાં હોય અને મ્હોં પણ ઉંચુ કરી શકતા ન હોય તે વખતે નાતીલાઓ મિષ્ટાન્ન ઉડાવે એ તેમને શું ઓછું શરમાવનારૂં છે ? અને જે ઠેકાણે લોકો શોકમાં ગરક થયા હોય તે ઠેકાણે **નાતીલાઓ હર્ષનાં ચિન્હ ધારણ કરે**† એ **શું** તેમને ઓછું નામોશી ભરેલું છે ? પણ કેટલાક લોકો કહે છે કે "**અમે કયાં કહેવા જઈએ છીએ કે તમે દહાડો કરો. દહાડો નથી કરતા તેને કાંઈ નાત સજા કરતી નથી તેમજ દહાડો કરવાની કોઇને ફરજ પણ પાડવામાં આવતી નથી.**"* ખરૂં છે કે નાતવરા કરતા નથી તેને

પડે, એમ શાસ્ત્રમાં લખ્યું છે. વળી ધર્મશાસ્ત્રમાં લખ્યું છે કે પતિતનો સંસર્ગ કરવાથી પતિત થવાય છે.

† ઉઘાડે માથે બેશ અબોટીઆં પહેરી, કોટમાં કંઠીઓ ઘાલી, બની. ઠણીને મરણનું જમણ જમવા જાય પણ તેઓ શરમાતા નથી તેમજ તેમને એવાં જમણ ખાતાં કમકમાટી છૂટતી નથી.

* કેટલીક નાતોમાં ફરજ પાડવામાં આવે છે અને દંડની શિક્ષા પણ કરવામાં આવે છે. (જુઓ પૃષ્ઠ ૩૩)

માટે નાત શિક્ષા કરતી નથી, પરંતુ નાતનો સમુદાય નાતના સદ્‌ગૃહસ્થોનો બનેલો છે અને જ્યારે નાતના જુદા જુદા લોકો દહાડો નહીં કરનારને મેણાં મારી જમીનદોસ્ત કરી નાંખે છે, ત્યારે એના કરતાં બીજો વધારે કયો જુલમ? **નાતનાં મેણાંને અટકાવવા** ‡ માટે શક્તિ નહીં છતાં તણાઇને પણ ગરીબ માણસોને મરણ પાછળ જમણવાર કરવા પડે છે. તેથી નાતના દરેક માણસની ફરજ છે કે + **આવા નુકશાનકારક**

‡ નાતના આગેવાનો યા શેઠો, જે લોકો નાત ન કરનારને મેણાં મારે તેનો દંડ કરે અથવા બીજી કંઇ સજા કરે તો તેનો દાખલો લઇ બીજા લોકો મેણાં મારતા અટકે અને ગરીબ માણસો તેરમુ કરવાના બોજામાંથી મુક્ત થાય. વળી કેટલાકનું કહેવું એમ છે કે મેણું એ એક જાતનો તિરસ્કાર છે અને તિરસ્કારની ફરીઆદ સરકાર સાંભળે છે તો તિરસ્કાર કરનાર ઉપર ફરીઆદ માંડવાથી પણ લોકો મેણાં મારતા અટકશે.

+ નુકશાનકારક રિવાજને ઉત્તેજન ન આપનાર અને પોતાની નાતમાં એવા રિવાજ બંધ પાડવાની પહેલ કરનાર બહાદુર ગૃહસ્થોના દાખલા:—

૧. મુંબઇની કચ્છી દશા ઓસવાળની નાતમાં તે નાતના એક જ્ઞાતિલા શા. ત્રીકમજી ખેતસી નળીઆવાળા ગુજરી જતાં તેમના પુત્રે આ કઢંગા જ્ઞાતિ રિવાજ (મરણ પાછળ જમણવાર)ની દરકાર ન કરી, પિતાના મરણ પછવાડે જમણવાર કરવાનું માંડી વાળી, મરનારના ઉઠમણા (બેસણા) વખતે જેમ પારશી વગેરે બીજી કોમોમાં થાય છે અને જેનું અનુકરણ હમણાંજ ભાટીઆ મિત્ર મંડળના કેટ-

રિવાજને બિલકુલ ઉત્તેજન આપવું નહીં, એટલુંજ નહીં પણ એ દુષ્ટ રૂઢિનો પગ સુદ્ધાં પણ પોતાના લાગતા વળગતાઓનાં કુટું-બમાં પેસવા દેવો નહીં. પેઠેલો હોય ત્યાંથી દૂર કરવો અને એ રીતે

લોક સભાસદોએ કરવા માંડયું છે તેમ પોતાના જ્ઞાતિલાઓના લા-ભને માટે એક ફંડ ઉભું કરી તેમણે રૂ. ૧૫૧ ભર્યા તથા બીજા-ઓ તરફથી રૂ. ૧૦૦ ભરાયા. આ પ્રમાણે રૂ. ૨૫૧ ની ભરાયલી રકમમાંથી રૂ. ૧૫૧ કચ્છી ઓસવાળ શુભેચ્છક સભાને વિદ્યાશાળાના કામમાં તથા રૂ. ૧૦૦ નિરાશ્રીત ફંડમાં આપવામાં આવ્યા. આ શ-રૂઆત ઘણીજ સારી થઇ છે. વધારે ખુલાસા માટે "કચ્છકેસરે હિંદ" જુઓ.

૨. સને ૧૮૯૦ માં વીસા શ્રીમાળી વાણીઆની નાતમાં મી. વીરચંદ રાઘવજી ગાંધીએ તેમના પિતાના મરણ પાછળ જમણવાર-નો ખરચ બંધ કર્યો.

૩. અમદાવાદના લેઉઆ કણબીની નાતમાં શેઠ લાલદાસ રાય-જીના હીરાસાએ તેમની નાતમાં ગોયણીઓની નાત જમાડવાનો રિ-વાજ હતો તે પોતાને ઘેરથી બંધ કર્યો અને તેરમુ કરવાની ફરજ હતી તે કાઢી નાંખી ગરીબ લોકોનો આશિર્વાદ લીધો.

૪. અમદાવાદની વીસનગરા નાગરની નાતમાં રા. સા. ચુની-લાલ દલપતરામ કવીશ્વરે સીમંતની નાત બંધ કરી અને નાતનો ખરચ રૂ. ૨૫૦-૩૦૦ થતો હતો તેને બદલે રૂ. ૪૦૦ વિદ્યા વૃદ્ધિ-ના ફંડમાં આપ્યા.

એ રીતે ઉપર જણાવેલા ગૃહસ્થોએ નુકશાનકારક રિવાજને ઉતેજન ન આપ્યું તથા પોતાની નાતમાં બંધ પાડવાની પોતે પહેલ

ગરીબ માણસો ઉપર પડતા બોજાથી તેમને મૂક્ત કરવા.

મરણ પાછળ નાતવરા કરવાનો રિવાજ દૂર કરવો એ ખરેખરૂં જોતાં ગરીબ લોકોનું કામ નથી.† નાતના આગેવાનો યા શેઠીઆઓએ ભેગા થઇને ઠરાવ કરવો જોઇએ કે **કોઇને ઘેર વૃદ્ધ અથવા જુવાન, સ્ત્રી અગર પુરૂષનું મરણ થાય તો તેની પાછળ જમણવાર બિલકુલ કરવો નહીં** અને તેની પહેલ પૈસાદારને ત્યાંથીજ નિકળવી જોઇએ. કારણ કે શ્રીમંતો ગમે તેવા લક્ષાધિપતિ હોય પણ મુઆ પાછળ મિષ્ટાન્નો ઉડાવવાં તે યોગ્યનથી. વળી તેરમું (મરણ પાછળ જમણવાર) બંધ કરવાથી ગેરફાયદા બિલકુલ છેજ નહીં* પણ ઉલટા ફાયદા છે. કારણકે **જો પુરૂષ ગુજરી જાયતો**

કરી તેથી ખરેખર તેમને સાબાશી ઘટે છે અને આશા રાખવામાં આવે છે કે આવા રૂડા દાખલાનું અનુકરણ બીજી નાતોવાળાઓ પણ જરૂર કરશે અને પોતાના જાતિ ભાઇઓનાં દુઃખ ઓછાં કરશે.

આવાજ દાખલા બીજી નાતોમાં તપાસ કરવાથી મળી આવશે.

† કારણ કે જો ગરીબ બંધ કરવાની પહેલ કરે તો તેને તો લોકો તરત કહે કે "મળ્યું નહીં ત્યારે બંધ કરવા બેઠો છે." માટે હરકોઈ રિવાજ બંધ કરવાની અથવા તેમાં સુધારો કરવાની પહેલ જેમ કડવા કણબીમાં રા. બા. બેચરદાસે, દશાનાગર વાણીઆની નાતમાં શેઠ છોટાલાલે, લેઉઆ કણબીની નાતમાં શેઠ લાલદાસ રાયજીવાળાએ, વીસનગરા નાગરની નાતમાં રા. સા. ચુનીલાલે અને વીસા શ્રીમાળીમાં મી. વીરચંદ ગાંધીએ કરી તેમ નાતના આગેવાન શેઠીઆઓ યા પૈસાદારને ત્યાંથીજ નિકળવી જોઇએ.

* જે નાતોમાંથી જુવાનનાં તેરમાં કરવાનો રિવાજ નિકળી

સ્ત્રીને તેના પહલા ઉપર નિર્વાહ કરવાનો એટલે તે બિચારી સુખે દહાડા નિર્ગમન કરે અને જો સ્ત્રી ગુજરી જાય તો પુરૂષને પહલુ બચે, તેથી બીજીવાર પરણવાને શક્તિવાન થાય અથવા ન પરણવું હોય તો રાંધનાર રખાય.

આ ઉપરાંત બીજા ફાયદા:—

છોકરાંને કેળવણી અપાય છે, વેપાર રોજગારને ઉત્તેજન અપાય છે અને નાતનાં, ગામનાં તથા દેશનાં ઘણાં ફાયદાકારક અને પરમાર્થનાં કામો થાય છે.

ઘણીવાર એવું બને છે કે નાતના ધારાનું જથાવાળો, પૈસાવાળો અથવા શેઠીઆનો સગો કે મિત્ર કોઇ ઉલ્લંઘન કરે તો તેને સજા પણ થતી નથી; પરંતુ આવી બાબતમાં શેઠીઆઓએ ધ્યાન રાખવું જોઇએ કે જેથી ધારો તોડનાર તવંગર હોય કે ગરીબ હોય પણ તેને ઘટતે શાસને પહોંચાડી ×**નાતને વ્યાજબી ન્યાય આપવો,** અને આવા દુષ્ટ રિવાજનો પ્રસાર થતો અટકાવવો.

ગયો છે તે નાતના લોકોની તો ખાતરી થઇ છે કે **મરણ પાછળ જમણવારનો દુ:ખદાયક અને હાંસી કરાવનારો રિવાજ સમુળગો બંધ કરવાથી કોઈ પણ જાતના ગેરફાયદા નથીજ** તો આ રિવાજ પોતાની નાતમાં સમુળગો બંધ કરનાર અથવા કરાવનારને કોઇપણ જાતની અડચણ આવે એવો સંભવ નથી. જમવું જમાડવું એ ઉછીના વ્યવહાર જેવું છે તો આવા પ્રસંગે જમવું નહીં અને જમાડવું નહીં એવો ઠરાવ કરવાથી સર્વેને સરખા ફાયદા છે.

× કેટલીક નાતોમાં કેટલાક શેઠીઆઓ લાંચ ખાઈ ગુનેગારને છોડી મુકે છે, તેથી પરિણામ એ આવે છે કે નાતમાં ગુના વધે છે અને

નાતવરામાં જમીને લહાવો લેનારા તથા વાંઝીઆ લોકો કદાચ આ રિવાજ બંધ પડવાથી બેચેન થશે, પરંતુ તે ગણુકારવાનું કંઇ

વખતે તડાં પણ પડે છે. વળી કેટલાક શેઠીઆઓની નાત આમન્યા રાખતી હોય છે, ત્યારે તેઓ અભિમાનમાં છકી જાય છે અને નાતને વ્યાજબી ન્યાય આપતા નથી, તેમજ નાતનો સુધારો કરતા નથી; તેથી નાત નારાજ થાય છે અને નાતના કજીઆ સરકાર દરબાર જાય છે. દાખલા તરીકે **મુંબઇના લાડ વાણીઆની નાતે** તે નાતના **શેઠ** નરોતમદાસ કાનદાસે નાતને વ્યાજબી ન્યાય ન આપવાથી સને ૧૮૯૪માં સદરહુ શેઠ પાસેથી નાતની મિલકત તથા શેઠાઇ વગેરે લેવાને સરકારમાં અરજી કરેલી (જુઓ મુંબઇની ન્યાયાધિકારી હાઇકોર્ટ મધે સાધારણ અસલ દીવાની અધિકાર મુકદમો નંબર ૫૧૮ સને ૧૮૯૪નો) તે કેસનો ફેંસલો તા. ૬-૮-૯૫ ને રોજ થયો તેમાં કોરટે ફરમાવ્યું કે **૧૮૮૯થી પ્રતિવાદી (મુંબઇની લાડ વાણીઆની નાતના જુના પુરાણા શેઠ નરોતમદાસ કાનદાસ) પાસેથી વાદીઓ (મી. ચુનીલાલ મોતીલાલ વગેરે) એ હિસાબ લેવો તથા વાદીઓને સઘળી મિલકત પ્રતિવાદીએ આપવી.** કેસનો તમામ ખર્ચ કોર્ટે એ શેઠ નરોતમદાસ કાનદાસને માથે નાંખ્યો છે. વાદીઓનો ખરચ નાતના ફંડમાંથી અપાવ્યો છે. હવેથી લાડ વાણીઆના સાજનાનું કામ શેઠને બદલે પંચથી ચાલશે.

આ શિવાય નીચે જણાવેલી બીજી નાતોની શેઠાઇ પણ અંગ્રેજ સરકારે બદલાવી છે:-

૧. ૧૮૭૮ માં કંસારાની નાતની શેઠાઇ સર ચાર્લ્સ સારજં-

પ્રયોજન નથી. કારણ કે જ્યારે તેઓ ઘણીવાર નાતોમાં જમીને પોતાનાં કાળજાં ઠંડાં કરશે તો એક યા વધારેવાર તેમને પોતાને ઘેર પણ મરણનો પ્રસંગ આવે નાતો જમાડવી પડશે ત્યારે માલમ પડશે કે નાતો જમાડતાં તો આંખો ઉંચી આવે છે. તેવા લોકોએ સમજવું જોઇએ કે ગરીબ લોકો ઘેર ઘીનો છાંટો ન દેખે, ખાવા પીવાનાં સાધન આજે હોય તો કાલે વળખાં મારવાં પડે અને રાત દિવસ મેહેનત કરી બે પૈસા કમાઈ જેમ તેમ કુટુંબનું ગુજરાન ચલાવતા હોય તેઓના ઘરમાં મરણ થવાથી નાતો જમાડવાની રૂઢિ રૂપ બેડીથી જે દુ:ખ સહન કરવું પડેછે તે તો એક પરમેશ્વરજ જાણે!

ટે બદલાવી છે.

૨. દશા પોરવાડ વાણીઆની નાતની શેઠાઈ બદલાવી છે.

૩. કપોળ નાતની શેઠાઇ તથા મિલકત સર ચાર્લ્સ સારજંટના જજમેંટને આધારે સર મંગળદાસ નથુભાઇને મળી છે.

૪. ભાટીઆ નાતની મિલકતનો વહીવટ કરવાનો હક જુના વહીવટદાર પાસેથી મી. વલભદાસ વાલજીને જસ્ટીસ મી. સ્કૉટે અપાવ્યો છે.

કેટલીક નાતોના અભિમાની શેઠીઆ કે જેઓ એમ કહે છે કે "અમે શેઠ, અમે કહીએ તે ખરૂં અને અમે નાતનું ગમે તેમ કરીએ (નાત બગાડીએ અથવા સુધારીએ) પણ અમારી શેઠાઇ કંઇ જવાની છે? અને અમારી પાસે કોણ હિસાબ માગનાર છે?" તેઓએ ઉપલી બીનાથી શિખામણ લેવીકે જો તેઓ **નાતને વ્યાજબી ન્યાય નહીં આપે તેમજ નાતનો સુધારો નહીં કરે તો તેમની પણ ઉપર પ્રમાણે દશા થશે (શેઠાઈ જશે**

આગળ જણાવ્યા પ્રમાણે ટોળીમાં ઘણા જણ પોતાના સગાવહાલા હોવાથી તથા ઘણા જણ પોતાના સબંધના અને પોતાના સુખ દુઃખમાં ભાગ લેનારા હોવાથી તે સઘળાને ખુશીને અવસરે પોતાની સાથે જમવા તેડવાનો ચાલ સ્વાભાવિક વલણથીજ શક્તિવાન લોકોથી નિકળેલો; એ રીતે જોતાં જમણવારના ચાલની મૂળ મતલબ તો ઘણી રૂડી હતી. તે સગાંવહાલાં તથા ટોળીમાં સંપ રાખવાનું મોટું સાધન હતુ. પણ તેનો મૂળ હેતુ ભુલી જઇ હાલ જોકે તેઓ ભેગા જમે છે ખરા, તોપણ તેથી સંપ વધવાને બદલે ઉલટો કુસંપ વધે છે. ખુશીમાં આવે તો જમણવાર કરવાનો ચાલ હતો તે બદલાઇને હવે તે કર રૂપે થઇ ગયો છે. શક્તિ પ્રમાણે ખરચ કરવાનું હતુ તેને બદલે હાલ ઘરનાં નેવાં વેચીને તથા દેવું કરીને પણ સઘળાની બરોબર ખરચ કરવાનો ઉંધો મમત પેશી ગયો છે. વળી જમણવારનાં ટાણાંની તથા દરેક ટાણાં ઉપર કરવાની જમણવારોની સંખ્યામાં ઘણો વધારો થઇ ગયો છે.* તે-

---

અને કોર્ટનો ખરચ માથે પડશે) એમાં કંઇ શક રાખવા જેવું નથી. વળી તેઓએ યાદ રાખવું કે નાતમાં સર્વેનો સરખો હક છે, કોઈ મોટો નાનો નથી. માટે એવી રીતે વર્ત્તવું કે નાતનું સર્વ પ્રકારે શ્રેય થાય, પરસ્પરના કલેશો મટે અને નાતમાં થતા નકામા ખર્ચો અટકે. નાતનું કામ વધુ મતે પંચ નિમી કરવું અને નાતની વ્યવસ્થાના ધારા સર્વાનુમતે અથવા વધુ મતે બાંધ્યા પછી પંચથી નાતનો કારભાર ચલાવવો. પંચની વ્યવસ્થા પણ જાથુકની ન રાખતાં દર ત્રણ વર્ષે વધુ મતે નવું પંચ નિમવું.

* જુઓ હિંદુ નાતોમાં જમણવાર કરવાનાં ટાણાંની ટીપ.

મજ જમણુવારનું ખરચ પણ ચડસા ચડસી તથા દેખાદેખીથી અ-નીતિ ભરેલી રીતે વધી ગએલું માલમ પડે છે. કારણ કે જ્યારે ‡ ઘંઉ દોઢ મણ બે મણના, ડાંગર અઢી મણ ત્રણ મણની, ગોળ (માટલાનો) પંદર શેર સોળ શેરનો અને ઘી છ શેર સાત શેરનું મળતું ત્યારે જેવા નાતવરા થતા તેવા અથવા તેથી પણ ચઢીઆતા નાતવરા હાલ થાય છે. એથી પહેલાં કરતાં હાલ ચોવણું અથવા વ-ધારે ખરચ થાયછે. **પેદાશ કરતાં ઘર ખરચ વધ્યો અને સોંઘ-વારી પહેલાંના જેટલી નથી** તો જમણુવારનું ખરચ ચાર પાંચ ઘણું કરીએ તે કેમ પાલવે? એનો વિચાર ખરચ કરનાર, નાતવા-ળા તમામ કે મહાજનના શેઠીઆ બિલકુલ કરતા નથી; એથી ઘણા ખરાબખસ્ત થયા છે, થાય છે અને થશે. દરદાગીના ને ઘરબાર વે-ચીસાટીને લોકો ખુવાર થવા લાગ્યા, તોપણ એક રાતના વાળુ પા-છળ સૌ અંજાએલા રહે ને વિચાર કરતા નથી એ ઘણું ખોટું છે. ખેડું, વસવાયાં પ્રથમ અંદર ઘીનો કંસાર, લૂલીઓ (મણે બે ચાર શેર ઘી વાળી લાપશી) મગધાન વગેરે કરી નાત જમાડતા, તેઓ હાલ ખાંડ સાકર ને ઉપર ઘી ઉછાળતા માલમ પડે છે. અસલના રિવાજમાં ઘટાડો થતો નથી અને નવાં ટીંખળ વધતાં જાય છે એ-ટલે ખરચમાં વધારો થઇ લોકો હેરાનગતી ભોગવે છે. દાખલા ત-રીકે **અમદાવાદમાં ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણની જ્ઞાતિમાં સને ૧૮૯૩-૯૪ માં જ્યારે જમણવારો ચાલતી ત્યારે દરરોજનું એક ઘર વેચાતું.*** સને ૧૮૯૫ માં અમદાવાદના કડવા પાટીદાર-

‡ આશરે સંવત ૧૯૦૮-૯ માં આ પ્રમાણે સોંઘવારી હતી.

* આ બાબતની સાબિતી જોઇતી હોય તેમણે અમદાવાદમાં

ની જ્ઞાતિમાં મી. સોમનાથ ભુધરદાસે તેમની માતાના મરણ પાછળ જમણવાર કરવાના ખર્ચમાં આશરે રૂ. ૨૦,૦૦૦ ખર્ચ્યા. **આવી રીતે એક વખતના વાળુ પાછળ ખર્ચેલા રૂપિયાથી કશો ફાયદો થતો નથી.** જો તે ગૃહસ્થે આ રકમ તેમની નાતના તરૂણોને વિદ્યાની કેળવણી આપવામાં અથવા તો દેશની હુન્નરકળા ખીલવવામાં અને તેનો વધારો કરવામાં ખર્ચ્યા હોત તો તેમની નાત તથા દેશને કેટલો બધો ફાયદો થાત ?

ઘણા લોકો ધારે છે કે સારા અને ઘણા નાતવરા કરવાથી આબરૂ વધે છે પણ તે ભુલ ભરેલું છે. કારણ કે ચાર દિવસના મોંઢાની વાહવાહ શિવાય એથી કશી આબરૂ વધતી નથી. એકના પછી બીજાની જમણવાર થાય છે કે પાછલી વિસારે પડે છે. વળી સાધારણ લોકો પૈસાદારના જેવું ખરચ કરે છે તેથી કોઇ મોટો નાનો જણાતો નથી. એક સમે કદાપિ પૈસાદાર વધારે ખરચ કરે તોપણ નાતના લોકો તેનું સારૂં બોલે નહીં તો આબરૂ તો શેનીજ વધે. ઉલટું કહેશે કે **"એમાં શું ? પૈસા હોય તે ખરચેસ તો. નાતને જમાડી તેમાં કોને ન્યાલ કર્યા?"** નાતોની અંદર આજ કાલ અદેખાઇ વધવાથી એક બીજાનું સારૂં દેખી ખમી શકાતુ નથી અને તેથી તેના દુશ્મનો અને પિત્રાઇઓ જમણવારમાં હરેક રીતે અપજશ આવે એવી પેરવીઓ કરે છે. એ રીતે પૈસાદારનું તરત ભુંડું બોલાય છે અને ગરીબનું થોડા દિવસ સારૂં બોલાય છે પણ પાછળથી તેની વધારે ગેરઆબરૂ થાય છે. ખરૂં કહીએ તો નાતના ભુંડા બોલ-

રજીસ્ટ્રારની ઑફીસમાં તપાસ કરવી અથવા તે નાતના કોઇ આબરૂદાર માણુસને પુછવું.

વાથી પૈસાદાર લોકોની ખરી આબરૂ કાંઇ ઓછી થતી નથી. પણ ગરીબો જે તાણીતુશીને આબરૂ મેળવવા જાય છે તેમને તો તે ન મળતાં ઉલટી ખરાબી થાયછે, તેનું પોગળ જણાયછે, ને તેને કોઇ પૈસા ધીરતું નથી. તેમ બીજી વાતમાં પણ તેની આબરૂ કમી થાય છે, દેવાદાર થાય છે અને તેથી તેઓ આખરે અન્નપાણી વગર ટળવળે છે. જમણવારને દિવસ બીજાના ભમાવ્યાથી ફુલણજી થઇ વરો કરવાથી મિલકતો હરાજ થઇ જાય છે અને પછી જમણવાર કરાવનારજ મશ્કરીઓ કરે છે અને ઠપકાનો વરસાદ વરસાવે છે છતાં કેટલાક મૂર્ખ અવિચારી બીજાઓના ફુલાવ્યાથી પોતાને ઘેર ટાણું આવે ઘાંચીના બળદની માફક આંખે પાટા બાંધી જ્યાં ત્યાંથી નાણાં કરજે લાવી ગજા ઉપરાંત અને શ્રીમંતોથી ચઢીઆતી જમણવારો કરે છે એ દિલગીર થવા જેવું છે. આનું મુખ્ય કારણ ખોટો મમત અને અદેખાઇ છે. **આબરૂ મેળવવાનો ખરો રસ્તો પ્રમાણિકપણાથી ચાલતા સારા ધંધાથી પેદા થતો પૈસો છે.**

ટુંકામાં સર્વે બાબતોમાં એ ચાલ એના મૂળ રૂપમાંથી એટલો બધો ફેરવાઈ ગયો છે કે જે એક સુખનું સાધન હતું તે દુઃખ અને ખરાબીનું સાધન થઇ પડયું છે. તેથી નાતોના આગેવાનોને નમ્રતા પૂર્વક અરજ છે કે જો તેઓ પોતાની નાતને નકામા પૈસા ઉડાવવામાંથી બચાવવા માગતા હોય, જો તેમને તેમનામાંના ગરીબ વર્ગને માટે જરા પણ દયાની લાગણી હોય, જો તેમનામાં સાધારણ મનુષ્ય તરીકે સામાન્ય પણ લાગણી હોય તો **મરણ પાછળ જમણવાર (શોકના સમયમાં હર્ષનું પ્રદર્શન) તરતજ સમુળગા અટકાવવા ઉપાય લેવા જોઇએ.**

મુઆ પાછળ જમણવાર બિલકુલ શોભતી નથી માટે હે દેશી બંધુઓ ! તેરમાના વરા (મરણ પાછળ જમણવાર) કરવાનો રિવાજ સમુળગો બંધ કરો અને તમારી પાસે પૈસા હોય તો પરમાર્થનાં પુન્યનાં કામો કરો અગર વેપાર રોજગારમાં ખર્ચો અગર છોકરાંને વિધાદાન આપવા વગેરેમાં ખર્ચો.

મરણ પાછળ જમણવાર વિષે એક ડોશીનો વિલાપ.

ડોશીએ તો ડાટ વાળ્યોરે, હૈયાનો હરખ ટાળ્યોરે. એ રાગ.
ડોશી બહુ દુ:ખમાં ડુલીરે, હું લોક ફુલાવે ફુલીરે. ટેક.
મારે પુત્ર હતો એક પાંચ વરસનો, મરી ગયો તેનો બાપ;
શું કરવું હવે ખરચ એનું, થયો ઘણો સંતાપરે. ડોશી૦ ૧
સગાં પડોશી સૌ બોલ્યાં બાઇ, તારે શું છે દુ:ખ;
બાળા તેના શા દકાળા, થાશે કાલે સુખરે. ડોશી૦ ૨
એવી કહેવત કહી બતાવી, સીધાં સર્વે લાવ્યા;
આવ્યું ખરચ ત્યારે સૌ મળી, જુગતીથી જમવા આવ્યારે. ડોશી૦ ૩
માજી માજી મુજને કહીને, હેસો હેસો કરતા;
કસાર ચોળવા કાજે તો સૌ, ઘીની તાંબડી ભરતારે. ડોશી૦ ૪
ઢોળા ઢોળ ને ફોડા ફોડ, વળી શાક ભાત લૂંટાવે;
ખુટ્યુ ખુટ્યું બૂમો પાડી, પછી શંખ ફૂંકાવેરે. ડોશી૦ ૫
સારૂં કર્યું બાઈ સારૂં કર્યું, વળી કોઈ કરે નહીં એવું;
વખાણ કરતા વેરાઈ ગયા, પછી થયું મહારે દેવુંરે. ડોશી૦ ૬
પુત્ર હતો તેને બાઓ કાકો, કરી ગયો પછી ભોગ;
રોઈ રોઇને થઇ આંધળી, મારે કરમ તણો સંજોગરે. ડોશી૦ ૭
ઘરબાર અને રાચ રચીલું, લઈ ગયા જાતીઓ લાવી;

હાથ પગ મારા ચાલે નહીં, તેથી દશા થઇ આવીરે. ડોશી૦ ૮
કરજ કરાવી મુકી રઝળતી, હવે કોઈ ભરે નહીં પેટ;
અરે પ્રભુ મને મોત આપ, ઉઠી નાતવરામાં વેઠરે. ડોશી૦ ૯
હવે ઝેર ખાઇને મરી જઇશ, મારા દુઃખનો આણીશ અંત;
એ પાપ જ્ઞાતિને આપીશ, સુણો બેન ગુણવંતરે. ડોશી૦ ૧૦
મારી શિખામણથી તણાઈ મરીને, વરો કોઇ નવ કરજો;
પૈસા પાસે બહુ હોય તો, પરમાર્થે વાવરજોરે. ડોશી૦ ૧૧

ઉપર પ્રમાણે ડોશી પોતાનો વિલાપ સમજુ સ્ત્રી આગળ કરી ઝેર ખાઇને મરી ગઇ અને મરતાં મરતાં શ્રાપ દેતી ગઇ કે **"નાતો-ની ખરાબી કરનાર શેઠોનું નખોદ જજો અને મારૂં પાપ તેઓને લાગજો કે એક વખતના વાળુ માટે મારી આખી જીંદગી બગાડી."**

મરણ પાછળ જમણવાર નાબુદ કરવા થયલા ઠરાવઃ—

વડોદરાના વીસાલાડ વાણીઆની નાતે નીચેની મતલબનો ઠ-રાવ કર્યો છેઃ— "મરનારના તેરમે દિવસે જ્ઞાતિ જમણ નહીં કરતાં સોળ રાત્રી વિત્યે મરજીમાં આવે ત્યારે કરવાં. સોળ રાત્રી વિત્યા પછી તે કરવું કિંવા ન કરવું તે પણ માલ ધણીની મરજી ઉપર રાખ્યું છે. આવો ઠરાવ કરવાનો હેતુ એવો જણાવ્યો છે કે દિવસે દિવસે તેરમાં એની મેળે બંધ થતાં જાય અને લોક નાહક મોટા ખરચમાં ડૂબતા અટકે." રાજકોટના દશા શ્રીમાળી વાણીઆની નાતમાં ૬૦ વર્ષ સુધીનાં મરણ પાછળ તેરમાં કરવાં નહીં અને તેના બદલામાં નાતના ફંડમાં રૂ. ૨૫) ની રકમ લેવી. આ રીતે એકઠા થએલા ફંડમાંથી નાતના નિરાશ્રીતોને ગુપ્ત આશ્રય આપવો તથા સ્વજ્ઞાતિના મુંબઇ અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓને

સ્કૉલરશીપ આપવી. આ શિવાય એ ફંડના વધારા માટે દર વર્ષે એક એક રૂપિયો શક્તિવાન ઘર કનેથી લેવો એવો ઠરાવ થયો છે. સુરતના દશા પોરવાડ વાણીઆની નાતે ૪૨, સુરતના મેવાડા તથા પોરબંદરના મોઢ વાણીઆની નાતોએ ૪૦ અને ભરૂચના દશાલાડ, અમદાવાદના વીસા પોરવાડ તથા જામનગરના મોઢવાણીઆની નાતોએ ૩૦ વર્ષ સુધીના માણસ (સ્ત્રી યા પુરૂષ) ના મરણ પાછળ તથા ***ભરૂચના મોઢ વાણીઆની નાતે** ૩૦ વર્ષની સ્ત્રી અને ૩૫ વર્ષના પુરૂષ તથા સુરતના દશા અડાળજા મોઢ વાણીઆ અમદાવાદીની નાતે ૩૫ વર્ષની સ્ત્રી અને ૪૦ વર્ષ સુધીના પુરૂષના મરણ પાછળ તેરમાં કરવાં નહીં એવા ઠરાવ કીધા છે. ઉપલી ૧૦ નાતો શિવાય બીજી ૭ નાતોમાં જુવાનનાં તેરમાં બંધ થએલાં અમારી જાણમાં છે. દક્ષણી લોકોમાં કાયટાં (તેરમાં) વગેરેની જમણવાર કરવાનો ચાલ નથી અને શ્રાવકોમાં જ્યારે પુષ્કળ પૈસા થાય ત્યારે ખુશીથી ફક્ત નોકારસી કરવાનો ચાલ છે તે શિવાય બીજો કોઇ પણ ચાલ નથી.

હિંદુ નાતોમાં જમણવાર કરવાનાં ટાણાંની ટીપ.

જરૂરથી કે કરથી કરવાં પડે તેવાં:—(૧) મરનાર વૃદ્ધ સ્ત્રી પુરૂષનું કાયટું† (જેને બારમુ યા તેરમુ કહે છે તે.) (૨) સીમંત અથવા અઘરણી. (૩) છોકરા છોકરીના વિવાહ. (૪) છોક-

* ઠરાવ વિરૂદ્ધ વર્તનારનો રૂ. ૧૦૧ દંડ ઠરાવ્યો છે.

†આ પ્રસંગે સગાંને પાંચ છ દિવસ લાગટ જમવાનું ચાલેછે;

રાને જનોઇ દે ત્યારે. (૫) +ઉન્માસીસા, માસીસા, છમાસી, ०ઉન્વર્પી, વર્ષી, ધરો (દ્રો), પહેલું શ્રાદ્ધ અને સમચરી (સંવત્સરી) (૬) નાશમાં છોકરાંના મરણનાં ચોથિયાં અથવા કુંવારડાં. (૭) નાતોમાં તડાં પડે ત્યારે. (૮) નાત ઉજાણી.

એ શિવાય **ખુશીમાં આવે તો કરે તેવાં**:—(૧) છોકરાને નિશાળે બેસાડીને. (૨) છોકરાની બાધા ઉતરાવીને (છોકરાના માથાના વાળ ઉતરાવીને, જેને ચૌલ અથવા મુંડણ કહે છે તે) (૩) ઘરની વાસ્તુ પુજા કરીને. (૪) એકાદશી, ગૌતરાડ અથવા સામા પાંચમ વગેરે વ્રત ઉજવીને. (૫) જાત્રા કરી આવીને (જેને હાથજોડ યા ગગા પૂજન કહે છે તે.) (૬) આજા પડવાનું શ્રાદ્ધ સારીને. (૭) મરનારનં પાછળ નાતમેળો, મહાજન, કંઠીબંધા, ચોરાશી, અથવા ગામમેળો જમાડવું. (૮) વિવાહ અથવા મરણની ગોયણીઓની નાત. (૯) સાલગીરી અથવા જન્મગાંઠ. (વર્ષગાંઠ) (૧૦) નોળી. (૧૧) બારસો. (૧૨) ગીમ (જીમ.) (૧૩) છોકરાની વહુ તેડીને. (૧૪) તહેવારનાં

દસમાથી તેરમા સુધીના ચાર દિવસ, એ નાતો કરે તો પાંચ દિવસ, અને માસીસો કરે તો છ દિવસ. શ્રીમંતોને ત્યાં તો ૩ જા દિવસથી નોમીઆ સુધી દાળ ભાત અને બોળેલી રોટલીનું જમણ સગાંને જમાડે છે તે ગણતાં કુલે ૧૩ દિવસ જમવાનું ચાલે છે. નાની નાતોમાં આ અને અધરણી પ્રસંગે બે ત્રણ અથવા ચાર દિવસ આખી નાતને જમાડે છે.

+મહિનો પુરો થવાને આગલે દિવસે જમણવાર કરે છે તેને ઉન્માસીસો કહે છે.

०વર્ષ પુરૂં થયા પહેલાં જમણવાર કરે છે તેને ઉન્વર્ષી કહે છે.

ટાણાં જેવાં કે દસરા, દિવાળી, બળેવ, દીવાસો અને નવરાત્રી હોળી (ફાગણ વદ ૦))) વગેરે ઉપર જમાઈ તેડીને. (૧૫) પોળપાડો. (૧૬) ગામ ઉજાણી. (૧૭) જીવિત ક્રિયા. (૧૮) સ્ત્રીને ચુડો પહેરાવીને. .

એ પ્રમાણે જમણવારના ખરચ તથા લગ્ન પ્રસંગે, જનોઈ દે ત્યારે, મામેરાનો, મોસાળાનો તથા છોકરાને નિશાળે બેસાડયાના વરઘોડા કાઢવા એ વગેરે ઘણા ખરચો બે ચાર દિવસની ઠાલી વાહવાહ કહેવડાવવાના હેતુથી પડેલા રિવાજને લીધે હિંદુ લોકો ઉંચી સ્થિતિએ પહોંચતા નથી અને દુઃખી થાય છે. કારણ કે મૃત્યુની અને લગ્નની ક્રિયા વગેરેનાં ખરચ અવાર નવાર આવ્યા વગર રહેતાં નથી. ઠાલી વાહવાહ ન કહેવડાવનારા વિરલા તો થોડાજ માલમ પડે છે. **દક્ષણી લોકોમાં** કાયટાં વગેરેની જમણવારો કરવાનો ચાલ નથી, આપણાં જેટલાં જમણવાર કરવાનાં ટાણાં નથી અને જે છે તેમાં પણ જમણવાર કરવાનો કર છે એવું એકે નથી. વળી જમણવાર ન કરનારની હલકાઈ ગણાતી નથી અથવા તેને કોઈ મેણું દેતું નથી. **શ્રાવકોમાં** જ્યારે પાસે પુષ્કળ પૈસા થાય ત્યારે ખુશીથી ફક્ત **નોકારસી** કરવાનો ચાલ છે અને **પારસી**માં ખુશીમાં આવે તો કરે, નહીં તો ન કરે તેમ છે. આ લોકોથી પણ બ્રાહ્મણ વાણીઆ ગયા? કે એઓથી પણ તેગનામાં નઠારા ધારા! અફસોસ!!

*ભ્રષ્ટાચાર વિષે.

ધર્મનું રક્ષણ કરનારો આચાર છે. જેઓના દેહ આચાર ભ્રષ્ટ

* નાતોમાં થતા ભ્રષ્ટાચાર વિષે અમારા તરફથી બહાર પડેલા "મરણ પાછળ જમણવાર" નામના પુસ્તકમાં જુઓ ધર્મભ્રષ્ટ થવું પૃષ્ટ ૨૮ થી ૩૦.

થાય છે તેઓના તરફ ધર્મ જોતો નથી (એટલે આડું જુએ છે.)
(જુઓ પારાશર સ્મૃતિ. પા. ૭. અધ્યાય ૧ લો. શ્લોક. ૭ મો.)

નઠારા આચારથી બુદ્ધિ નઠારી થાય છે. નઠારી બુદ્ધિથી નઠારૂં કામ થાય છે, ઇશ્વર નારાજ થાય છે અને મોક્ષપદ સધાતુ નથી માટે ભ્રષ્ટાચાર થતો અટકાવવો એ જરૂરનું છે.

(દિલગીરીની વાત એ છે કે આજ કાલ નાતોની અંદર પુષ્કળ ભ્રષ્ટાચાર થતો જાય છે પણ મૂર્ખ લોકો તેને **"નાત તો ગંગાનો પ્રવાહ છે"** એમ કહી બિચારા ખરૂં કહેનારને હશી કાઢેછે.)

ઓરપાડ તાલુકાના આસમાં ગામે કોળી લોકોએ હાથ પગ ધોઈ જમવા બેસવાનો ઠરાવ કર્યો છે. વડોદરાના દશા મોઢ માંડલીયા વાણીઆની નાતે તમામ નાતો વાડીએ કરવાનો ઠરાવ કર્યો છે. ખેડાની દશાનાગરની નાતે ધોતીઆં ઓઢી જમવા બેસવાનો રિવાજ બંધ કર્યો છે. વડોદરાના દશા મોઢ માંડલીયા વાણીઆની નાતે નાતમાં ભોજન વખતે ભીખારૂં ન પડે એવો બંદોબસ્ત નાત કરનારે રાખવો એવો ઠરાવ કર્યો છે. અમદાવાદના દશા નાગર વાણીઆની નાતમાં મરનાર માણસના ઉપર હીરાગળ લુગડું ઢેડીઆ પાસેથી લઈ ઓરાઢવામાં આવતું હતું અને આભડછેટ થતી હતી તેને બદલે બજારમાંથી નવું લુગડું (જેવું કે નેનસુક—સેનો) આણી ઓરાઢવાના રિવાજનું સમજુ પુરૂષો અનુકરણ કરવા લાગ્યા છે.

લગ્ન પ્રસંગે ફટાણાંનાં ગીતો વિષે.

કેટલીક નાતોમાં લગ્ન પ્રસંગે સ્ત્રીઓ લાજ શરમ મુકી પોતાના

ધણી અને માબાપ વગેરે સગાંનાં તથા નાતના સારા સારા આબરૂદાર ગૃહસ્થોના દેખતાં સાંભળતાં જેમાં પ્રભુરસ હોય તેવાં સારાં ગીતો (કિર્તનો) ન ગાતાં, ભુંડી વાણીનાં (કાનમાંથી કીડા ખરે એવાં) ગીતો ગાય છે એ ગાનાર, જોનાર તથા સાંભળનારને શરમ ભરેલું છે. અનુભવ પ્રમાણે જે સ્ત્રીના ઉપર તેના ધણીનું અને માબાપનું ઉપજતું નથી (જે સ્ત્રી તેના ધણી અને માબાપને ગાંઠતી નથી) અથવા તો વંઠેલી હોય છે તે લગ્ન પ્રસંગે *ફટાણાંનાં ગીતો ગાયછે જેથી સારી સ્ત્રીઓ પણ બગડે છે અને વ્યભિચાર વધે છે. માટે પુરૂષોએ પોતાની સ્ત્રીઓ તેમજ દીકરીઓ ઉપર કાબુ રાખવું અવશ્ય જરૂરનું છે. જે સ્ત્રી ઉપર પુરૂષનું કાબું હોય છે તે સ્ત્રી એવાં ગીતો ગાવાને કદી પણ ફત્તેહમંદ નિવડતી નથી.

આ ચાલ નીતિશાસ્ત્ર વિરૂદ્ધછે અને સમજુ લોકો તે તરફ ધિક્કારની નજરથી જુએછે. વળી તે બંધ કરવાથી કોઇને ગેરફાયદો થવાનો નથી તો તે બંધ કરવોજ જોઇએ. નાતોના આગેવાનો યા શેઠો પણ પોતાની નાતનાં સ્ત્રીપુરૂષોને પોતાના દીકરા દીકરીઓ માફક ગણી આ ખરાબ રિવાજ બંધ પાડે તો તેમની ઘણી સાબાશી વધે. કન્યાનાં તથા વરનાં માબાપ વિવાહ કરતી વખતે એવાં ગીતો ન ગાવાનો ઠરાવ કરે તો તેથી પણ એ ખરાબ રિવાજ બંધ થાય. નઠારાં ગીતો ગાતાં સ્ત્રી-

---

*કાનમાંથી કીડા ખરે એવાં ગીતોની સાથે નીચેનાં ગીતો જેવાંનો પણ સમાવેશ થાય છેઃ—

૧. "આવ્યો તો છિનાળનો છૈયો લાખેણી લાડી લઇ ગયોરે."

૨. "ફલાણીને મોહ્યો લાલ જોગીડો" અને એવાં બીજાં જે અત્રે લખવાં દુરસ્ત નથી.

ઓને અટકાવવા સરકારે પણ પોલીસને સુચના આપવી જરૂરની છે.

લગ્ન પ્રસંગે ફટાણાં ગાવાનો રિવાજ નીચેની નાતોએ બંધ કર્યો છેઃ—

નાગર, ક્ષત્રી, કપોળ વણીક અને રાયકવાળની નાતોએ તથા સુરતના દશા નાગર, વડોદરાના દશા મોઢ માંડલીયા અને ભરૂચના દશા લાડ વાણીઆની નાતોએઆ ચાલ બંધ કર્યોછે. છેલ્લી (ભરૂચના દશા લાડ વાણીઆની) નાતે તો વળી જે કોઇ સ્ત્રી ફટાણાંનાં ગીતો ગાય તેણીનો રૂ. ૨૫) દંડ લેવાનો ઠરાવ કર્યો છે. ઓરપાડ તાલુકાન માસમાં ગામે કોળી લોકોએ ભુંડા ગીતો ન ગાવા દેવાનો અને ગાય તો ગાનાર સ્ત્રીનો દંડ કરવાનો ઠરાવ કર્યો છે.

(છોકરાના લગ્ન પ્રસંગે કેળવણી લીધેલા વકીલોની વહુઓ અને વૈશ્નવ મહારાજની દીકરીઓ જેમને બેટીજીઓ કહે છે તેઓ તુળશી વિવાહના પ્રસંગે કાનમાંથી કીડા ખરે એવાં ગીતો ગાઇ ગવડાવી લોકોને ખરાબ દાખલો આપે એ ઘણું દિલગીર થવા જેવું છે. આવા દાખલા અમદાવાદમાં બન્યા હતા.)

એક ઉપર બીજી સ્ત્રી પરણવા વિષે.

એક ઉપર બીજી સ્ત્રી પરણવાથી પુરૂષોના તેમજ સ્ત્રીઓના જીવનું જોખમ થાય છે. સ્ત્રીઓ વ્યભિચારી થાય છે, પરપુરૂષને લઇને ઉઘાડે છોગે નિકળી જાય છે યા તો વૈટલાઇ જાય છે અને એવી રીતે બાપ તથા સસરાનું નામ બોળે છે. કારણ કે સર્વેને પોતાના ધણી પાસે રહેવાનું બની આવે નહીં એટલે ધણી ખરી

આડે રસ્તે ચઢે અને ઘણી ખરાબી નિપજે એમાં કંઇ શક નથી. માટે એક સ્ત્રીનું અને પોતાનું ગુજરાન સારી રીતે થઇ શકતુ ન હોય, પ્રથમની સ્ત્રી સારી ચાલની હોય, ૩૦ વર્ષની વય ઉપરાંતની થઇ ન હોય, મટવાનો સંભવ હોય એવા રોગથી પીડાતી હોય અને પુરૂષ પોતે રોગી અથવા માંદો રહેતો હોય તો તેણે, ઘરડા પુરૂષે તથા છોકરાંવાળાએ બીજી સ્ત્રી પરણવી યોગ્ય નથી.

આ ચાલ શાસ્ત્ર વિરૂદ્ધ છે અને સમજુ લોકો તેને ધિક્કારે છે તેથી તે લોક વિરૂદ્ધ પણ છે તો તે ચાલ બંધ થવો જોઇએ. કન્યા વિક્રયનો રિવાજ બંધ થાય તો આ રિવાજ પણ ઘણે ભાગે નાબુદ થાય. જે નાતોમાં કન્યા વિક્રયનો રિવાજ નથી તે નાતોમાં એક ઉપર બીજી સ્ત્રી પરણવાના દાખલા ઘણા જૂજ બને છે. આ-રિવાજ બંધ પાડવા કન્યાનાં માબાપો ધારે તો તેથી પણ બંધ થાય. અંગ્રેજ સરકારે જેમ સતી થવાનો ચાલ બંધ કરી બાળકી-ઓને થોડા દુઃખમાંથી મુક્ત કીધી તેમ તેઓને (નિરપરાધી બા-ળાઓને) જન્મારાના દુઃખમાંથી મુક્ત કરવા તેમનાં માબાપોને શોક્ય ઉપર દેતાં અટકાવવાં જોઇએ.

એક ઉપર બીજી સ્ત્રી કરવાનો ચાલ બંધ કરવા થયલા ઠરાવઃ—

(૧) આખા ભરતખંડમાં વિખરાએલી બાજ ખેડાવાળની નાત સમસ્તે આ ચાલ બંધ કરવા કરેલા ઠરાવઃ–(અ) સ્ત્રી આરોગ્ય છતાં વધારે સ્ત્રીઓ કરવાનો દુઃખદાયક ચાલ બંધ કર્યો છે. પરંતુ નીચે પ્રમાણે હકીકત હોય તો એ બાધ સમજવો નહીં. એટલે સ્ત્રીની ઉમર ૨૫ વ-ર્ષની પુરી થતા સુધી ફરી લગ્ન કરવું નહીં. તે ઉમર પછીથી ફરીથી

લગ્ન કરવાને બાધ નથી. પરંતુ ઉપરની ઉમર દરમ્યાન બીજી સ્ત્રી કરવી પડે એવી મોટી ખોડ ખામી તેને લાગે તો નાતની રજા લઇ ગમે તે વખતે ફરી લગ્ન કરવાને હરકત નથી. (બ) ઉપરની કલમ (અ) નો ઠરાવ તોડનારને એક માસ નાત બહાર મુકવો, ત્યારબાદ તેનો રૂ.૧૦૦૧ દંડ લેવો. દંડ ન આપે તો તેને તે આપતાં સુધી નાત બહાર રાખવો. (ક) કલમ (અ) ના વિરૂદ્ધ કન્યા આપનાર સખસ પણ ગુનેગાર છે માટે તે પણ ફરી પરણનાર વર જેટલીજ શિક્ષાને પાત્ર થશે. (ખ) ફરી લગ્ન કરનારે પહેલાંની સ્ત્રીને ખોરાકી પોશાકી આપવી એ તેની ફરજ છે માટે તેનો બંદોબસ્ત તે ન કરે તો તેના ગામની નાતે યોગ્ય જણાય તેટલો ભરણ પોષણનો ઠરાવ કરીને અપાવવી. તે ન આપે તો નાતની નજરમાં આવે તેવો ઠરાવ કરવો. (૨) કપડવંજના ૨૨ ગામની દશા ખડાયતા વાણીઆની (૩) સુરતના વીસા પોરવાડ શ્રાવકની (૪) અમદાવાદના દશાપોરવાડ મેશ્રીની (૫) મહુવાના કપોળ વણીકની અને (૬) ઔદિચ્ય બ્રાહ્મણની ટોળક જ્ઞાતિઓએ આ દુઃખદાયક રિવાજ બંધ કર્યો છે અને આ ઠરાવ તોડનારને માટે બીજીએ રૂ.૫૦૦૦ સુધીના દંડની, ત્રીજીએ રૂ.૧૦૦૧ ના દંડની, ચોથીએ રૂ.૩૦૧ ના દંડની, પાંચમીએ રૂ.૨૫૧ ના દંડની અને છઠ્ઠીએ રૂ. ૨૦૦ના દંડની અને એક વર્ષ નાત બહાર મુકવાની સજા ફરમાવી છે. (૭) સુરતના દશા અડાળજા મોઢ અમદાવાદી તથા (૮) વડોદ્રાના દશા મોઢ માંડલીયા વાણીઆની નાતોએ પણ આ રિવાજ બંધ કર્યો છે. ઉપર જણાવેલી ૨ જી, ૩ જી, ૫ મી, ૬ ઠ્ઠી અને ૮ મી નાતોએ પ્રથમની સ્ત્રીને તેનું પલ્લું તથા તેને ખોરાકી પોશાકી વગેરે આપી મન મનાવવાનું ઠરાવ્યું છે. ઓરપાડ તાલુકાના માસમાં

ગામે કાળી લોકોએ એક ઉપર બાજી સ્ત્રી નહીં કરવાનો ઠરાવ કર્યો છે. આ બાબત મિતાક્ષરા ટીકામાં પણ લખ્યું છે કે પ્રથમની સ્ત્રી સારી ચાલની હોય અને ધણી જો (છોકરાને માટે) ફરી પરણે તો તેણે પોતાની દોલતનો ⅓ ભાગ પ્રથમની સ્ત્રીને આપવો અને ધણી ગરીબ હોય તોપણ તેનું પાલણ પોષણ તો કરવુંજ.

રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર.

હાલની પેઠે એક નાતની સેંકડો નાતો કોઇપણ હિંદુશાસ્ત્રમાં જણાતી નથી પણ ધંધા અથવા કામ મુજબ **બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્ર** એ રીતે ફક્ત ચાર જાતો હતી અને તેમાં ખાવા પીવાનો અને વખતે કન્યા લેવા દેવાનો વ્યવહાર હતો એવું માલમ પડે છે. વળી બ્રાહ્મણોની ચોરાશી અથવા વાણીઆઓનું મહાજન હોય છે ત્યારે ચોરાશીમાં ઘણી ખરી જાતના બ્રાહ્મણો અને મહાજનમાં ઘણી ખરી જાતના વાણીઆઓ સાથે એક પંક્તિએ સેળભેળ બેશી જમે છે અને એવીજ રીતે બીજી નાતોમાં પણ થાય છે તેથી પણ માલમ પડે છે કે આગળ ચારજ નાતો હતી. કારણ કે તેમ ન હોય તો હાલ જે એક બીજાની નાતના સાથે (બ્રાહ્મણની એક નાત બીજી નાત સાથે અને એવીજ રીતે બીજી નાતોમાં) ભોજન વ્યવહારનો સંબંધ હોત નહીં. પણ જ્યારે ભોજન વ્યવહાર છે ત્યારે બેટી વ્યવહાર કરવામાં કંઇ બાધ હોય એમ જણાતું નથી.

રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર કરવા થયલા ઠરાવો:—

૧. અંકલેશ્વરના દશાલાડ વાણીઆની નાતે પરદેશની જે ક-

ન્યાઓ પોતાની નાતમાં એક ભાણે જમી શકે તેવી કોઈપણ વાણીઆ નાતની છોકરી સાથે અંકલેશ્વરી દશાલાડ વાણીઓ પરણી શકે એવો ઠરાવ કર્યો છે. ૨. આવોજ ઠરાવ અમદાવાદના વીસા પોરવાડ વાણીઆની નાતમાં પણ થયલો છે. ૩. સુરતના વીસા દિસાવાળ વાણીઆની નાતે એવો ઠરાવ કર્યો છે કે "નાતનો કોઈ સખસ સુરતની અથવા દેશાવરની દશા દિસાવાળ વાણીઆની કન્યા લાવે તો નાત તરફની કોઈપણ રીતની હરકત નથી, પણ જો એ નાત શિવાય બીજી કોઇપણ જાતના વાણીઆની નાતની કન્યા લાવે તો તેણે રૂ. ૧૦૧ નાતમાં આપવા. તેમજ દશા દિસાવાળ વાણીઆને પોતાની નાતની કન્યા આપવાને હરકત નથી.

કવખતે (રાતના ૧૧–૧૨ વાગ્યા પછી) જમવા જમાડવાના રિવાજ વિષે.

આ રિવાજ વૈદકશાસ્ત્ર પ્રમાણે શરીરને નુકશાનકર્તા છે, કારણકે ઉજાગરા અને અપચાથી હેરાન થવાય છે. ધર્મશાસ્ત્ર પ્રમાણે ધર્મ વિરૂદ્ધ ગણાય છે કારણ કે રાતના બાર વાગ્યા પછી શાસ્ત્ર અને લોકરૂઢિ પ્રમાણે બીજો દિવસ ગણાય છે. બીજો દિવસ ગણાવાથી મોડી રાત્રે સ્નાન સેવા વગેરેથી લોકોને ક્રિયા ભ્રષ્ટ કરી જમાડવાનું અને રાત્રે જીવજંત મરે તેનું પાપ જમાડનારને લાગે છે અને ઉજાગરો તથા અપચાથી હેરાન કરવાનો અપવાદ જમાડનારને માથે રહે છે માટે લગ્ન પ્રસંગે રાત્રિ ગોરવ જમાડવાનો તથા વરને સુખડી કરાવવાનો (ટુંકામાં ૧૧—૧૨ વાગ્યા પછીના જમણવાર કરવાનો)

રિવાજ બંધ કરવો જોઇએ.

આ ચાલ વૈદકશાસ્ત્ર પ્રમાણે શરીરને નુકશાનકર્ત્તા અને ધર્મશાસ્ત્ર પ્રમાણે ધર્મ વિરૂદ્ધ છે એમ ઉપર કહી ગયા. વળી ધર્મિષ્ટ તથા સમજુ પુરૂષો બાર વાગ્યા પછી જમવા જતા નથી તેથી જણાય છે કે આ ચાલ બંધ કરવો જરૂરનો છે. આ બાબત સરકારે પણ લોકોની તંદુરસ્તી જળવાય તેને સારૂ રાતના ૧૧–૧૨ વાગ્યા પછી પોળોમાં જમણવાર કરવાની બંધી કરવી જોઇએ. સમજુ પુરૂષો પોતાને ઘેર પ્રસંગ આવે અણસમજુ લોકોથી ન બીહીતાં સારા રિવાજો કાઢવાની યા તો નઠારા રિવાજો બંધ કરવાની પહેલ કાઢે છે તેથી તેઓને ધન્યવાદ ઘટે છે.

ઘણીખરી નાતોમાં ૧૧–૧૨ વાગ્યા પછી લગ્ન પ્રસંગે ગોરવ જમાડવાનો તથા ધર્મ વિરૂદ્ધ અર્ધી રાત્રે સુખડી કરાવવાનો બિલકુલ રિવાજ નથી. અમદાવાદના વીસા મોઢ અડાળજા વાણીઆમાં ગોરવ દેવાનો તથા જણું કરવાનો રિવાજ હતો તે બંધ થયો છે. આ ખરાબ રિવાજ અમદાવાદના દશા પોરવાડ અને દશાનાગર વાણીઆની નાતોમાં ઘણો જોવામાં આવે છે.

---

* સીમંત (અઘરણી) વિષે.

સીમંત (અઘરણી)ના નાતવરા કરવા એ પોતાનું વાંઝીઆપણું દૂર થયું અને સંસારના સુખની એટલે પુત્ર વા પુત્રોની પ્રાપ્તિ થશે

---

* આ પ્રસંગે મામેરાનો વરઘોડો કાઢવાનો ચાલ પડેલો છે તેથી પણ ઘણું અઘટીત દેખાય છે માટે એ ચાલ પણ બંધ કરવો જરૂરનો છે.

અને સુખ મળશે એની ખુશાલીમાં કરવાના છે. ખુશાલી પુત્ર અથવા પુત્રીનું પ્રાપ્ત થવું અને સ્ત્રીનું સુવાવડમાંથી નાહી ધોઇને ઉઠવું જ્યાં સુધી થયું નથી ત્યાં સુધી કહેવાય નહીં. જ્યારે ખુશાલી કહેવાય નહીં ત્યારે તે પહેલાં વરા પણ કરવા ન જોઇએ કારણ કે ખુશાલી થયા પહેલાં વરા કરવાથી પાછળથી સ્ત્રી મરી જાય છે તો ફરી વરા (મરણના જેને તેરમુ કહે છે તે) કરવાનો રિવાજ હિંદુઓમાં હોવાથી એક ખુશાલી પાછળ બે વરા થાય છે માટે ખુશાલી પ્રાપ્ત થયા અગાઉ વરો ન કરવાથી એક નકામા ખર્ચાતા વરાનો ફાયદો થાય છે.

આ અવસરે નાતવરા કરવાનો રિવાજ જો કે સઘળી નાતોમાં કર રૂપે નથી તોપણ બંધ કરવાની અવશ્ય જરૂર છે કારણ કે બ્રહ્મ ભોજન શિવાય આ પ્રસંગે બીજો સંસ્કાર કરવાનો શાસ્ત્ર સંપ્રદાય નથી. વળી એ કંઇ એટલા બધા હર્ષનું ટાણું નથી તેમજ શાસ્ત્રમાં અધરણીનું ખાવાની મના કરેલી છે અને તેથી સમજુ લોકો નાતોમાં જમવા નથી પણ જતા. જ્યારે એ ખાવું વ્યાજબી નથી અને ઉલટો દોષ લાગે છે ત્યારે તે બંધ કરવો જોઇએ. પણ હરેક પ્રકારે ખાવું, ખાવું ને ખાવું અથવા જમાડવું, જમાડવું ને જમાડવું એમજ ઇચ્છા હોય તો અધરણીવાળી સ્ત્રી છોકરા યા છોકરી સાથે નાહી ધોઈ ઉઠે ત્યાર પછી સંતતિ જન્મોત્સવની તથા બાઈ હયાતી ઉઠ્યાની ખુશાલી તરીકે હદમાં રહીને મીજબાની ખાઓ ખવાડો તો લાયક ગણાય.

અમદાવાદની વીસનગરા નાગરની નાતમાં રાવ સાહેબ ચુનીલાલ દલપતરામ કવીશ્વરે સીમંતની નાત બંધ કરી અને નાતનો ખરચ

રૂ.૨૫૦–૩૦૦ થતો હતો તેને બદલે રૂ.૪૦૦) વિદ્યા વૃદ્ધિના ફંડમાં આપ્યા. સાબાશ છે આવા શુરવીર નરોને !

આ ચાલ વિષે જુદી જુદી નાતોમાં થયલા ઠરાવઃ—

કપડવંજનાં ૨૨ ગામની દશાખડાયતા વાણીઆની નાતે આ પ્રસંગે બે નાતો કરવાનો રિવાજ હતો તે તદન કાઢી નાખ્યો છે. દક્ષણી બ્રાહ્મણો વગેરેમાં આ અવસર ઉપર જમણવાર કરવાનો ચાલ નથી, આપણાં જેટલાં જમણવાર કરવાનાં ટાણાં નથી અને જે છે તેમાં પણ જે ઉપર જમણવાર કરવાનો કર છે એવું એક નથી. હરેક ટાણે દરેક માણુસ પોતાની ખુશીમાં આવે તો જમાડે છે અને તેમાં પોતાની શક્તિ મુજબ ખરચ કરી શકે છે તથા નજરમાં આવે તેટલાં માણુસ જમાડી શકે છે. સુરતના દશાનાગર વાણીઆની નાતમાં બાઇ નાહી ધોઇ ઉઠયા પછી ત્રરો કરવાનો રિવાજ પડયો છે.

—:*:—

લગ્ન અને મૃત્યુની ક્રિયામાં ઉડાઉપણાથી થતા ખર્ચ.

આપણા લોકો ખરૂં જોતાં ઉડાઉ નથી પણ ઉલટા લોભી અને કંજુસ છે. તેઓનો મુખ્ય હેતુ પૈસા ભેગા કરવાનો હોવાથી

ખુશાલી પ્રાપ્ત થયા અગાઉ ખુશાલી સમજી (સ્ત્રી ગર્ભવંતી થઇ એટલેજ ખુશાલી થઇ એમ સમજી) ખુશાલીનો વરો કરવાથી પાછળથી સ્ત્રી ગુજરી જાય તો તેના મરણનો વરો (તેરમુ) કરવો પડેછે તો તે રીતે એક ખુશાલી પાછળ બે વરા થયા. વળી બાયડીની બાયડી ગઇ અને ધનનું ધન ગયું એટલે આપણી કહેવત પ્રમાણેઃ—"રાંડની રાંડ ગઇ અને ગોખલેથી ગાંડ ગઇ" એવું થયું.

તેઓને તેનો શું ઉપયોગ કરવો તેનો વિચાર આવતો નથી. દાખલા તરીકે લગ્ન પ્રસંગે જ્યારે તેઓ પૈસા ખર્ચ કરવા બેસે છે ત્યારે તેઓ ઘણી નજીવી બાબતોને માટે પણ અવિચારથી બહુજ ખર્ચ કરે છે. ઘણીવાર આપણા સાંભળવામાં આવ્યું છે કે છોકરાના લગ્નની ખુશાલીની જાફતોમાં તેમનાં માબાપો પંદર પંદર હજાર રૂપિયા ખર્ચી નાંખે છે. સને ૧૮૯૫ માં અમદાવાદના કડવા પાટીદારની જ્ઞાતિમાં એક ગૃહસ્થે તેમની માતાના મરણ પાછળ જમણવાર કરવાના ખર્ચમાં આશરે રૂ. ૨૦,૦૦૦) ખર્ચ્યા હતા. હિંદુઓની ગરીબમાં ગરીબ નાતોમાં પણ લગ્ન તથા મરણ પ્રસંગે આવાંજ બેપરવાઈનાં ખર્ચ થાય છે તેથી તેઓ દેવાના બોજામાં કચરાય છે અને ઉંચા આવતા નથી. કહેવાને નવાઇ લાગે છે કે ***પૈસાના તેઓ ઘણા લોભી હોવાથી** તેમની કોથળીમાં કંઇપણ ઉમેરો થાય એ હેતુથી એક તરફ તેઓ ઘણી હલકી નોકરી અથવા અનેક કાળાં ધોળાં કરે છે અને બીજી તરફ તેઓ ઉડાંદના ખર્ચ કરવાને જરાપણ ખમચાતા નથી.

હિંદુઓની એકઠા રહેવાની રીતિમાં હમેશાં મૃત્યુની અથવા લગ્નની ક્રિયા કરવાનાં ખર્ચ અવાર નવાર આવે છે અને તે ખર્ચ ઘણીખરીવાર કુટુંબનો વડો અથવા જે વધારે કમાતો હોય છે તે આબરૂની ખોટી બીકને લીધે ભોગવી અંતે દુઃખી થાય છે.

---

* જો કે તેઓ ઘેર ચાકર, રસોઇઆ યા ગાડી ઘોડા રાખે છે તોપણ સ્ત્રીઓ પાસે ફડીઆના દાંણા વિણાવે છે યા તો હલકો ધંધો કરાવે છે એટલુંજ નહીં પણ તેમને જોઇતી ચીજો આપવામાં આનાકાની કરે છે.

કેળવણી પામેલા, આવા ચાલને બરોબર દુ:ખદાઇ જાણે છે છતાં (તેઓ પોતાને ઘેર પ્રસંગ આવે બાયલા વિચારને તાબે થઈ કરે છે) પણ તેવા ચાલ બંધ કરાવવા (યા તો પોતાને ઘેરથી બંધ કરવા) યત્ન કરતા નથી એ શોચનિય છે.

મદ્રાસનો એક વિદ્વાન પ્રોફેસર કહે છે કે "લગ્ન પ્રસંગે સેંકડો અને હજારો રૂપિયા વરઘોડા ચઢાવવામાં અને રોશની કરવામાં, તરેહ તરેહના તમાસા અને મીજબાનીઓમાં, નાચ અને ગાયન કરાવવામાં, દારૂખાનું છોડવામાં અને ચોઘડીઆં વગડાવવામાં, માંડવા કાઢી શણગારવામાં અને ઉંચા નાતવરા કરવામાં પૈસા ખરચવા એ ઉડાઉપણે નકામો ખર્ચ કર્યા જેવું છે પણ બીજા કરે તેમ મારે કરવું જોઇએ કારણ કે જો હું ન કરૂં તો કંજુસ તરીકે ખપું અને મારા મિત્રો મને વહી ગએલો ધારે." આવું સમજાવી જેઓ બીજાને ખોટો દાખલો આપે છે તેઓ બેશક નિંદાપાત્ર છે.

જો બાપ છોકરાંનાં લગ્ન પ્રસંગે અને છોકરો માબાપનાં મરણ પ્રસંગે નાણાંની મોટી રકમ ખર્ચવાને બદલે તે રકમ પોતાનાં છોકરાંના ભલાને સારૂ જેમાં નફો થાય તેમાં રોકે તો તેઓને આવતા વખતમાં કેટલું બધું સુખ થાય? કારણ કે પૈસા ખરચ્યા તે ફક્ત ખોવાતાજ નથી પણ તેની સાથે તેનાથી થતા ફાયદા પણ ખોવાય છે.

લગ્ન પ્રસંગે હદમાં રહીને સગાંવહાલાં અને મિત્રમંડળને ગમ્મત કરાવવી એ ખરૂં પણ હાલમાં બેવકુફાઇ ભરેલાં અને અનીતિનાં ખર્ચ જે વધી ગયાં છે તે ઓછાં કરવાને તેમજ નવાં વધતાં અટકાવવાને કેળવણી લીધેલાઓએ પોતાથી બની શકે તેવી હરેક

रीते यत्न करवो जोइए.

अमदावादना कडवा कणबीनी नातमां रा. बा. बेचरदास अंबाइदास लश्करीए तेमनी नातमां लग्ननो खरच ओछो करवामां प्रयत्न करेलो तथा तेथी पोतानी नातनी बाळकीओनी हालतमां सुधारो करेलो ते वगेरेना बदलामां नामदार महाराणी विकटोरीआए सने १८७२ ना एप्रील महिनानी ता. २६ मीने रोज अमदावादमां दरबार भरी एओने रावबहादुरना इलकाबनी सनंद, सोनानो चांद अने कसबी साल जोडो आप्यां हतां एटलुंज नहीं पण नाते पण तेमनी खुज जाणी दादाहरीनी वावे मोटो मेळावडो आशरे १५००० माणुसनो थएलो ते वखते नाते तेमने नात-शेठाइनुं मान अने कसबी साल पाघडीनुं इनाम, नातनो सुधारो करवाथी नाते आप्युं हतु.

अमदावादना लेउआ कणबीनी नातमां शेठ लालदास रायजीना हीरासाए तेमनी नातमां लग्न प्रसंगे गोरवमां पुष्कळ खरच थतो हतो ते रिवाज पोताने घेरथी बंध करी गरीब लोकोनो आशिर्वाद लीधो.

लग्न तथा मरणना खर्चामां घटाडो करवा थएला ठराव:—

१. रजपुतोए लग्न तथा मरण प्रसंगे मोटो खरच नहीं करवा बाबतनो धारो रजपुतानामां दाखल थयो छे. २. मथुरांना वैश्य लोकोए पण पोतानी नातोमां लग्न अने मरणना खर्चामां घटाडो करवानो ठराव कीधो छे. ३. बंगाळा, वायव्य प्रांतो तथा पंजाबनी सरकारोए लग्न प्रसंगे थता लखलूट खर्चो अटकाववाना

ઉપાયો લેવા માંડયા છે. ૪. અમદાવાદના દશાનાગર તથા વીસા દિસાવાળ વાણીઆની નાતોમાં તેમજ ભાવસારની જ્ઞાતિમાં લગ્ન પ્રસંગે વરઘોડામાં ઘણો ખરચ થતો હતો તેને બદલે હાલ ફક્ત એકજ ઘોડો આણવાનો રિવાજ પડયો છે. ૫. મથુરાંના વૈશ્ય લોકોએ પોતાની નાતમાં લગ્ન પ્રસંગે વેશ્યાઓને નાચવા તથા ગાવા નહીં બોલાવવાનો ઠરાવ કીધો છે. ૬. કાઠીઆવાડનાં તમામ સસ્થાનોએ લગ્નનો ખર્ચ ઓછો કરવા નીચે મુજબ સુધારા કર્યાછે:—

(૧) લગ્ન પ્રસંગે દરબારી બાબતો બાદ કર્યા પછી સઘળી જાતની ચોખ્ખી વાર્ષિક ઉપજના $\frac{૧}{૪}$ ભાગ કરતાં વધારે ખરચવું નહીં.

(૨) ગરીબ ગરાશીઆઓએ કોઇપણ લગ્ન પ્રસંગે રૂ.૧૦૦ કરતાં વધુ ખરચ કરવું નહીં.

(૩) મોટા દીકરાના બીજી વખતનાં લગ્ન પ્રસંગે અને નાના દીકરાઓના લગ્ન વખતે ઉપર કહ્યા પ્રમાણે ચોખ્ખી ઉપજના $\frac{૧}{૪}$ કરતાં પણ કાંઇક ભાગ ઓછું ખરચ કરવું અને જાનમાં ૫૦ થી વધારે માણસ લઈ જવાં નહીં.

(૪) કન્યાના બાપની ઉપજના પ્રમાણ ઉપર નજર રાખી ૫૦ કરતાં ઓછાં માણસ જાનમાં લઇ જવાં ને જાનનાં માણસોએ ૪ દિવસ કરતાં વધારે રહેવું નહીં.

———:*:———

માબાપોએ છોકરાંને નાનપણથી વિદ્યા ભણાવવા વિષે.

જેમ હંસની સભામાં કાગડો શોભતો નથી તેમ વિદ્વાનોની સ-

ભામાં અભણ શોભતો નથી. માટે જે માબાપો પોતાનાં છોકરાંને નાની ઉમરથી ભણાવતાં નથી તેં તેમનાં પાકાં શત્રુ છે. કારણ કે ઇશ્વરેં તેમને ત્યાં જન્મ આપ્યો, એટલે તે છોકરાં તેમને આધિન થયાં, અને આધિન થયાં એટલે સુખ દુઃખનો આધાર પણ તેમના ઉપરજ રહ્યો તો પછી તેમને વિદ્યા ભણાવી સારી સ્થિતિએ નહીં ચઢાવતાં મૂર્ખ રાખે એ મોટું પાપનું કામ છે. કેમકે મોટી ઉમરે વિદ્યાની ખોટ છોકરાંના જાણવામાં આવ્યાથી સેંકડો નિસાસા માબાપ ઉપર નાખે છે. એ મોટો દોષ સ્વાર્થી માબાપને શિર રહેછે. વળી છોકરાંને ભણાવવાનું પુન્ય કદી નાશ પામે તેવું નથી કારણ કે સર્વ દાન કરતાં વિદ્યાનું દાન શ્રેષ્ઠ છે. બીજાં દાન તો અમુક મુદતે નાશ પામે છે પણ વિદ્યાનું દાન તો જીંદગી પર્યંત નાશ પામતું નથી, તેથી કૃતજ્ઞ માણસ વિદ્યા ભણાવનારનું જીવતાં સુધી કલ્યાણ ઇચ્છે છે. આપણાં શાસ્ત્રોમાં, સુધરેલા દેશોમાં અને અંગ્રેજ લોકોએ આ દાન સૌથી પહેલે નંબરે ગણેલું છે. વિદ્યા વિનયની દાતા છે, વિનયથી યોગ્યતાને પમાય છે, યોગ્યતાથી ધન મળે છે, ધનથી દયા દાન થાય છે અને દયા દાનથી સુખ મળે છે. વિદ્યા નરનું અધિક રૂપછે, એજ ગુપ્ત ધન છે, એજ વૈભવ, યશ તથા સુખ આપે છે; વિદ્યા શ્રેષ્ટમાં શ્રેષ્ટ છે, પરદેશમાં વિદ્યા બંધુની ગરજ સારે છે, વિદ્યા પરમ દેવતા છે, વિદ્યા રાજ દરબારમાં પુજાય છે ધન પુજાતું નથી માટે વિદ્યા વગરનો માણસ પશુ (ઢોર જેવો) છે. વિદ્યા અનુપમ છે કારણ કે રાજા પણ વિદ્વાન પુરૂષની બરાબરી કદી કરી શકતો નથી. શાથી જે રાજા તો માત્ર પોતાના દેશમાંજ પૂજાય છે પણ વિદ્વાન તો સઘળે ઠેકાંણે પુજાય છે. વિદ્યા કામધેનુ જેવી છે

એટલે જેની પાસે વિદ્યા હોય છે તે જે જે ઇચ્છે છે તે વિદ્યા મેળવી આપે છે. પ્રવાસમાં તે માતા જેવી છે, એટલે માતા જેમ પોતાનાં છોકરાંનું સર્વ વાતે રક્ષણ કરી પાલણ પોષણ કરે છે તેમ વિદ્યા મનુષ્યને કરે છે. વિદ્યા રાજાથી લઈ શકાતી નથી, ભાઇઓથી ભાગ પડાવી શકાતો નથી, ચોરથી લુંટાતી નથી, હમેશાં સુખ આપે છે અને ખોવાતી નથી. બીજાને શિખવતાં ખુટતી નથી પણ ઉલટી વધે છે. સઘળી વસ્તુઓ કાળે કરી નાશ પામે છે પણ વિદ્યા કલ્પો સુધી પણ નાશ પામતી નથી. વિદ્યા એજ છાનું ધન છે અને એ ધન જેમની પાસે હોય તેમની આગળ રાજાઓ પણ પોતાનું ઉન્મતપણું રાખી શકતા નથી. માટે પોતાનાં છોકરાંને ભણાવવામાં કદાપિ સઘળી પુંજી ખપી જાય તોપણ શું થયું એમ સમજીને ડાહ્યાજનો તેમનો જન્મ સુધારે છે. વળી પોતાનાં છોકરાંને "સારા મહેતાના સંગથી ભાગ્યશાળી" અને જનમંડળને ઉપયોગી થઈ પડે એવાં બનાવવાના યત્ન કરવા એ માબાપનો ધર્મ છે, માટે હે સ્વદેશી બંધુઓ! તમે જો તમારૂં, તથા તમારાં છોકરાં વગેરેનું ભલું ઇચ્છતા હો તો જન્મ મરણ અને વિવાહ વાજન વગેરે સમયે હજારો રૂપિયા ખર્ચી ન નાંખતાં તમારાં તથા નિરાશ્રીત છોકરાંઓને વિદ્યાનું દાન આપવા બહાદુર બનો. જેથી તમારૂં, તમારા વંશનું, તમારી નાતનું અને છેવટે તમારા દેશનું ભલું થશેજ એમાં કંઈ શક રાખવા જેવું નથી.

*જમણવારથી થતા ગેરફાયદા.

૧. વખતનું ફોકટ જવું. ૨. પેટ બાળણું અને શરીરની ખરાબી. ૩. પૈસાની ખરાબી. ૪. આબરૂની હાની. ૫. કુસંપનો વધારો [(૧) ઘરમાં. (૨) સગાંવહાલાં તથા નાતમાં.] ૬. ધર્મભ્રષ્ટ થવું.+ ૭. છોકરાંને કેળવણી ન મળવી.

---

†કુળ વિષે.

કુળ વિષે શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને નીચે પ્રમાણે કહ્યું છે:– હે અર્જુન ! કુળની કંઇ ખાણો હોતી નથી પણ તે વિદ્યા, તપ અને ધનથી ઉત્પન્ન થાય છે.

હવે વિદ્યા, તપ અને ધન એ ત્રણનો મહિમા અને પરિબળ તપાસીએ.

---

* આ વિષે અમારા તરફથી બહાર પડેલા "મરણ પાછળ જમણવાર" નામના પુસ્તકમાં વિગતવાર લખવામાં આવ્યું છે. (જુઓ પૃષ્ટ ૨૨ થી ૭૧.)

\+ બ્રાહ્મણ વાણીઆની કેટલીક નાતોમાં વાઘરી, ઢેડ, ભંગીઆ અથવા રજસ્વળાવાળી સ્ત્રીઓના ફરવાથી અથવા તેમના અડકેલા એંઠવાડમાં જમવા બેસવાના રિવાજને ધર્મભ્રષ્ટ થવું ગણતા નથી પણ કોઇ વિલાયત જઈ આવે છે તો તેને વટલાયલો (ધર્મભ્રષ્ટ થયલો) ગણે છે અને પ્રાયશ્ચિત કરાવતાં પણ નાતમાં લેતા નથી એ કેવી ગાંડાઈ ?

† કુળ એટલે ઉંચી પદવિ. કુળવાન એટલે ઊંચી પદવિવાળા.

૧. વિદ્યા વિષે—સાધારણ લખવું, વાંચવું અને વ્યવહારોપયોગી જ્ઞાન એ વિદ્યા નથી, પણ નાના પ્રકારના શાસ્ત્રનું જે જ્ઞાન તે વિદ્યા છે. એવી જે વિદ્યા તે જે કુટુંબમાં હોય તે કુટુંબને કુલીન અંગ થવાને એક મહોટો અવયવ થયો એમ સમજવું. વિદ્યાના મહિમા તથા પુરિમળ માટે જુઓ આ પુસ્તકમાં "માબાપોએ છોકરાંને નાનપણથી વિદ્યા ભણાવવા વિષે" એ નામનો વિષય.

૨. તપ વિષે—ભગવદ્ ગીતામાં ત્રણ પ્રકારનાં તપ કહ્યાં છેઃ—

(૧) દેવ, દ્વિજ, ગુરૂ અને જ્ઞાનિનો આદર સત્કાર અથવા પુજન કરવું; પવિત્રતા રાખવી; સદાચરણથી વર્ત્તવું; બ્રહ્મચર્ય પાળવું અને હિંસા કરવી નહીં એ શરીરનું તપ.

(૨) કોઇને કઠોર લાગે અથવા સંતાપ ઉપજે એવાં વચન કહાડવાં નહીં, બોલવું તો તે સાચે સાચું સર્વને પ્રિય લાગે એવું અને જે બોલવામાં કોઈનું હિત થતુ હોય તેવુંજ બોલવું તથા વેદનો અભ્યાસ કરવો એ વાણીનું તપ.

(૩) મનનું શાંતપણું, ભલમનસાઈ, મૌન અથવા ઓછું બોલવાપણું, મન વશ રાખવાપણું, અને નિખાલસપણું એ માનસિક અથવા મનનું તપ.

આવું તપ તે કુટુંબનું કુલીન અંગ થવાને બીજો અવયવ છે.

૩. જે ધનહીણછે તે હીણ નથી પણ વિદ્યા રત્નથી જે હીણ છે તે સર્વે વસ્તુથી હીણ છે. ધનના મહિમાથી સર્વ કોઇ જાણીતુ છે અને એનો સમાવેશ વિદ્યામાં થાય છે માટે એ વિષે અત્રે વધારે લખવાની જરૂર નથી પણ એ (ધન) કુલીન અંગ પૂર્ણ કરવાને ત્રીજો અવયવ છે.

ઉપર પ્રમાણે વિદ્યા, તપ અને ધન એ ત્રણ અવયવ જે કુટુંબમાં હોય તે કુટુંબ પૂર્ણ અંગવાળું કુળવાન કહેવાય.

હવે હાલમાં જે કુળવાન નામથી ઓળખાય છે તે શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે માણુસની બુદ્ધિ માન્ય કરે એવા કુલીન છે કે નહીં તે તપાસીએ.

કેટલીક નાતોના કહેવાતા કુલીન (અકુલીન) વેંહેંત વેંહેંત પનાની પોતડિયો પેહેરીને ઘરમાં રહ્યા રહ્યા છાણ વાસીદાં વગેરેનાં હલકાં કામ કરે છે એટલુંજ નહીં પણ ગજીપનાની પોતડિયો પહેરીને તથા ચીથરાં જેવી પાઘડીઓ ઘાલી આખા ગામમાં રખડે છે. જંગલમાં જઇને લાકડાં કાપી લાવે છે અને છાણ એકઠું કરી છાણાં થાપે છે. ઢોર રાખ્યાં હોય તેને માટે ખેતરમાં જઇને ઘાસ લાવે છે. તેમને માટે દાણા તૈયાર કરે છે, તળાવ નદિયે જઇને ઢોરને પાણી પાઈ આવે છે, વલોણું વલોવે છે અને ભેંસો ગાયોને દોવાનું કામ કરે છે. કેટલાક જુઠાં તરકટ ઉભાં કરી પૈસા સારૂ નાના પ્રકારનાં કુભાંડ ઉભાં કરી પોતાનો નિર્વાહ કરે છે. વિદ્યા એ શી વસ્તુછે અને તેથી શા લાભ થાય છે તેનો તેમના મનમાં ખ્યાલ પણ આવતો નથી. પેટ ભરાય એટલું મળ્યું એટલે લોકોની નિંદા અને ટીકા કરવાનો રોજગાર કરી દિવસ નિર્ગમન કરે છે. અને તેજ કામ કરવાને ઈશ્વરે તેમને સરજાવ્યા છે એવું સમજે છે. કેટલાકને વિદ્યાનું સાધન નહીં, તેથી કંઈ પેદા કરવાની શક્તિ પ્રાપ્ત હોતી નથી ને ખાવા તો જોઈએ ત્યારે તેમણે એક યુક્તિ શોધી કહાડી છે, તે જુઓ. નામના કુલીન તો ખરા અને લોકોને ઘટિત વર સાથે કન્યા દેવાનો વિચાર સુઝે નહીં એટલે આવા અક્કલહીણને, કન્યાઓ આપી ઉપર પહેરામણીના રૂપિયા

આપે, તે ફાકી ખાતાં સુધી તે ઢોંગી કુલીન કાંઈ બોલે નહીં. પાર પડે એટલે બિચારી નિરપરાધી વહૂને મહાદુઃખ દઈ કહે કે તું તારે પિયરથી કાંઈ લાવીશ નહીં તો ફરી પરણીશ. આડોશી પાડોશીને થયલું હોય તેથી ડરી જઈને વહુ પોતાને પિયરથી કાંઈ લાવે તો તે વર ફરીથી પરણે નહીં, ને ના લાવે અથવા પોતાના સસરાને ત્યાં કાંઈ પ્રસ્તુત ગયું હોય તેના દાપાના (હકના) માગે એટલા રૂપિયા આપે નહીં તો વહૂને તેડે નહીં ને તેડે તો તેને મહાદુઃખ દે તેથી હારી છૂટીને પૂત્રીનો બાપ તેનું કાળુ મ્હોં કરે. પણ આવું પોકળ ક્યાં સુધી નિભે? કન્યાનાં પિયરયાં પૈસાદાર હોય તો જીવતાં સુધી પૂરૂં કરે. નહીં તો તે ફરીથી પરણે અને તેમને કન્યા દેવા કેટલાક અણસમજુ પુત્રીના બાપ કહેવાતા કુલીનને ત્યાં પરણાવવામાં માન સમજતા હોય તે બિલાડીની પેઠે તાકીને બેશી રહ્યા હોય તે તરત બહાર પડે. પણ મૂર્ખા વિચાર કરે નહીં કે તેની પ્રથમની સ્ત્રીને સુખ મળતું નથી તો મારી પુત્રીને તે શું સુખ આપશે. કન્યા દેવાને તૈયાર થાય એટલે પહેરામણીની લાલચે પેલો ઢોંગી કુલીન ફરી પરણે. આ પ્રમાણે કેટલાક તો ત્રણ ત્રણ ને ચચ્યારવાર પરણે છે.

કેટલીક સારાં માબાપની છોકરિયો પિયરમાં સુખમાં ઉછરી હોય, ખાવા પિવાનું સારૂં સુખ હોય, કામકાજ કરવાને ઘેર ચાકર હોય તેથી હલકું કામ કરવું પડ્યું હોય નહીં તે સુકુમાર બાળકિયો આવા કહેવાતા કુલીન રાક્ષસોને વેહેરે પરણાવી હોય ને તેમને ઘેર પેટ ભરીને ખાવાનું મળે નહીં, કામ તો રાતને દિવસ પહોંચે, કેટલીકને લોકોનાં દળણાં ખાંડણાં વગેરે કરી પૈસો મેળવવો પડે તેથી મહાદુઃખ

પામે. ધણીના બણીનો વગર કારણે બળાત્કાર થાય તે તો જુદો. શોકયો-નું સાલ અથવા બીતી તો માર્થા ઉપર હોય, તેથી રાત દિવસ જીવ બિહતો રહે. એવી પુત્રીઓ દુષ્ટને વેહેરે પોતાને પરણાવનારને એ કેવી આશિષ દેતી હશે તેનો વિચાર વાંચનારાએ કરવો. અમદાવાદના કેટલાક બ્રાહ્મણો બબ્બે, ત્રણ ત્રણ ને ચચ્ચાર, વાર પરણી સ્ત્રીઓને રઝળતી મૂકે છે. પોતાને ઘેર સર્વનું પોષણ કરવા જેટલી શક્તિ નહીં એટલે સ્ત્રીનાં માબાપ ગમે તેવાં ગરીબ હોય તોપણ પોતાની પુત્રીનું જેમ તેમ કરીને પુરૂં કરે અથવા તે સ્ત્રી પોતે મેહેનત મજુરી કરી દહાડા કહાડે. કેટલીક અનીતિને રસ્તે ચડી સિપાઇ સપરાઓના અને એવાજ હલકા લોકોના સંગમાં પડી હરાઇ થઇ જાય. આવી રીતે કહેવાતા કુલીન લોકો જે મૂળથી મૂર્ખ હોય છે ને ભણતા નથી તથા ઘરમાં ખાવાને મળતું નથી તેથી સ્ત્રીઓ બિચારી બહુ મેહેનત કરનારી ઘણી ભૂખી થાય તેમને પેટભરી ખાવા પણ દે નહીં તેવાઓ-ને ત્યાં મહા મેહેનતે ઉછેરીને મહોટી કરેલી પ્રિય છોકરી જે માબાપ દે છે, તે કોઇવાર વિચાર પણ કરતા નથી કે આ આપણે ખોટું કરીએ છીએ. નિત્યના સહવાસે કરીને આ કામ ખોટું થાય છે એવું તેમના ધારવામાં આવતું નથી. આવા લોકો કસાઇ લોકોને દુષ્ટ કહે છે અને તેમના કૃત્યથી પોતાને કમકમાટ છૂટતો હોય એમ જણાવે છે પણ તેઓ, કસાઇ સરખાને પણ પોતાના પેટનાં છોકરાં ઉપર દયા હોય છે, એ વાત ભૂલી જાય છે. જે લોકો પોતાની છોકરી દુષ્ટને સોંપવામાં વિચાર કરતા નથી તેમના કૃત્ય ઉપર કમકમી ખાઇને કસાઈ સરખા પણ તેમને ક્રૂર કર્મ કરનારા સમજે છે. કારણ કે અવિચાર કરી પોતાની છોકરીને શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે યોગ્ય વર સાથે

પરણાવતા નથી, તેથી દુઃખ પામીને કેટલીક કૂવા પૂરે છે, કેટલીક ઝેર ગોળે છે અને કેટલીક ગળે ફાંસા ઘાલે છે."

કહેવાતા કુળ (અકુળ) ને લીધે દુઃખ વેઠવાનું તો માત્ર કન્યાઓનેજ છે. બીજા કોઇને દેખીતી હાની હોય એમ જણાતું નથી, કેમકે જો હાની હોય તો, અથવા હાની છે એમ લાગતું હોય તો ખોટી ચડસા ચડસી કરવી જવા દઇ પોતાની પુત્રીઓનું જે રીતે સારૂં થાય તે રીત પ્રમાણેજ વર્ત્તે.

કુલીન અકુલીન કોને કહેવા, તે વિષે ઉપલી બીનાથી કંઇક ખ્યાલ ધ્યાનમાં આવશે તો હે સ્વદેશી બંધુઓ ! તમે બાળકીઓના ભલા માટે શાસ્ત્રમાં કહેલા કુળનાં લક્ષણ તપાસી પછી બાળકીઓને યોગ્ય વર સાથે પરણાવજો પણ તમારો સ્વાર્થ સાધી તેમને હાલના કહેવાતા કુલીન (અકુળવાન) સાથે પરણાવી દુઃખી કરશો નહીં.

વડનગરા નાગરોમાં (ઉત્તર હિંદુસ્તાનમાં વસવા ગયા છે તે વિના) હાલના કાળ સુધી કહેવાતાં કુલીન (અકુલીન) કુટુંબ બીજી નાતોમાં ચાલે છે તેવાં ઘણું કરીને નથી તેનું કારણ એજ કે વિદ્યા, તપ અને ધન એ ઉઘાડી કસોટી છે તેનાથી કશી જોતાં જે કુટુંબ શ્રેષ્ટ જણાય છે તેની સાથે જેને જેમ પરવડે તે તેમ સબંધ બાંધે છે.

ગૃહસ્થાશ્રમ.

પુરૂષ એ ઘરનો રાજા છે માટે તેણે સ્ત્રી રૂપી પ્રધાન સાથે મળી ઘર રૂપી રાજ્ય ચલાવવું અને છોકરાં રૂપી પ્રજાની સંભાળ રાખવી ઉપજ ખરચનો હિસાબ રાખવો અને બાળકો લડે કે કુટુંબમાં કલેશ થાય તો સામ, દામ, ભેદ અને દંડથી જેને જેમ ઘટે તેને

તેવી રીતે રાખવાં.

ધર્મશાસ્ત્ર પ્રમાણે, વૈદકશાસ્ત્ર પ્રમાણે, ચાલતા સમય પ્રમાણે અને અંગ્રેજ સરકારના કાયદા પ્રમાણે પુરૂષ ૧૮ વર્ષની વયનો થયા શિવાય લાયક ઉમરનો ગણાતો નથી. લાયક ઉમર થયા શિવાય ગૃહસ્થાશ્રમમાં પડવાથી જેમ કોઈ વૃક્ષ કમોસમમાં ફળે પણ તે ફળ પાકું તથા સ્વાદિષ્ટ ન થતાં કરમાઈ જઈ નાશ થાય છે તેમ લાયક ઉમરના થયા શિવાયના પુરૂષ તથા સ્ત્રીના વિર્યથી થતી સંતતિ બળહિન અને નિર્માલ્ય થઈ નાશ પામે છે માટે લાયક ઉમરનોજ ગૃહસ્થાશ્રમ આ દુનિયામાં સર્વ વાતે સુખ આપે છે ને લાયક ઉમરના વિર્યની પ્રજા પણ તેજસ્વી અને બળવાન થાય છે માટે લાયક ઉમરે ગૃહસ્થાશ્રમ કરવો સારો છે, (ગહસ્થાશ્રમને માટે લાયક ઉમર સ્ત્રીની ૧૬ અને પુરૂષની ૨૫ ગણવામાં આવે છે)

જ્ઞાતિ પટેલની યોગ્યતા.

જ્ઞાતિ પટેલના અધિકારમાં જોખમ રહેલું હોવાથી નાતોના પટેલોમાં નીચેના ગુણો અવશ્ય હોવા જોઇએ:—

ઇનસાફમાં અદલપણું, હિંમત, નમ્રતા અને માયાળુપણું, સમય વિચાર (જેવો સમય તેવું ચાલવું), સત્યમાં સંતોષ, કાચા કાન ન જોઇએ, સદાચરણ, ખોટાં તહોમત ન મુકવાનો, ક્ષમા (ક્રોધનો ત્યાગ), જ્ઞાતિ સુધારાપર લક્ષ આપવાનો, અદેખાઇનો ત્યાગ, અક્કલનો ખરો ઉપયોગ, ઉત્સાહ (ઉમંગ), શાણપણ (ડહાપણ), લોભનો ત્યાગ (સંતોષ), મનુષ્ય પરીક્ષા, વિવેક (સભ્યતા), સંપની કદર, સ્વચ્છંદતાનો ત્યાગ અને વિદ્યાનુરાગીપણું. એ શિવાય તેઓએ પોતાનું શું

કર્તવ્ય છે તે જાણવું જોઇએ અને નાતીલાઓ જો પોતાના શેઠોમાં આવા ગુણ ન દેખે તો તેમણે બીજા શેઠો નિમવા જોઇએ.

શાસ્ત્રમાં કુળવાન કોને કહેલા છે અને કેવા પુરૂષને કન્યા આપવી તે વિષે.

શાસ્ત્રમાં જેમના બાપદાદા વિદ્વાન, ડહાપણવાળા અને સદાચરણી હોય તેવા કુટુંબમાં જન્મેલા પુરૂષને કુળવાન કહેલા છે; અને જે પુરૂષ વિદ્વાન, રૂપવાન, ગુણવાન, ધનવાન, કીર્તિવાન, જુવાન, બળવાન, બુદ્ધિવાન, દયાવાન, ધર્મવાન, નિર્વ્યસની, સ્વધર્માચરણી, શુરવીર અને કુટુંબવાળો હોય તેને કન્યા આપવી કહેલું છે.

(બે બોલમાં કહીએ તો પ્રથમ વર અને પછી ઘર જોઈ કન્યા આપવી. કદાચ ઘર ન હોય પણ વર સારો ભણેલો હોય તો તેને કન્યા આપવી કારણ કે વરમાંથી ઘર થાય છે, માટે એકલું ઘર જોઈ કન્યા આપવી નહીં.)

દિલગીરીની વાત એ છે કે આજ કાલ જે પુરૂષ અભણ, ખોડવાળો (લંગડો, આંધળો, ઠુંઠો, મુગો, બોબડો ઇત્યાદિ), વ્યભિચારી (પોતાની દીકરી, છોકરાની વહુ યા પરસ્ત્રી તરફ કુદ્રષ્ટીથી જોનાર), *નપુંસક, રોગી, બહેન સાળી જમાઇ કે સસરા વગેરેને ઘેર વગર ટાણે રહી પેટ ભરનાર, *હીણકમાઉ, *માણસનું ખુન કરનાર (સાહુ, બનેવી કે ભાઈ વગેરેને મારી નાખનાર), ચોરી કરનાર, ખોટાં કામને માટે કેદમાં જઇ આવેલ, લોકોની થાપણ ઓળવનાર, *સ્ત્રીને

* આવાને એક સ્ત્રી હોય છે છતાં પણ આંધળા થઈ બીજી દેછે.

કામ દેનાર, દુર્ગુણી, દરીદ્રી, અધર્મિ, વ્યસની, મતીમંદ, દુરાચારી, સગા સગામાં લગ્ન કરનાર, ગેરવ્યાજબી કંજુસાઈ કરનાર, નીચ નાતની સ્ત્રી સાથે ગૃહસ્થાશ્રમ કરનાર, બે સ્ત્રીઓ પરણી એકને રઝળતી મુકનાર, છાપરાં કુદનાર, લોકોને ઘેર રંધવારાનું કામ કરી પેટ ભરનાર, ધણીખરી જમણવારને દિવસ લોકોનાં લુગડાં ઘરેણાં માગી લાવી પહેરનાર, પરનાતમાં ધોલઈઆ તરીકે જમવા જનાર, ઘરમાં તાજુ રાખી દેવાળું કાઢનાર, કન્યા વિક્રય કરનાર, લાંચ આપી સારા કુટુંબની કન્યા મેળવનાર અને ખાવા બાજરી અને રહેવા ઘર નહીં (માંડ માંડ પુરૂં કરનાર) ઈત્યાદિ ગુણવાળો હોય તોપણ તે કુળવાન અને તેને મુર્ખ લોકો કળ (કુળ) શબ્દનો અર્થ ન સમજતાં ઘાંચીના બળદની માફક આંખે પાટા બાંધી પોતાની દીકરીઓ દે છે અને વળી પહેરામણી આપે છે. પછીથી જ્યારે તેઓની દીકરીઓ અન્ન વસ્ત્ર વગેરેના દુઃખથી પીડાય છે અને રોતી ઘેર આવે છે યા તો કુવા હવાડા કે આપઘાત કરે છે ત્યારે પસ્તાયછે. પણ પછીથી પસ્તાવાથી શું ફળ? ડાહ્યા પુરૂષો બીજાને પસ્તાતા દેખી એ રસ્તે જતા નથી અને બીજાની ભૂલ જોઈ પોતાની સુધારે છે પણ મૂર્ખ પુરૂષો તો (કળ) શબ્દનેજ વળગી રહી દીકરીના સુખ દુઃખનો વિચાર ન કરતાં દીવો લઈ પોતે કુવામાં પડે છે અને પોતાની તેમજ પારકી દીકરીઓને કુવામાં પાડે છે. સમજુ પુરૂષોએ વિવાહ કરતાં પહેલાં ઉપલી બીના ધ્યાનમાં લેવી જેથી પાછળથી પસ્તાવું પડે નહીં અને પોતે તથા પોતાની દીકરીઓ સુખી થાય.

+ જમણવાર બંધ કરી શું કરવું ?

આ ચાલ બંધ કરી તેટલાં નાણાં લોકોના ઘરમાં ઉગારી ફાયદો કરવો, એવું કહેવાની મતલબ નથી; પણ તે નાણાં નાતનાં, ગામનાં અને દેશનાં ઘણાં ફાયદાકારક કામો કરવામાં એટલે કેળવણી તથા કળાકૌશલ્યને અને વેપાર રોજિગારને ઉત્તેજન આપવામાં તથા બીજા સંસારી કામોને સુખદાયક કરવામાં, નીચે જણાવ્યા મુજબ વાપરવામાં આવે તો ઘણો ફાયદો થાય.

પ્રથમ તો દરેક નાતવાળાઓએ પોત પોતામાં ભેગા થઈ નક્કી કરવું કે પોતાની નાતમાં કયાં કયાં ટાણાં ઉપર જમણવાર કરવાનો ચાલ છે તથા દરેક અવસર ઉપર જમણવાર પાછળ ગરીબ દાવે થતા ખરચનો વિચાર કરી રકમના આંકડા સઘળાઓના અનુમતથી ઠરાવવા અને જેને ઘેર એ નક્કી કરેલાં ટાણાંમાંનું કોઈ ટાણું આવે તો તે ઉપર જમણવાર ન કરતાં ઠરાવેલી રકમ (સામટી અથવા કકડે કકડે) નાતના ફંડમાં આપે,* પણ કોઇ ગરીબ માણસને બિલકુલ ન આપવાની મરજી હોય તો તેની પાસેથી જબરજસ્તીથી લેવી નહીં કારણકે તેઓ પોતાની ગેરઆબરૂ થવાની બીકથી જમણવારની પેઠે

+આ નામનું પુસ્તક અમારી તરફથી બહાર પડવાની તૈયારીમાં છે.

* અમદાવાદની વીસનગરા નાગરની નાતમાં રા. સા. ચુનીલાલ દલપતરામ કવીશ્વરે સીમંત (અઘરણી) ની નાત બંધ કરી અને નાતનો ખરચ રૂ. ૨૫૦–૩૦૦ થતો હતો તેને બદલે રૂ. ૪૦૦ વિદ્યાવૃદ્ધિના ફંડમાં આપ્યા.

આપ્યા વગર રહેશે નહીં, તોપણ એવી છૂટ રાખવી જોઇએ. આ બાબત કોઈના મનમાં એમ આવે કે ગરીબ અને તવંગર સર્વેનો સરખો આંકડો ઠરે એ તો વ્યાજબી નહીં તો તેણે જાણવું કે એમ કર્યા શિવાય છુટકો નથી. કેમકે પૈસાદાર લોકો ખુશીમાં આવે તો એથી વધારે રકમ આપે એવી છુટ રાખવાથી ગરીબો પણ જમણવારની પેઠેજ મમતે ચઢી વધારે રકમ ગજા ઉપરાંત થઈ આપવા જશે. વળી જમણવારો પણ કાંઈ સઘળી નાતોમાં બળાત્કારે કરાવતા નથી. ગરીબો પણ પોતાનું લોકોમાં ખોટું બોલાશે એ ધાસ્તીથી જેમ બની શકે તેમ કરીને પણ જમણવાર કરે છે, તેમ આમાં પણ કરશેજ, છતાં પણ ગરીબને માટે ખુશીમાં આવે તો આપે એવી છુટ રાખવી સારી છે.

એ રીતે નાણાંનું જે ફંડ × એકઠું થતુ જાય તે પ્રથમ તો કોઈ આબરૂદાર પેઢીમાં વ્યાજે મુકવું અને તેમાંથી દર મહિને એકવાર નાત ઉજાણી ગામ બહાર કોઈ સારી જગોએ કરવી* અને તેમાં વારા ફરતી જમણ કરવાં‡ આથી લોકોને જમણવારો બંધ થયાની દિલગીરી થશે નહીં તેમજ બાર માસમાં બાર એવી ઉજા-

× પારસી કોમમાં ૫૦—૬૦ લાખ રૂપિયાનું ફંડ થયું છે તેમાંથી માબાપ વગરનાં છોકરાંનું તથા અનાથ વગેરેનું પાલણ પોષણ કરે છે, ભણાવે છે વગેરે.

* જે મહિનામાં નાતમાં ઘણા લોકોને શોક પડયો હોય તે મહિનામાં ઉજાણી બંધ રાખવી.

‡ આથી અસારો થશે નહીં અને ખરચનો બચાવ થશે.

ણીઓનો ખરચ પણ ઝાઝો થશે નહીં. §

આગળ ઉપર ફંડ વધતાં વધતાં મોટી રકમ થાય ત્યારે નાતના પાંચ પ્રમાણિક, આબરૂદાર અને વજનદાર આગેવાનોના ઉપરીપણા નીચે એક દુકાન કાઢવી અને તેનું કામ ચલાવવાને એક મુનમ અથવા મેનેજર પગારદાર રાખવો. તે પેલા ઉપરીઓની સલાહથી દરેક કામ કરે. તે ઉપરીઓએ વર્ષમાં બે ત્રણવાર તેના કામ-

§ કારણ કે ઘણીખરી મોટી નાતોમાં જમણવારોની સંખ્યા વર્ષે દહાડે આશરે સો સો ઉપર થાય છે અને એકંદરે તેની એક મોટી રકમ થાય. સર્વે નાતોમાં ઉજાણીઓના ખરચ કરતાં જમણવારોમાં ઘણી વધારે રકમ ખરચાયજ ખરચાય. જે નાતોમાં થોડી જમણવારો થતી હોય તે નાતોવાળાઓએ જમણવારોના સુમાર ઉપર નજર રાખી ઉજાણીઓ કરવાનું રાખવું. કોઈ નાતમાં અણસમજુ લોકોને લીધે ઉપર પ્રમાણે કરવામાં અડચણ આવતી હોય અને ફંડ ન થાય તેવું હોય પણ જમણવારનો ચાલ બંધ કરવાની ઇચ્છા હોય તો તે નાતવાળાએ દર મહિને માણસ દીઠ બાર આના, ઘર દીઠ ૧ાા રૂપિયો અથવા સામટા એકી વખતે રૂ.૪૦૦) લેવાનો ઠરાવ કરવો. આથી પણ ઉજાણીઓનો ખરચ જતાં બાકી રકમ ફાજલ રહેશે અને ફંડ થશે. આમ કરવાથી કોઇને ભારે પડવાનો સંભવ નથી કારણ કે પૈસાવાળાને નાત કરવી તે અથવા તેના પ્રમાણમાં નાણાં આપવાં તે સરખુ છે. ગરીબને નાત કરવાથી ગેરફાયદો છે કારણ કે ગમે તેમ કરી બે પૈસા કમાયો હોય તે ખર્ચાઇ જાય છે અને પાસે પૈસા ન હોય તો દેવું કરવું પડે છે તેથી દેવું કરેલા રૂપિયા આપવાને તથા આપતાં સુધી બહુ દુઃખ વેઠવું પડે છે

કાજની તથા હિસાબની તપાસ કરવી તથા વર્ષ આખરે નાતના સઘળા લોકોની સભા ભરી બનેલો હેવાલ તથા ઉપજ ખર્ચના સઘળા આંકડા સંભળાવવા, અને હરેક નવું કામ ઉઠાવવું હોય તો અગર મોટો ફેરફાર કરવો હોય તો તે કહી બતાવી, સઘળાઓના મત લઈ વધુ મતે કામ કરવું. એ રીતે જે પેઢી કાઢવામાં આવે તેણે જે જાતના વેપારોથી સારો ફાયદો થાય અને એકદમ ખોટ પાસું ન આવે (સટ્ટા વગેરે ન કરવા) એવા વેપાર ચલાવવા; જેમકે જમીન લઇ ખેતી કરાવે, ઝાડ ઉછેરાવે, કાંતવા વણવાના સંચા લાવે, વેપારની જણસો મંગાવે, દલાલી કરે વગેરે. એ સઘળું કામ કરવાને નોકર રાખવા પડે તે ઘણું કરીને બને ત્યાં સુધી તો નાતમાંનાજ માણસોને પગાર આપી રાખવા અને તેઓ બદદાનત તથા

એટલુંજ નહીં પણ તેને વ્યાજના ઘોડાથી ડૂબવું પડે છે અને એનાને એના ઉલામા તથા ફિકરમાં તેને કાંઇ ધંધો રોજગાર પણ સુઝતો નથી. આ રીતથી ગરીબને ફાયદો છે. દાખલો ધારો કે ૪૦૦ ઘરની એક નાત છે અને તે જમાડવામાં રૂ.૪૦૦) જોઇએ છે. તે પ્રમાણે ગરીબ માણસને રૂ.૪૦૦) નું દેવું કરવું પડે તો તેના ઓછામાં ઓછા આઠ આનાના વ્યાજથી રૂ. ૨) એને વ્યાજના ભરવા પડે અને મુદ્દલ દેવું તો ઉભું રહે અને છોકરાં દુઃખ પામે તેના કરતાં રૂ.૧॥ દર મહિને પોતાને અને પોતાના કુટુંબને ઉજાણી ખાવા માટે આપવો એ કઠણ પડશે નહીં. જેઓને ઉપર પ્રમાણે ઉજાણી જમવાની મરજી ન હોય તેમણે રૂ.૧॥ ન આપવો પણ તેને કોઈ મહિનાની ઉજાણી જમવા જવાનું મન થાય તો અગાઉથી નાતને ખબર આપવી અથવા રૂ.૧॥ મોકલી આપવો.

ગફલત કરે નહીં તેને માટે જામીન વગેરેનો પક્કો બંદોબસ્ત કરવો. વળી નાતમાં જે ઘણા ગરીબ હોય અથવા જેમને ધીર ન હોવાથી વેપાર કરી શકતા ન હોય તો તેમને ગજા માફક તેમાંથી નાણાં ધીરી વેપારે લગાડવા પણ તે નાણાં મળે ત્યારે પાછાં આપે તેને વાસ્તે લેખ વગેરે લખાવી બંદોબસ્ત કરવો તથા કમાયા છતાં ન આપે તો નાત પાસે તેની શિક્ષા ઠરાવવી. પણ વેપારમાં કમનશીબે બરકત ન થાય અને તેથી તે રૂપિયા ન આપી શકે તો અરજી કરી તેનાં ઠોબરાં તથા રહેવાનું ઘર સુદ્ધાં હરાજ કરાવી તે લેવાં નહીં અને એવા માણસને તેટલી છૂટ મેલવી. કેમકે નાતના પૈસા કોઈ બની શકશે ત્યાં સુધી રાખશે નહીં. તેમજ નાતમાં ગરીબ રાંડીરાંડો જેમના ઘરમાં કોઈ કમાનાર ન હોય તથા દળણાં ખાંડણાં કરી અગર રેંટીઓ પુણી કરી પરાણે પેટ ભરતી હોય તથા બીજાં ગરીબ અને અપંગ માણસો જેમને ગુજરાનની તંગી પડતી હોય તેમને છાના છપના દાણા વગેરે પહોંચાડી મદદ કરવી. છાના મોકલવાનું કારણ એ કે જાહેરમાં તો કેટલાક ભૂખે મરી જાય તોપણ લે નહીં અને તેમાં પણ આતો નાતના પૈસાનું તેથી જણાય તો વધારે હલકું તથા શરમ લાગે અને મેંણાંની ધાસ્તી પણ મોટી, તેથી લેજ નહીં; માટે એવી યુક્તિથી મોકલવા કે કયાંથી આવ્યા અને કોણે મોકલ્યા તેની તેને ખબર પડે નહીં તથા આ જાતનો ઠરાવ પણ મુખ્ય આગેવાનો શિવાય બીજાના જાણવામાં આવે નહીં. વળી માબાપ વગરનાં, રાંડીરાંડ તથા ગરીબનાં છોકરાંને ભણાવવાં તથા તેમનું પોષણ કરવું અને આંધળાં, લુલાં, લંગડાં, નિરાશ્રીત તથા ઉમરે પહોંચેલાં વગેરેને ભુખે મરતાં અટકાવવાં. આગળ જેમ

જેમ રકમ વધતી જાય તેમ તેમ પોતાનીજ નાતના છોકરા છોકરીઓ-ની જૂદી જૂદી નિશાળો સ્થાપવી, લાયબ્રેરીઓ કાઢવી અને પોતાની-જ નાતના છોકરાઓ પરદેશ જઈ ઉંચી કેળવણી લે તેને માટે સારી સ્કોલરશીપો વગેરે ઠરાવવી.

ટુંકામાં **હરેક રીતે નાતના લોકો સુધરે તથા તેમના ભાગ્યનો ઉદય થઈ પૈસે ટકે અને આબરૂ ઈજ્જતે ભરપૂર થાય** એવા રસ્તા પ્રથમ પકડવા. એ રીતે નાતના લોકોના લાભનાં કામ પતી રહ્યા પછી જેમ જેમ રકમ વધતી જાય તેમ તેમ પોતાના ગામને લગતાં પરમાર્થનાં તથા સુધારાનાં કામો તથા દેશના કલ્યા-ણની પાછળ મંડળીઓના ખર્ચમાં તથા દેશનું સંરક્ષણ કરનારી સો-સાઇટીઓના ખર્ચ એ વગેરે કામમાં જ્યાં નાણાંનો ખરો ઉપયોગ થતો હોય તે તરફ હાથ લંબાવવો. આ બાબત કોઈના મનમાં એમ આવે કે પ્રથમ બધાં નાતના ફાયદાનાં કામ કરવાં અને છેક પાછળ-થી બીજાં પરમાર્થનાં કામ કરવાનું લખ્યું એ તો ઠીક નહીં, એથી તો એકલપેટાપણું જણાય તો તેણે જાણવું કે એ નાતના લોકોની પુંજી છે અને એ રકમ પ્રથમ નાતનાજ (જમણવારોમાં) લોકોના ઉપયોગમાં ખરચાતી અને તેનો લાભ બીજાઓને મળતો નહોતો માટે તે રકમ પ્રથમ નાતનાજ ભલાને માટે ખરચાવી જોઇએ કાર-ણ કે ચાલતો રિવાજ બદલાયાનાં સારાં ફળ તેઓ ન ચાખે અને તેમનાં સારાં સારાં મિષ્ટાન્ન પણ જાય તેથી તેઓની હોંશ છેક તૂટી જાય. હવે પરમાર્થનાં કામોમાં પોતાના ગામમાં ધર્મશાળા બંધાવવી અને તેમાં આવતા જતા મુસાફરોને ઉતરવાને તથા રસોઈ કરવા વગેરેને માટે સુગમ પડે તે સારૂ કેટલાંક વાસણ ગોદડાં વગેરે રાખવાં તથા

થોડીક ઓરડીઓ કાઢવી. શક્તિવાન મુસાફરો પાસેથી તેમાં ઉતરવા તથા સામાન વાપર્યા બદલ કાંઈ ફી લેવી અને ગરીબોને મફત આપવું. વળી ધર્મશાળાના એક ભાગમાં આંધળાં, લુલાં, લંગડાં, માંદાં વગેરે અશક્ત અને નિરાશ્રીત માણસોને રાખવાં તથા તેમને અન્ન વસ્ત્ર વગેરે પુરૂં પાડવું. રોગીઓ તથા રોગ થતા અટકાવવાને માટે દવાખાનાં કાઢવાં તથા ગામમાં પાણીની અછત હોય તો કુવા, કુંડ, તળાવો અને વાવો કરાવવાં.

ઉનાળામાં ઢોરોને વાસ્તે ઠેકાણે ઠેકાણે પાણીના હવાડા ભરાવવા તથા માણસોને માટે પરબો મંડાવવી અને જુનાં અથવા પડી ગએલાં નવાણ ફરીથી ગળાવી વાપરવા લાયક કરવાં વગેરે. આવાં પરમાર્થનાં કામ જેના ખરચમાં મોટી રકમ જોઇએ તેમ છે તે સઘળાં કામ બધી નાતવાળાઓએ સહીઆરામાં કરાવવાં એટલે તેમાં ભાગે પડતી રકમો પોતાની નાતના ફંડમાંથી આપવી. વળી બની શકે તો મ્યુનિસિપલ (સુધરાઈ) ખાતાનાં કામ જેવાં કે ગામના રસ્તા સારા બંધાવવા તથા સાફ રખાવવા તથા દિવાબત્તી વગેરે કામો પણ કરાવવાં. એ રીતે ગામમાંનાં પરમાર્થ તથા ગામ સુધારાનાં કામો થઇ રહ્યા પછી બહાર હાથ લંબાવવો એટલે આસપાસનાં ગામોમાં તથા રસ્તામાં જ્યાં ઘણા લોકોનો અવર જવર હોય અને તે ઠેકાણે પાણીની તંગી હોય તો કુવા, વાવો વગેરે કરાવવું તથા ધોરી રસ્તા ઉપરના ગામોમાં ધર્મશાળાઓ બંધાવવી, વિસામા કરાવવા અને ખરાબ રસ્તા સુધરાવવા.

આ સઘળું વાંચી કોઇના મનમાં એમ આવે, કે આવાં અને આટલાં બધાં કામ કરવાને તો લાખો રૂપિયા જોઇએ અને તે એમ

શી રીતે એકઠા થાય? તો તેણે જમણવારો પાછળ દર વર્ષે દરેક નાતમાં અને દરેક ગામમાં કેટલો ખરચ થાય છે, તેનો જરા ઝીણી નજરથી અડસટ્ટો કાઢી જોવો, એટલે સહેજ માલમ પડશે કે તે રકમ મોટાં મોટાં શહેરોમાં લાખોના આંકડામાં અને ગામોમાં હજારોના આંકડામાં થવા જાય છે. વળી આપણામાં કહેવત છે કે "માણસ રળે ચાર પહોર અને પૈસો રળે આઠ પહોર" એમ નાણું નાણુંને વધારે છે અને જમણવારની રકમ તો હમેશાં આવતી ચાલતીજ રહેવાની, તેમ ઉપર જે સઘળાં કામો બતાવ્યાં તે કાંઇ એક બે વર્ષમાં બનાવી દેવાં એમ નથી પણ જેમ જેમ રકમ વધતી જાય તેમ તેમ કરાવતાં જવાં.

આ ઉપરથી એમ ન સમજવું કે સઘળાઓએ ઉપર જણાવ્યા પ્રમાણેજ કામો કરવાં પણ પ્રથમ નાતના ભલાનાં, પછી ગામના અને પછી દેશના ભલાનાં કામ કરવાં એવો અનુક્રમ રખાય તો ઠીક. બાકી કામ તો જેવો સમય અને જેની ઘણી જરૂર તે પહેલાં કરવાં.

દરેક નાતવાળાઓએ પોત પોતાને વાસ્તે અનુકુળ પડતો જુદો જુદો બંદોબસ્ત કરવો. એમ થવાથી સઘળે આનંદ આનંદ થઇ રહેશે અને એ સબંધની (જમણવારો ગયાથી) ઘણી પ્રકારની ફિકરો તથા અડચણોથી મોકળા થવાથી લોકોને પોતાના રોજગાર ઉપર મંડવાને તથા તેમાં સુધારો વધારો કરવાને બની શકશે. તેમજ મિષ્ટાન્ન પણ જમવાને બની શકશે એટલે બન્ને કામ સચવાશે માટે શાણા અને વિચારવંત દેશીઓ આ વાત ઉપર ધ્યાન પહોંચાડી, ઘટતો વિચાર કરી પોતાનું ભલું શોધી લેશે એવી આશા છે.

જમણવાર બંધ કરીએ તો જ્ઞાતિ વ્યવહાર ચાલે કે નહીં ?

કેટલાક લોકો કહે છે કે "જમણવાર બંધ કરીએ તો જ્ઞાતિ વ્યવહાર શી રીતે ચાલે?" તેઓને જવાબ જે, શ્રાવકોમાં કોઈ પણ ટાણે જમણવાર કરવાનો ચાલ નથી તેથી શું તેઓનો વ્યવહાર નથી ચાલતો ? ઉલટું બ્રાહ્મણ વાણીઆની નાતો કરતાં સારો ચાલે છે કારણ કે તેમનામાં (શ્રાવકોમાં) જ્યારે તેઓની હાંલ્લીમાં પુષ્કળ ધન ઉભરાય ત્યારે ફક્ત **નોકારસી** કરવાનો રિવાજ હોવાથી કોઇને તણાઇ મરવું પડતું નથી. વળી તેઓમાં કેવો સંપ છે, તેઓ કેવા વેપાર કરે છે તે તરફ જરા નીઘા કરો અને તેઓ જેમ પોતાની નાતનાં માણસોને ભુખે મરવા દેતા નથી* તેમ તમારી નાતમાં થવા તમોએ કદી પ્રયત્ન કર્યો છે ?

હિંદુ કોમમાં વેપાર રોજગારે તથા પૈસા ટકા વગેરેથી કોઈ પણ જ્ઞાતિ સુખી હોય તો તે શ્રાવકજ છે. મથુરાંના વૈશ્ય લોકોએ પણ ગરીબ નાતીલાઓને મદદ કરવાનો ઠરાવ કર્યો છે.

---

* પારસી કોમમાં પણ પોતાની કોમના કોઇને ભુખે મરવા દેતા નથી અને દક્ષણી કોમમાં તો કમાતા લોકો પોતાની કોમના ગરીબ અને અનાથને પોતાને ઘેર રાખી તેમનું પોષણ કરે છે એટલુંજ નહીં પણ તેમને ભણાવી ગણાવી ધંધે પણ વળગાડે છે. અમદાવાદમાં કેટલાક કડીઆઓને જ્યારે રોજી નહોતી મળતી ત્યારે કડીઆના મહાજને મળી ઠરાવ કર્યો હતો કે કોઇએ રોકડીએ જવું નહીં.

જમણવાર કરવાના ચાલ વિષે.

જ્યારે ઘંઉ દોઢમણ બે મણના,* ડાંગર અઢી મણ ત્રણ મણની, માટલાંનો ગોળ પંદર શેર સોળ શેરનો અને ઘી ૭ શેર સાત શેરનું મળતું અને વેપાર રોજગાર સારી રીતે ચાલતા ત્યારે આપણા ઘરડાઓએ જમણવાર કરવાનો ચાલ પાડેલો તેને અને તે વખતે ટાણાંની તથા દરેક ટાણે કરવાની જમણવારોની જે સંખ્યા હતી તેને ચાલતા જમાનાની સાથે સરખાવતાં તથા રાજકર્ત્તાનોજ દાખલો લઇએ તો અંગ્રેજ સરકાર પણ સમયને અનુસરી કાયદા વર્ષે, બે વર્ષે કે ચાર વર્ષે ફેરવે છે, તેમાં સુધારો વધારો કરે છે અથવા તો નવા બાંધે છે તથા બારે દિવસ કોઇના સરખા ગયા નથી+, જતા નથી અને જશે નહીં તે ઉપર (દેશ કાળ સ્થિતિનો) વિચાર કરતાં પણ આપણા રિવાજોમાં સુધારો કરવાનું શાણા અને વિચારવંત દેશીઓને જણાંયા વગર રહેશે નહીંજ.

જમણવાર વગેરેનો ખરચ લોકોને ભારે પડે છે કે નહીં?

જો ભારે પડતો નથી એમ કહેતા હો તો દાખલા તરીકે અમદાવાદની દશાનાગર વાણીઆની નાતનો દાખલો લ્યો.

* ૬૦–૭૦ વર્ષનાં ઘરડાં માણસોને પુછવાથી ખાતરી થશે કે આ પ્રમાણે સોંઘવારી હતી.

+ ૩૦–૪૦ વર્ષ ઉપર જોએલા લોકોની સ્થિતિ તપાસતાં માલમ પડશે.

સંવત ૧૯૫૧ માં તે નાતમાં નાતનાં તમામ લગ્ન આશરે વીસ બાવીસ મહા વદ ૫ ને રોજ થયાં હતાં તેનું શું કારણ ? કારણ એજ કે સઘળાઓને ઘેર સાથે ગણેશ બેસવાથી, સાથે વરઘોડા ચ- ઢાવવાથી, સાથે પૈસા વહેંચવાથી, સાથે પરણાવવાથી, સાથે અર્દ્ધ રાત્રે ધર્મ વિરૂદ્ધ સુખડી કરાવવાથી અને સાથે દસ બાર વાગ્યા પછી ગોરવ જમાડવાથી ખરચનો ઉગારો થાય.+ જો ભારે પડે છે એમ

+ આ પ્રમાણે ખરચનો ઉગારો ન કરવો એવું કહેવાની મત- લબ નથી પણ આ દાખલો અત્રે આપવાની મતલબ એ છે કે જ્યારે લગ્ન જેવા ખુશીના અવસર ઉપર લોકો ખરચ ઉગારવાનું શોધે છે (લોકોને ખરચ કરવાનું ભારે પડે છે, કારણ કે જો ભારે ન પડતું હોય તો બધાં લગ્ન એકે દિવસે થાયજ નહીં. આવી રીતે અગાઉ કોઇપણ વર્ષે બન્યું નથી) તો વહાલા માણસના મરણ પ્રસંગે (જે વખતે દવા વગેરેમાં પૈસા ખરચી વ્યાજ આવ્યા હોય યા તો પાછળ રળનાર ખપનાર ન હોય તેવા વખતમાં) મરણ પાછળ જમણવાર કરવાને લોકો ખુશી છે અથવા મરણ પાછળ જમણવાર લોકો ખુ- શીથી કરે છે અને મરણ પાછળ જમણવાર સમુળગા બંધ કરવાની જરૂર નથી એમ કોઇપણ કહી શકશે નહીં.

વળી ઘણીખરી નાતો કે જેમાં ખુશીના અવસર ઉપર જમ- ણવાર કરવાનો કર નથી અને લોકો ખુશીમાં આવે તો ખુશી- ના અવસર ઉપર જમણવારો કરે એવું છે (લોકોની મરજી ઉપર કરવા ન કરવાનું રાખેલું છે) તે નાતોમાં મરણ પાછળ (કરથી અથવા મેણાંની બીકથી) જેટલી જમણવારો થાય છે તેટલી ખુ- શીના પ્રસ્તુત ઉપર થતી નથી તેથી પણ સાફ માલમ પડે છે કે

કહેતા હો તો સુધારો કરવાની શું જરૂર નથી ? જ્યારે સુધારો કર-
વાની જરૂર જણાય છે ત્યારે સુધારો ન કરવો એ ખરેખર મૂર્ખાઇ છે.

કપડવંજનાં ૨૨ ગામની દશાખડાયતા વાણીઆની નાતમાં પણ
સઘળાં લગ્ન એકે દિવસે થાય છે.

આવાજ દાખલા બીજી નાતોમાં તપાસ કરવાથી મળી આવશે.

મડદાને સ્મશાન લઈ જવા વિષે.

કેટલીક નાતોમાં મડદાને જે ચાર માણસોએ ઉપાડયું તેમનેજ
માથે સ્મશાન લઈ જવાનો બોજો પડે છે એ ઠીક નથી. બોજો ન
પડવા માટે †**પોળોના જીલ્લા પાડવામાં** આવે એટલે કે ફલાણી

ખુશીના અવસર ઉપર જમણવારો કરવાને લોકો ખુશી જણાતા
નથી અથવા ખુશીના અવસર ઉપર જમણવારો કરવાનું લોકોને
ભારે પડે છે [કારણ કે જો લોકો ખુશી હોય તો અથવા તેમને
ભારે પડતું ન હોય તો દરેક જણ તેવા (ખુશીના) પ્રસ્તુત ઉપ-
ર જમણવાર કર્યા વગર રહેજ નહીં પણ તેમ થતું જણાતું નથી]
તો મરણ પાછળ જમણવાર કરવા લોકો ખુશી છે અથવા લોકોને
ભારે પડતું નથી એમ ધારવું એ અયોગ્ય અને અસંભવિત છે. ઉ-
પલી બીનાથી મરણ પાછળ જમણવાર કરવાને લોકો ખુશી નથી
એમ જ્યારે સ્પષ્ટ જણાય છે ત્યારે શું આવા દુઃખદાયક રિવાજનો
(મરણ પાછળ જમણવાર કરવાનો) સમુળગો અટકાવ કરવો
ન જોઇએ?

† સાંભળવા પ્રમાણે ન્યાયદર્શકના માજી અધિપતિ મી. છગન-

ફલાણી આટલી પોળનો એક જીલ્લો અને એ જીલ્લામાં કોઈ મરી જાય તો તે જીલ્લાવાળાઓએ હાજર રહેવું અને મડદાને સ્મશાન પહોંચાડવું પણ તે જીલ્લામાં કોઈ કારણથી તે વખતે માણસો પુરતાં ન હોય તો સાથેના જીલ્લાવાળાઓએ મદદ કરવી અને ઘર દીઠ એક માણસે સ્મશાન જવું એવો જ્ઞાતિ બંદોબસ્ત થવો જોઈએ+ કેટલીકમાં મડદાને ધમાચકડી કરતા સ્મશાન લઈ જાય છે એ પણ સારૂ નથી કારણ કે તેથી કેટલીક વખત હાડકી ભાગી જાય છે અથવા મડદાનું ડોકું યા પગ બહાર લબડે છે માટે મડદાને હળવે હળવે લઇ

લાલ ઉમેદચંદની નાતમાં ઘણા વખતથી જીલ્લા પાડવામાં આવેલા છે અને વાણીઆની એક નાતમાં ઘર દીઠ એક માણસ સ્મશાન ન જાય તો તેનો ત્રણ પૈસા નાતવાળા દંડ લે છે.

+ કોઈ માણસ માંદો સાજો અથવા અશક્ત રહેતો હોય અથવા તો ઘરડો હોય અને તેથી તે સ્મશાન ન આવી શકતો હોય તો તેને દંડની સજામાંથી મુક્ત કરવો પણ કોઈ કોઈ નાતમાં તેમ ન કરતાં તેના અથવા તેના ઘરના મડદાને અપમાન કરે છે (રખડાવે છે.) આ પ્રમાણે થવાથી તેને મડદું ગાડા–ગાડીમાં ઘાલી લઈ જવાની ફરજ પડે છે છતાં પણ તેનો દંડ લેવા ઉભા થાય છે, એ ઘણું દિલગીર થવા જેવું છે. અસલના વખતમાં ગાડા (રથ) વગેરેમાં મડદું લઈ જતા હતા એમ મહાભારત આદિ ગ્રંથોમાં માલમ પડે છે. અંગ્રેજો ગાડીમાં ઘાલી મડદાને લઈ જાય છે અને મુંબઈની કપોળ જ્ઞાતિમાં પણ આવા દાખલા (ગાડીમાં લઈ જવાના) બન્યા છે અને નાતે તેમના દંડ લીધા નથી (નજ લેવા જોઈએ) એવું સાંભળવામાં આવ્યું છે.

જતું.[1] કેટલીકમાં મડદાને ઉપાડવાને માટે પ્રથમ ચાર પિત્રાઈઓજ જોઈએ, તેઓ ઉપાડે તોજ પછીથી કામ આગળ ચાલે (એટલે બીજાઓ લે) એ એક જાતનો વહેમ જણાય છે અને તેથી તેનો ત્યાગ કરવો જોઈએ.

મિથ્યા કુળાભિમાન વિષે.

દારૂડીઓ માણુસ દારૂના કેફમાં જેમ અવિચારી અને ખોટાં કામો કરે છે અને તેના લાભ કે ગેરલાભનું ભાન તેને રહેતુ નથી તેમ મિથ્યા કુળાભિમાન માણસોને પણ દીકરાને તેના સરખી અથવા મોટી ઉમરની કન્યા સાથે પરણાવતાં, લાભ કે ગેરલાભનું ભાન રહેતું નથી અને પાછળથી જ્યારે ઘણાં માઠાં પરિણામ નિપજે છે ત્યારે નશીબ કે કળિયુગનો વાંક કાઢે છે. માટે હે પ્રિય વાંચનાર ! તમે, જેટલા મિથ્યા કુળાભિમાની હોય તેમના દીકરાનાં શરીર અને તેમની સ્થિતિ લક્ષમાં લ્યો એટલે દીકરાને બાળપણમાં પરણાવવાથી કેટલા બધા ગેરફાયદા થાય છે તેનો આબેહુબ ખ્યાલ ધ્યાનમાં આવશે.

છોકરાંનું અહિત કેમ થાય છે ?

દીકરો ઘોડીઆમાં ઝડપાવાથી, અથવા તેને બાળપણમાં મોટી

૧. પારસીમાં, ઘાંચીમાં અને વહોરા વગેરેમાં મડદું હળવે હળવે લઈ જતા અને જરા જરા બધાને મડદું ઉચકતા કર્ત્તાએ નજરે જોયા છે. આ રિવાજ સૌ કરતાં સરસ છે.

અથવા સરખી વયની કન્યા સાથે પરણાવવાથી દીકરાનું શરીર ૧૪ વર્ષની ઉમરમાં સંસાર વ્યવહાર કરવાથી પુરેપુરૂં બંધાઇ મજબૂત થતુ નથી.. બાળપણમાં શરીરનો બાંધો અપૂર્ણ અને કાચો હોય છે તેથી તેવી વયમાં સંસાર વ્યવહાર કરવાથી કુમળુ શરીર દિવસે દિવસે વધારે નબળું થતુ જાય છે, શરીર નબળું થવાથી યાદદાસ્ત અથવા સ્મરણ શક્તિ ઓછી થાય છે, યાદદાસ્ત શક્તિ કમી થવાથી વિદ્યાભ્યાસ સારો થઈ શકતો નથી, વિદ્યાભ્યાસ સારો નહીં થઈ શકવાથી ભણતર અધુરૂં રહે છે, ભણતર અધુરૂં રહેવાથી દીકરાને બાળપણમાં મજુર જેટલા જુજ પગારથી નોકરી કે ગુમાસ્તી કરવાની જરૂર પડે છે અને તેથી જીવતા સુધી દરિદ્ર અવસ્થા ભોગવે છે. કદાચ નબળે શરીરે બહુ મેહનત લઈ વિદ્યાભ્યાસ સારો કરે છે તો તેના શરીરમાં ધાતુ ક્ષય થાયછે અને જીરણ જ્વર વગેરે રોગ લાગુ પડે છે તેથી દીકરો વિદ્યાભ્યાસનું સારૂં ફળ ભોગવવા લાંબો વખત જીવી શકતો નથી અને બાપની હયાતીમાં પોતાની પાછળ જુવાન વિધવા મુકી મરણ પામે છે. આ પ્રમાણે જુવાન દીકરો જુવાન અવસ્થામાં મરણ પામે છે અને દીકરીઓ બાળરાંડ થાય છે માટે નાની વયમાં દીકરા અથવા દીકરીનાં લગ્ન કરવાં એ સારૂ નથી.

ખોટી ધારણા.

નાતોની અંદર જ્યારે કોઈ પણ વૃદ્ધ પુરૂષ અગર સ્ત્રીનાં મરણ પાછળ ગરૂડ પુરાણ બેસાડવામાં આવે છે ત્યારે જ્ઞાતિજન મરનારને ઘેર સારૂ જમણ થશે એમ આશા રાખે છે એટલુંજ નહીં પણ કેટલાક તે મરનારના ઘરનાંને ગરૂડ પુરાણ બેસાડયું તેથી

નાતની જાણે ચોરી કરી હોય તેમ તેને કહે છે કે "ભાઇ! ગરૂડ પુરાણ બેસાડયું ત્યારે તો સારૂ જમણ કરવું પડે." આવું ધારવું તથા સમજાવવું મૂર્ખાઇ ભરેલું છે કારણ કે ગરૂડ પુરાણ બેસાડે છે તે સારૂ જમણ કરવાને માટે બેસાડતા નથી. મરનારના ભલા સારૂ શાસ્ત્રના આધારે તેની પાછળ રોવા કુટવાનો ચાલ બંધ થાય એટલે કે મરનારની પાછળ બાઇડીઓ કુટે રડે નહીં અને તેથી કરીને મરનારને બીજી દુનિયામાં દુઃખ પડે નહીં એટલા માટે ગરૂડ પુરાણ બેસાડે છે, પણ સારૂ જમણ કરવાની નિશાની તરીકે ગરૂડ પુરાણ બેસાડવામાં આવેછે એમ કદી ધારવું નહીં.

——:*:——

સ્વજ્ઞાતિનું હિત કરવાના ઉપાય.

૧. પ્રથમ પોતાના હિતને સારૂ પોતાના કુટુંબને વિદ્યાદિ સદ્ગુણ આપીને સુધારવું કે જેથી તેમની આબરૂ વધે અને પોતે તથા પોતાના ઘરનાં સઘળાં માણસ સુખી થાય.

૨. પોતાનાં ઘરનાં માણસો સાથે સગાંવહાલાં અને પાડોશીનો સબંધ વિશેષ હોય છે માટે તેમને પણ ઉપરના સદ્ગુણ આપી સુધારવાં કે જેથી પોતાનાં ઘરનાં માણસો એક બીજાનું જોઈ વિશેષ સુધરતાં જશે અને કલેશ કુસંપ દૂર જતો રહેશે એટલે પોતે, પોતાનું કુટુંબ સગાંસહોદર અને આડોશીપાડોશી સૌ સુખી થાય.

૩. સગાં સબંધી અને પાડોશીના પછી જ્ઞાતિ હિતમાં ચિત્ત ચોટાડવું. તે એવી રીતે કે પોતાના ગામ કે શહેરના સ્વજ્ઞાતિ જનોમાં સારા સારાં વિદ્વાન, ડાહ્યા અને ધનવાન પુરૂષોને મહિનામાં એક વખત કોઈ પ્રસિદ્ધ સ્થળે ભેગા કરવા અને તેઓને

વિદ્યા, ધર્મ, નીતિ, અને સંપ વગેરેથી શા શા લાભ થાય છે તે સમજાવવા. પોતાની જ્ઞાતિમાં જે નઠારા રિવાજો દાખલ થઇ ગયા હોય તેને ધીમે ધીમે દૂર કરી સારા સારા દાખલ કરવા કે જેથી આગળ જતાં જ્ઞાતિનાં સર્વ મનુષ્ય સુધરે અને તેમની ઉન્નતિ થાય. એવા ઉપાયો યોજવામાં તથા તે બાબતમાં કેટલુંક ખર્ચ કરવું પડે તેને સારૂ જૂદા જૂદા પ્રકારનાં ફંડ કરવાં કે જેથી કોઇને હરકત પડે નહીં અને ફંડોની વ્યવસ્થા કરવા સારૂ દરેક સ્થળમાં પાંચ અથવા મરજી પડે તેટલા વિદ્વાન, સમજુ અને પ્રમાણિક માણસોને પંચ નીમી તેમના હસ્તક સઘળું કામ કરાવવું.

૪. એ રીતે પોતાનાં સગાં સબંધી, કુટુંબ કબીલા, આડોશી પાડોશી અને જ્ઞાતિજાતિમાં એક સરખો સુધારો કરવા સારૂ પોતાના પ્રાંત કે દેશના સઘળા જ્ઞાતિ બંધુઓની ઐકયતા કરવી. તે એવી રીતે કે દર વર્ષે કે ત્રણ વર્ષે એક વખત કોઈ પ્રસિદ્ધ સ્થળમાં સઘળાં સ્થળોમાંથી વસ્તીના પ્રમાણમાં પ્રથક પ્રથક બબે, ચાર ચાર અગ્રેસર ગૃહસ્થોને ભેગા કરવા. (જેમ ઔદિચ્ય વગેરે જ્ઞાતિના મેળાવડા મળે છે તેમ). પછી તેમાં હાલ જે જરૂરની બાબતો હોય તેનો પ્રથમ સુધારો કરવા યત્ન કરવો. તે ચાલુ થાય એટલે પછી બીજા જ્ઞાતિ ઉન્નતિના ઉપાયો યોજવા.

ઉપર લખ્યા પ્રમાણે પોતાની જ્ઞાતિની ઉન્નતિને અર્થે જેઓના મનમાં સ્વજ્ઞાતિનું હિત કરવાની લાગણી હોય તેવા વિર પુરૂષોએ જાગ્રત થઇ, પોતાના રૂવસ્થાનના લોકોને જાગ્રત કરી, બીજા ગામોના જ્ઞાતિ જનોને જાગ્રત કરવા માટે બોધ—ઉપદેશ કરવા. આવા ઉમેદવારોની હાલના સમયમાં ઘણી જરૂર છે. વાંચક વર્ગ જો તમે

સ્વજ્ઞાતિનું હિત ઇચ્છતા હો તો વિર પુરૂષની પેઠે હમેશાં થોડું કે ઘણું તેમાં ચિત્ત ચોટાડો. સઘળા સમજુ, વિદ્વાન અને જ્ઞાતિના આગેવાનોની ફરજ છે કે તેમણે જ્ઞાતિ હિતના દરેક કામમાં આગેવાન થઈ પ્રથમ પગલું ભરવાની પહેલ કાઢવી જોઇએ.

એકમેકને મદદ કરવાં વિષે.

પરમેશ્વરે માણુસને આ દુનિયામાં એકમેકને મદદ કરવાને સરજ્યાં છે. માણુસ જો એકમેકને મદદ ન કરે તો દુનિયામાં ઘણી ખરાબી થાય. જેમ માણુસના શરીરના અવયવો પોત પોતાનું કામ ન કરે તો શરીરની ઘણી ખરાબી થાય તેમ જો આપણે માણુસ જાત થઇને એક બીજાને મદદ ન કરીએ તો આપણી પણ તેવીજ સ્થિતિ થાય. દાખલા તરીકે ખેડૂત ખેતિવાડીનું કામ ન કરે, કાપડ વણુનાર કાપડ વણુવાનું કામ બંધ રાખે અને ખાણ ખોદનારા વગેરે પોત પોતાનું કામ કરે નહીં તો ખાવાને અનાજ અને પહેરવાને લુગડાં વગેરે આપણુને મળે નહીં એટલુંજ નહીં પણ દરેક જણુને ઘણી ઘણી અને ઘણીજાતની મેહેનત કરવી પડે.

ઉપરની બીનાથી માલમ પડે છે કે હરેક માણુસ પોતાના પોષણ તથા વૈભોગને માટે સઘળાં કામો કરવાને કેવળ અશક્ત છે. આગગાડી, આગબોટ અને ધાન લુગડાં વગેરેનું જે સુખ આપણે ભોગવીએ છીએ તે માણુસોની અરસપરસની મદદથીજ છે માટે સર્વ માણસોએ એક બીજાને મદદ કરવી જોઇએ. એકમેકની મદદ વગર માણુસની હાલત સુધરવાનો ઉપાય નથી માટે ભાઇઓ !

દરકોઇ માણસ સારૂ કામ કરવાને તૈયાર થાય તેને તમારાથી થાય તેટલી, થઇ શકે તેટલી અને થઇ શકે તે રીતે, તન મન અગર ધનથી મદદ કરો.

——:o:——

નાતોના આગેવાનોને વિનંતી.

પેદાશ કરતાં ઘર ખરચ વધ્યાને લીધે, જમણવારનાં ટાણાંની સંખ્યામાં તથા દરેક ટાણાં ઉપર કરવાની જમણવારોની સંખ્યામાં ઘણો વધારો થવાને લીધે, સોંઘવારી પહેલાંના જેટલી ન હોવાને લીધે, વિદ્યાનો જોઇએ તેવો ફેલાવો ન થવાને લીધે અને પડેલા નઠારા રિવાજોમાં સુધારો ન થવાને લીધે કેટલાંક કુટુંબો ગામમાં ઘર અને શીમમાં ખેતર વિનાનાં, સૂવા પૃથ્વી અને ઓઢવા આભ; જગતમાં પરમેશ્વર શિવાય કોઇ બેલી નહીં એવી રીતે પાયમાલ થઇ ગયાં છે અને થતાં જાય છે છતાં સમજુ લોકો તે બંધ કરવાના ઉપાય જ્યારે ન કરે ત્યારે તેમને સમજુ માણસો કેમ ગણી શકાય? માટે દરેક નાતના સમજુ આગેવાનોએ દેશ કાળ સ્થિતિનો વિચાર કરી અધમાવસ્થામાંથી મુક્ત થવા જે માર્ગે ઉન્નતિ થાય તે માર્ગ લેવો ઘટે છે. જે જે રીતભાતથી નાતને નુકશાન ને નામોશી છે, તે તે રીતભાતનું છેદન કરવાની જરૂર છે, જે-જે ચાલ ખરચાળ ને નાતને ગરીબ સ્થિતિમાં લાવી નાખનાર હોય તે તે ચાલ કમી કરવા પેરવી થવી જોઇએ. જે જે રૂઢિઓ ધર્મ અને નીતિ વિરૂદ્ધ માલમ પડે તે તે રૂઢિઓનો મૂળચ્છેદ ખસુસ કરવો અગત્યનો છે. બીજી નાતોએ સારા ધારા

બાંધ્યા હોય તેનું અનુકરણ કરવું એ યોગ્ય છે. કન્યા વિક્રય શાસ્ત્ર વિરૂદ્ધ ને અધમ હોવાથી સમજુ લોકો તે કરનારને ફિટકાર આપે છે. કજોડાં દુઃખદાયક અને શરીર નિર્માલ્ય કરાવનાર છે અને તેથી નિપજતાં ખરાબ પરિણામ આપણા જોવામાં આવે છે. જ્ઞાતિ જમણુ (નાતવરા) નાં બંધન નુકશાનકર્ત્તા ને ગરીબાઇ પ્રાપ્ત કરાવનાર છે. પ્રેતાન્ન, સીમંત અને વાસ્તુનું ખાવું શાસ્ત્ર વિરૂદ્ધ છે. રોવા કૂટવાનો રિવાજ શોકમાં વધારો કરાવનાર, ધર્મશાસ્ત્ર તથા વૈદકશાસ્ત્રથી ઉલટો અને સમજુ વર્ગમાં હાંસી કરાવનાર છે. નાની બૈરી ઉપર શૉક્ય લાવવાનો કે એક સ્ત્રી હયાત છતાં બીજી પરણવાનો ચાલ સંતાપજનક છે. ફટાણાં ગાવાની રીત અમર્યાદને અનીતિ ઉપજા કરનારી હોવાથી સમજુ લોકો તે તરફ ધિક્કારની નજરથી જુએ છે. નાતના વધતા જતા લાગા (કર) લોકને દરિદ્રી કરનારા છે. નાતોમાં તડાં પડવાથી કુસંપ વધે છે, કન્યાની અછત થાય છે ને વરકન્યાનાં સંતોષકારક જોડાં મળી શકતાં નથી. નાતોમાં વિદ્યાનો ફેલાવો થયા વગર અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામનાર નથી, સુધારો દાખલ થવાનો નથી ને નાતની આબાદી થનાર નથી માટે આ સઘળી બાબતો ઉપર લક્ષ રાખી સમયાનુસાર સુધારો થવાનો પ્રયત્ન નાતોની અંદર થયા કરશે તો ઇશ્વર સહાયતાથી સઘળાં સારાંવાનાં થશે.

જ્ઞાતિભોજન વગેરે પાછળ થતા ખરચોનો અટકાવ કરવા સત્વર પગલાં ભરવાથી પૈસાનો બચાવ થશે અને તેથી લોકોને પોતાનાં છોકરાંને કેળવણી આપવાનું, વેપાર રોજગાર ઉપર મંડવાનું અને નાતનાં, ગામનાં તથા દેશનાં ઘણું ફાયદાકારક અને પરમાર્થનાં કામો કરવાનું બની આવશે અને ઘણું સુખ થશે.

સુખની ઇચ્છા.

સર્વ મનુષ્ય પ્રાણી પોતાના કુટુંબ સાથે સુખી રહેવાને ઇચ્છે એ સ્વાભાવિક છે અને ઘણીખરી બાબતોમાં જો કંઇ ખરાબ વ્યવસ્થા ન હોય તો તે (સુખ) મળે છે. ઘણાં માણસો તેમની યુવાવસ્થાથી તે મરણની છેલી અણી સુધી કંટાળા ભરેલી ચિંતાતુર જીંદગી ગાળે છે એટલુંજ નહીં પણ પોતાનાં છોકરાંને તે (કંટાળા ભરેલી ચિંતાતુર જીંદગી) વારસામાં આપી જાય છે. આમ થવાનાં ઘણાં કારણોમાંનું મુખ્ય અને જગ પ્રસિદ્ધ કારણ દેવું કરવાનો ચાલ છે માટે સુખની ઇચ્છાવાળા પુરૂષે દેવું કરવું નહીં.

ઉદ્યોગથી તથા લાભ.

શરીરને રોગથી અને મનને દુષ્ટ કર્મોથી બચાવનાર ઉદ્યોગછે. આરોગ્યતા, આનંદ, પૈસો ટકો, સંતોષ, સદ્ગુણ અને સુખ એ સૌ ઉદ્યોગનાં ફળ છે માટે સૌએ નીતિનો ઉદ્યોગ કરી પૈસા પેદા કરવાની મેહેનત લેવી.

જંગલી અને સુધરેલા માણસમાં તફાવત.

જંગલી અને સુધરેલા માણસમાં મોટો તફાવત એજ કે સુધરેલા માણસ ભવિષ્યનો પ્રથમ વિચાર કરે છે અને પછી તેની તૈયારી કરી મેલે છે અને જંગલી માણસ ફક્ત ચાલતા વખતનોજ વિચાર કરે છે. તે આજ મેળવેલો ખોરાક ખાઈ મોજ માણે છે અને બીજે દિવસે ભુખથી પીડાય છે એટલે તે "મળ્યું ત્યારે અમીર અને ન-

મળ્યું ત્યારે ફકીર" એ કહેવત પ્રમાણે પોતે જે કમાયો હોય છે તે એકદમ ખરચી નાંખે છે. તેથી જ્યારે મંદવાડ કે બીજું અણધાર્યું ખર્ચ આવે છે ત્યારે તેને દેવું કરવું પડે છે. ડાહ્યો માણસ નાણું બચાવી રાખે છે અને જ્યારે જરૂર પડે છે ત્યારે તે વાપરે છે જેથી કરીને તે વ્યાજના ભારે બોજામાંથી મુક્ત રહે છે.

ધર્મ વિષે.

દરેક માણસનો ખરો ધર્મ એ છે કે પોત પોતાની જ્ઞાતિ અને વર્ણાશ્રમના ધર્મ વિષે કોઇપણ પ્રકારનો અહંકાર તથા મમત નહી રાખતાં જુદા જુદા ધર્મનાં મનુષ્યો પ્રત્યે માયાળુપણે વર્ત્તવું એજ બધા ધર્મશાસ્ત્રોનો સંપ્રદાય છે. જુદા જુદા ધર્મમાં મનાતા દેવો એકજ છે એમ સમજી મમત કરી તકરાર કરવી નહી. દયા એ ધર્મનું મૂળ છે.

મનુષ્યા દેહનું સાર્થક.

હરકોઇ કામ અથવા ક્રિયા, શુભ અથવા અશુભ કરતાં, બોલતાં યા ચાલતાં પરમેશ્વરનું સદા સ્મરણ રાખવું ને પ્રાતઃકાળે સુર્ય ઉગ્યા પહેલાં ઉઠી નાહી ધોઇ સ્વચ્છ થઇ પોત પોતાના ધર્મ પ્રમાણે ઇષ્ટ દેવની શુદ્ધ અંતઃકરણથી એક ચિત્તે ભકિત કર્યા પછી વ્યવહારીક કામકાજ કરવું એજ મનુષ્યાદેહનું સાર્થક તથા સંસાર સાગર તરવાનો ઉપાય છે.

માબાપોની ફરજ.

માબાપોએ પોતાનાં છોકરાંને મધુર અને સત્ય બોલતાં શિખવવું. સારૂ સારૂ ખાવાનો તથા ઘરેણાં લુગડાં પહેરવાનો શોખ હદ ઉપરાંત થવા દેવો નહીં અને ઘરેણાં ઘાલી રખડતાં મુકવાં નહીં. ચોરી તથા કજીઓ કરતાં અટકાવવાં ને તેમની સંભાળ રાખવી. કુવચન તથા અપશબ્દ બોલતાં અટકાવવાં. કોઇ જાતના દુર્ગુણી વ્યસનમાં પડવા દેવાં નહીં. શરીર તથા કપડાં ચોખ્ખાં રાખવાની ટેવ પાડવી. વિવેક અને સાચું બોલવાની ટેવ તેમની જીંદગી પર્યંત રહે તેમ શિખવતાં રહેવું. પોતાના ધર્મ સબંધી અસર થાય તેમ બતાવતાં રહેવું. શાસ્ત્રને અનુસરી વર્તવા બોધ કરતાં રહેવું. રમત ગમત કરવાની નિયમીત છુટ આપવી. કોઈ વાતની આડાઈ, હઠીલાપણું તથા ગુસ્સો કરવાની ટેવ પડવા દેવી નહીં. સૌ સાથે હળી મળીને ચાલવા રહેવા તથા કુટુંબનાં માણસો સાથે સલાહ સંપ રાખવા અને ગુરૂ તથા વડીલની મર્યાદા રાખવા તથા આજ્ઞા માનવાનું શિખવવું. તેમની લાયક ઉમરની સમજ થતાં સુધી તેમની મરજી પ્રમાણે ચાલવા દેવાં નહીં. દુર્ગુણી અને રમતિયાળ છોકરાંની સોબત થવા દેવી નહીં. જેમ જેમ કેળવણીનું જ્ઞાન થતું જાય તેમ તેમ વધારે અને સારી કેળવણી આપવામાં પૂરતું ધ્યાન આપવું. સવારમાં વહેલાં ઉઠવાની ટેવ પાડવી. નિશાળે વખતસર મોકલવાં. ઘર આગળ લખાવવું વંચાવવું. નીતિના ઉદ્યમની, સંસાર વ્યવહારના કામકાજની, ઘરખરચનો હિસાબ રાખવાની, કરકસર કરવાની અને સારી વર્તણુંકથી ચાલવાની ટેવ પાડવી. તથા નાનપણમાં પ-

રણાવી જંજાળમાં નાંખવા નહીં. બાળકીઓને ઘર કામકાજની, સારી રસોઈ કરવાની, ઘરનો સરસામાન સંભાળવાની, લજ્જા અને મર્યાદા રાખવાની, પતિવ્રતા ધર્મ પાળવાની અને નવરાશની વખતે ભરતકામ વગેરે હુન્નર શિખવવાની, કરકસર કરવાની ઈત્યાદિ કેળવણી આપતાં રહેવી.

---

*ગજા ઉપરાંત ખર્ચ કરવા વિષે.

સ્માઈલ્સ નામનો અંગ્રેજ કહે છે કે "શુદ્ધ ચિત્તનો માણસ પોતે જેવો છે તેના કરતાં સાદો દેખાડવાને અથવા પૈસાદાર નહીં છતાં પૈસાદાર બતાવવાને અથવા પોતાની સ્થિતિને નહીં છાજે તેવી રીત ધારણ કરવાને અચકાય છે. બીજા લોકોનાં અપ્રમાણિક પણે મેળવેલાં સાધન કરતાં પોતાના પ્રમાણિકપણે મેળવેલાં સાધનમાં રહેવાનીજ તે હિંમત રાખે છે કારણ કે તે પોતાની પેદાશ ઉપરાંત ખર્ચ કરી ભુખે મરવું પડે (દુઃખ વેઠવું પડે) તથા સારી સ્થિતિમાં રહેવા દેવું કરવું પડે તેના કરતાં પ્રમાણિકપણે ભૂખે મરવું ઉત્તમ ગણે છે અને અપ્રમાણિક માણસને ખીસ્સા કાતરૂ જેવો સમજે છે." આ દાખલો જેઓ પોતાના બાપદાદાની પેઠે સાદી જીંદગીથી સંતોષ પામતા નથી તેઓને લાગુ પડે છે. કારણ કે તેઓ માન આબરૂ મેળવવાને ભપકાની જરૂર ધારે છે અને બહારનો દેખાવ બતલાવવાને જેવું તેવું દેવું કરે છે.

---

*નાતોની અંદર જમણવાર વગેરેમાં આવા દાખલા ઘણા બનેછે.

* વ્યભિચાર વિષે.

વ્યભિચાર કરવો એ ઘણું ઘાતકી કામ છે અને તેમાં કાંઇ સાર નથી પણ તન, મન અને ધનની ખુવારી છે. શાસ્ત્રમાં એને મોટામાં મોટું +**પાપ** ગણેલું છે. પરસ્ત્રી અગ્નીની ઝાળ જેવી છે, એનું ઝેર નાગણથી પણ અધિક છે અને તેથી મોહ પાસમાં પડેલો પુરૂષ મહા વિદ્વાન હોય તો તે પણ તે જાળમાંથી છુટી શકતો નથી. વ્યભિચારથી મોટા મોટા રાજાઓ પણ પૈસે ટકે અને આબરૂ ઈજ્જતે પાયમાલ થઈ ગયા છે એટલુંજ નહીં પણ કેટલાક રાય હતા તે રંક થઈ ગયા છે, કેટલાકે પોતાના જીવ ખોયા છે અને કેટલાક ફાંસીને લાકડે લટક્યા છે. દાખલાઃ—ગૌતમ રૂષિની સ્ત્રી અહલ્યા ઉપર ઈંદ્રને મોહ થયો તો તેને રૂષિના શ્રાપથી આખા શરીર ઉપરનાં જેટલાં છીદ્ર તેટલાં કાણાં થઈ ગયાં અને અહલ્યાને પથ્થરની શીલા થવું પડયું, રામચંદ્રજીનાં પત્નિ સીતાજીનું હરણ લંકાના રાજા રાવણે કર્યું તો તેનું મત્યું થયું અને ચંદ્રે એ કામ કર્યું તેથી તેને ક્ષયનો રોગ થયો. કૈયાકોચકે દ્રૌપદી ઉપર કુદ્રષ્ટી કરી તો તેના પ્રાણ ગયા અને ગુજરાતનો રાજા કરણઘેલો પ્રધાનની સ્ત્રીને માટે ખુવાર થયો. એવી રીતે આવા મોટા સમર્થને દુઃખ થયું તો બીજાઓને વધારે દુઃખ પડે તેમાં કંઈ સંદેહ નથી.

વળી વ્યભિચારી માણસમાં ચોરી કરવી, જુઠું બોલવું, અધર્મ

---

* કામ વાસનાએ કરીને કુદ્રષ્ટી કરવી તે.

+મોટામાં મોટાં પાંચ પાપઃ—૧ દારૂ પીવો. ૨ માંસ ખાવું. ૩ ચોરી કરવી. ૪ વ્યભિચાર કરવો. ૫ હિંસા કરવી.

અને અન્યાય કરવો એ વગેરે દુર્ગુણ વાસો કરી રહે છે. વ્યભિચારીની લોકમાં અપકીર્તિ થાય છે, તેના શત્રુ પેદા થાય છે અને તેનું અકાળ મૃત્યું થાયછે. વ્યભિચારી ઉપર તેનાં સગાંસ્નેહી, રાજા અને પરમેશ્વર કોપે છે. વ્યભિચારીને સારી બુદ્ધિ અને ઉદ્યમ સુજતાં નથી અને વેદ તથા ન્યાયશાસ્ત્ર પ્રમાણે તેણે જે પુન્ય, જપ યા તપ કર્યું હોય છે તેનો નાશ થઈ જાય છે. શરીરે દુ:ખી થાય છે, બાપનું નામ બોળે છે અને ઉજળા મુખથી બોલી શકતો નથી એટલુંજ નહીં પણ તે કુતરા જેવો ગણાય છે અને સૌ લોકો તેને ધિક્કારે છે. વ્યભિચારીનો કોઈ વિશ્વાસ રાખતું નથી, સારાં માણસો સંગ કરતાં નથી અને મુઆ પછી તે નર્કે જાય છે; માટે હે ભાઇઓ અને બહેનો! તમે પરસ્ત્રી તથા પરપુરૂષ સામે કુદ્રષ્ટીથી જોશો નહીં કારણ કે તેમ કરવાથી પુન્ય દાનનો નાશ થશે, પૈસે ટકે અને આબરૂઇજતે ખુવાર થશો એટલુંજ નહીં પણ કોઇ પૈસા ધીરશે નહીં, મંદવાડમાં કોઇ ચાકરી કરશે નહીં અને આખરે પગ ઘસી રીબાઇ રીબાઇને મરવું પડશે.

વખત અને કામની વ્યવસ્થાથી થતા ફાયદા.

વખત અમૂલ્ય છે. એની કિંમત થઈ શકે તેમ નથી. ગએલો વખત કદી પણ પાછો આવતો નથી. આપણી તબિયત બગડી હોય છે તો તે દવા ખાધાથી પાછી મેળવી શકીએ છીએ અને દોલત ખોઇ હોય છે તો તે ઉદ્યમે કરીને પાછી મેળવવાનો સંભવ રહે છે પણ ગુમાવેલો વખત મહા યત્ને પણ પાછો મેળવી શકાતો નથી. માટે સૌ કરતાં વખતની કિંમત અધિક છે અને જ્યારે એમજ છે

ત્યારે તો આપણાથી બને તેટલો તેનો સદ્ઉપયોગ કરવો, સારાં તથા પરોપકારી કામો કરવાં અને ઉદ્યમ વગર ગુમાવવો નહીં. માણુસ માત્રને માથે કાળચક્ર હમેશાં ફર્યા કરે છે અને મરવાનું એ તો નક્કીજ છે પણ ક્યારે તે આપણાથી જાણી શકાય તેમ નથી. કારણ કે જીવનદોરી પરમેશ્વરેં પોતાના હાથમાંજ રાખેલી છે. ઘડી પછી અથવા ભવિષ્યમાં શું થશે તેની કોને ખબર છે? કાયા એ પાણીના પરપોટા જેવી છે માટે દરેક માણુસે ક્યાંથી આવ્યો ને ક્યાં જઇશ તેનો વિચાર કરી દરરોજ પ્રભાતે ઉઠી નાહી ધોઈ સ્વચ્છ થઈ ઇશ્વરનું ભજન કરી પછી વ્યવહારીક કામકાજ કરવું. કામની વ્યવસ્થાથી સૌથી કિંમતી એવો જે વખત તેનો એથી ઘણો બચાવ થાય છે, ઘણાં કામ માથે લેવાની અને તે પુરાં કરવાની વધારે શક્તિ આવે છે, મન દૃઢ અને ગુંચવણ વગરનું રહે છે, સ્વભાવ શાંત ને સ્થિર રહે છે, સંસારી આબાદી વધે છે અને જ્ઞાન મેળવવામાં વિશેષ મદદ મળે છે. અંગ્રેજ લોકો ઘણું કામ કરી શકે છે તેનું એક કારણ વ્યવસ્થા છે.

દેવા રહીત હોવાથી થતા ફાયદા.

પૈસાનો બચાવ થાય છે, દ્રવ્ય સબંધીનો આતુરતા અથવા દેવાની ચિંતા ન હોવાથી સ્વતંત્રતા જળવાય છે, આબરૂ જળવાય છે, સત્ય અને પ્રમાણિકપણું દાખલ થાય છે, ગરીબને અને દરેક સારા કામને મદદ આપવાની શક્તિ પેદા થાય છે અને કુટુંબને આસ્વાસન તથા છોકરાંને સારો દાખલો અપાય છે.

કોના જીવિતને ધન્ય છે?

સર્વ કોઇના જાણવામાં હશેજ કે માણસ માત્રને પોતાનું એ અતિ પ્રિય હોય છે. પછી ભલે બીજાને તે ખોટું કે અપ્રિય હોય! પરંતુ પોતાને પોતાનું સર્વ સારૂંજ લાગે છે. પોતાના મૂળનું વૃત્તાંત સંભળાવવા, પોતાનું લક્ષ્મી કે વિદ્યાથી ભલું કરવા અને પોતે સારી સ્થિતિમાં (દ્રવ્યવાન) હોય તો પોતાની *જ્ઞાતિ જાતિ, પાડોશી કે સ્વદેશીનું ભલું કરવા થોડો કે ઘણો ઉત્સાહ સર્વ રાખે છે. પોતાનું કોને પ્રિય નથી? વિર પુરૂષો પોતાની જ્ઞાતિ જાતિ કે સ્વદેશીનું ભલું કરવા એટલા ઉમંગથી મચે છે કે જેમ લડાઇમાં પડેલો શૂરવિર ક્ષત્રી પોતાના રાજ્યને, રાજાને અને સ્વભૂમિ કે નામને ખાતર પ્રાણાંત સુધી પણ પાછો ફરતો નથી, તેમજ પોતાના દ્રવ્યની કે દેહની લગાર પણ દરકાર કર્યા શિવાય તેમને માટે પ્રયાસજ કરે છે. શ્રમ તે શું? તેનું તેઓને ભાનપણ હોતુ નથી. એવા વિરલા પુરૂષોના જીવિતને ધન્યછે.

---

*પોતાનું ભલું કરવું–શુભ ઇચ્છવું એ તો પોતાનીજ ફરજ છે છતાં જે પોતાની જ્ઞાતિના હિતમાં ભાગ નથી લેતો–આશ્રય નથી આપતો તે.ગમે તો લક્ષાધિપતિ હોય રાજા હોય કે દીવાન હોય, જસ્ટીસ ઑફ ધી પીસ, બેરીસ્ટર, હાઈકોર્ટ પ્લીડર, વકીલ, ન્યાયાધિશ, મામલતદાર, ફોજદાર, નામાંકિત ગૃહસ્થ–વ્યાપારી, કે આબરૂદાર હોય તોપણ કંઇ ઉપયોગનો નથી. તે જીવતો– ન જીવતો સરખો છે કારણ કે પોતાના હિતમાં ભાગ નથી લેતો તે બીજાનું શું ભલું કરશે? અને જેણે દુનિયામાં જન્મ લઇ બીજાને ઉપયોગી થવા જેવાં કામ ન કર્યાં તેનો જન્મ વૃથા ગયો સમજવો.

સહનશિલતા (ધીરજ)થી થતા ફાયદા.

માથે આવી પડેલી આપત્તિ ઓછી થાય છે. આપત્તિમાં મન શાંત રાખવાને, જોઇતી મેહેનત કરવાને અને ફાવતી જોગવાઈ સાધી લેવાને શક્તિમાન થવાય છે. જોઇતી મહેનત અને ફાવતી જોગવાઇના ઘટિત ઉપયોગવડે ફરીથી સારી સ્થિતિમાં અવાય છે. શરીરની વેદનાનું જોર કમી થાય છે અને શરીરનો બાંધો નિરોગી ને કૌવતવાળો થાય છે. વળી દુશ્મનનું જોર ઘણું કરી કમી થાયછે, જુલમી માણસ પણ ઓશીઆળો થાયછે અને સારો મત મેળવાયછે.

દેવમાંથી મુક્ત થવાના રસ્તા.

કમાઈ અને દેવાનો સંભાળથી અડસટ્ટો કરવાથી, જો બની શકે તો દેવું કરવામાં ઘરેણું ગીરો મુકવા કરતાં અને વ્યાજ દરાવી રૂપિયા લેવા કરતાં તે વેચી નાંખવાથી કમાણી ઉત્તમ રીતે કેમ ખર્ચવી તેનો વિચાર કરવાથી, ઉપજ ખરચના હિસાબનું નામું લખવાના રિવાજથી, હરકોઈ વસ્તુ રોકડેથી ખરીદવાથી, જે સામાન લેવો હોય તે પહેલાં તેની કિંમતનો તથા તે ખરચવાની પોતાની શક્તિનો વિચાર કરવાથી, હરાજીમાં હાજર રહેવાનું તથા દુકાનોમાં પ્રયોજન વિનાનું જવું બંધ કરવાથી, વ્યસનમાં પૈસા ન ખરચવાથી, જામીનગીરીને ધિક્કારવાથી. જે બની શકે તેવું ન હોય તેની ચોખ્ખી ના કહેવાથી, ઉદ્યોગી થવાથી, પરમેશ્વરની બીક રાખવાથી, બની શકે એટલું મેળવવાથી, બની શકે તેટલું બચાવવાથી અને બની શકે તેટલું આપવાથી દેવામાંથી મુકત થવાય છે.

(આ પુસ્તકમાં દરેક સુધારાની સાથે સાથે જે ટીપ આપી છે તે શિવાયના)

જુદી જુદી નાતોના સુધારા.

કન્યા આપવા લેવા વિષે.

૧. સુરતના દશા અડાળજા મોઢ વાણીઆં અમદાવાદીમાં એવો ધારો છે કે દશા અડાળજા મોઢ વાણીઓ કોઇપણ ગામનો સુરતમાં જઇ રહે, નાતમાં પોતાનું લહેણું નોતરૂં દાખલ કરાવે અને આવ્યાં ગયાં ખરચ સુરતમાં કરે તો તેને કન્યા દેવી. ૨. અમદાવાદ, મુંબાઇ, સુરત અને ભરૂચ વગેરે બીજાં ૯ ગામોની વીસા પોરવાડ વાણીઆની નાત સમસ્તે સર્વાનુમતે નીચે પ્રમાણે ઠરાવ કરી પોતપોતાની સહીઓ કરી છે.

"આપણી જ્ઞાતિના કેટલાક ચૉરાવાળાઓમાં પરદેશમાં કન્યા આપવા લેવાનો વ્યવહાર ઘણા વખતથી બંધ થએલો છે તેથી આપણે સર્વે એકમત થઇ ઠરાવ કરીએ છીએ કે હવે પછી એક બીજાના ચૉરામાં કન્યા આપવા તથા લેવાનો વ્યવહાર બીનહરકતે શરૂ કરવો અને તે વિષે કોઇ ચૉરાવાળાએ વાંધો લેવો નહીં." આ ઠરાવની છાપેલી નકલો વહેંચવામાં આવી હતી.

વરઘોડામાં પૈસા વહેંચવા વિષે.

અમદાવાદના વીસા દિસાવાળ તથા દશામોઢ માંડલીયા વાણીઆની નાતોમાં વરઘોડામાં માણસ દીઠ બે પૈસા અને વીસા પોરવાડ વાણીઆમાં ત્રણ પૈસા આપવાના ઠરાવ છે અને પરનાતીલા વરઘોડે આવ્યા હોય તેને વધારે પૈસા આપવાની છુટ રાખેલી છે.

ચુડો ભાગવા વિષે.

ધણીના મરણ પાછળ ચુડો ભાગવાનો રિવાજ શ્રાવકોમાં બિલકુલ નથી. આવોજ ધારો અમદાવાદની એક વાણીઆની નાતમાં પણ થયલો સાંભળવામાં આવ્યું છે.

વિદ્યા હુન્નર વગેરે વિષે.

આખા ભરતખંડમાં વિખરાએલી બાજખેડાવાળની જુદા જુદા ગામોની નાતોએ પોતાની જ્ઞાતિ સમસ્તમાં વિદ્યા હુન્નર અને રોજગારનો વધારો થવા "ખેડાવાળ હિતવર્ધક ફંડ" ઉભું કરી તેને માટે જ્ઞાતિ સમસ્તે "બાજ ખેડાવાળ હિતવર્ધક સભા" સ્થાપી છે અને એ ફંડનો વહીવટ કરવા નાત સમસ્તે એક વ્યવસ્થાપક મંડળી પણ સ્થાપેલી છે. વળી નાતમાં શિક્ષા બદલ જે દંડ કરવામાં આવે તેના ૨/૩ કેળવણી પાછળ ખરચવાનો ઠરાવ કર્યો છે. આ શિવાય બીજી નાતો જેવી કે મોઢ અને કપોળ વાણીઆની નાતોમાં તથા ભાટીઆ, ખોજા અને પારસી વગેરે કોમોમાં પણ ફંડ થયાં છે. મથુરાંના વૈશ્ય લોકોએ પોતાની નાતના સુધારા અર્થે નીચેના ઠરાવ કર્યા છેઃ—

સંસ્કૃત ભાષાને, સ્ત્રી કેળવણીને અને ચોપાનિયાંઓને ઉત્તેજન આપવું. છોકરાઓ પાસે કસરત કરાવવી. પ્રદેશોમાં મુસાફરી કરીને નાબુદ થએલો વેપાર પાછો હાથ કરવો. વ્યસનથી તથા ધર્મ સંબંધી ઝઘડાઓથી દૂર રહેવું.

નાતોના ધારા વિષે.

અમદાવાદના ચાંપાનેરી મોઢ ઘાંચી, *વડોદરાના દશામોઢ માંડલીયા તથા જામનગરના મોઢ વાણીઆની નાતોમાં અને અમદાવા-

દના દશા શ્રીમાળીમાં નાતના ધારા છપાવી લહેણુ દીઠ વહેંચવામાં આવે છે.

પરનાતીલાને જુદા બેસાડવા વિષે.

સુરતના દશા અડાળજા મોઢ અને વીસાનાગર વાણીઆની નાતોમાં પરનાતીલાને પીરસવા દેવામાં આવતા નથી ને નાત પરનાતીલાને ભેળસેળ બેસવા દેતી નથી. પરનાતીલાને એક પંગતે જુદા બેસારે છે.

પંચથી નાતના કારભાર વિષે.

કપડવંજના ૨૨ ગામના દશા ખડાયતા, મુંબાઈના લાડ, ખેડા મહેમદાવાદનાં તેમજ બારીઆ પુનાદરાનાં સાતે ગામની દશાનાગર વાણીઆની નાતોમાં તથા ચાંપાનેરી મોઢ ઘાંચીમાં અને ઔદિચ્ય બ્રાહ્મણની ટોળક જ્ઞાતિમાં પંચથી નાતનો કારભાર ચાલે છે.

જમવા બેસવા વિષે.

ખેડા મહેમદાવાદનાં સાતે ગામની દશાનાગરની નાતમાં પુરૂષોને પહેલા જમવા બેસાડે છે અને બારીઆ પુનાદરાનાં સાતે ગામની દશાનાગરની નાતમાં તેમજ અમદાવાદની ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણની જ્ઞાતિમાં ભાયડા બાઈડીઓને સાથે જમવા બેસાડે છે.

વિલાયતની મુસાફરી વિષે.

મુંબાઈના ઘોઘારી લુહાણાની નાતે તે નાતના મી. દામોદરદાસ ગોરધનદાસ સુખડવાળાને વિલાયત વગેરે દેશોમાં ફરી આવેલા તેથી નાત બહાર મુકેલા તેમને વગર દંડે અને વગર પ્રાયશ્ચિતે નાતમાં દાખલ કીધા છે. ભા[illegible]ગરના લુહાણાની નાતે પણ મી. ભગવાનજી

રઘુભાઈ જેઓ વિલાયત જઈ આવેલા તેમને નાતમાં લીધા છે. વીસા શ્રીમાળી વાણીઆની નાતે મી. વીરચંદ રાઘવજી ગાંધીને વિલાયત જઈ આવવા માટે નાત બહાર મુક્યા નહોતા. અમદાવાદમાં રાયકવાળ બ્રાહ્મણની અને બ્રહ્મક્ષત્રીની નાતોમાં વિલાયત જઈ આવેલા સાથે બેશીને ખાવાનો કેટલોક પ્રતિબંધ ઓછો થઈ ગયો છે તેથી કરીને એ નાતોમાં કેટલાક જનો વિલાયત જઈ આવી સારી સારી પદ્દીઓ મેળવે છે અને ધંધો રોજગાર પણ શીખી લાવે છે.

પરચુરણ—૧. વડોદરાના દશામોઢ માંડલીયા વાણીઆની નાતે કરેલા ઠરાવઃ—(૧) નાતની મિલકત તથા ઉપજ ખરચનો હિસાબ તપાસવાનો દરેક માણસને હક છે. (૨) સ્ત્રીના દાગીના કન્યાનો અથવા વરનો બાપ બગાડે તો નાત અપાવવા મુખત્યાર છે. (૩) નાતમાં છાંડવું નહીં ને છાંડે તો તેના સાત પૈસા દંડ લેવો. ૨. મુંબાઈના કપોળ વાણીઆની નાતે કરેલા ઠરાવઃ—(૧) વાડીના ફંડનાં તથા નાતનાં નાણાં અને વાસણો વગેરે જે કાંઈ મિલકત હોય તે સર્વ બંને શેઠીઆઓ અને ૮ જ્ઞાતિલાઓને નામે રાખવી. તેમાં જે કાંઈ રોકડ તથા દસ્તાવેજ હોય તે મુંબાઈ બેંકમાં મુકવા. (૨) નાતનાં નાણાંનો ઉપયોગ નાતની સંમત્તિથીજ થાય. (૩) નાતનો વહીવટ ચલાવવા સારૂ બે શેઠ શિવાય ૩૨ જ્ઞાતિલાઓની એક કમિટી નિમવી અને તેમાં ચાર જણને સેક્રેટરી નિમવા વગેરે. ૩. આખા ભરતખંડમાં વિખરાએલી બાજ ખેડાવાળની નાત સમસ્તે કરેલા ઠરાવઃ-(૧) સંપૂર્ણ રીતે થએલો એટલે લગ્ન થયા પછીનો વિવાહ કોઇએ તોડવો નહી. પરંતુ તોડવો પડે એવી વિશેષ હરકત (કંઇ ખોડખાંપણનું કારણ) બને તો નાતની પરવા-

નગીથી તે વિવાહ ફોક કરવામાં બાધ નથી. (૨) કલમ ૧ નો ઠરાવ બંને પક્ષની ખુશી શિવાય. તોડનાર એટલે વરવાળો કે કન્યા-વાળો જે તોડે તે એક માસ નાત બહાર રહે, બાદ રૂ. ૨૦૧ દંડ આપે. દંડ ન આપે તો તે આપતા સુધી તેને નાત બહાર રાખવો. (૩) જ્ઞાતિ સમસ્તે કરેલા ઠરાવની કલમોમાં સમાતો કોઈ ગુનોહ કોઈ સખસ ખાત્રી પૂર્વક સાબિત કરી આપે તો તે કામમાં જે દંડ વસુલ થાય તે દંડનો સેંકડે પાંચ ટકા પ્રમાણે સાબિત કરનારને જે ગામની નાતમાં તે દંડ વસુલ આવે તે નાતે ઇનામ આપવું. ૪. પોરબંદરની મોઢ જ્ઞાતિમાં વિવાહ, સીમંત કે મરણુ પાછળ જ-મણવારની ક્રિયા વગેરેના પ્રસંગે અમુક નાતો તો અવશ્ય જમાડવી જોઇએ એવો કાંઇજ નિયમ નથી. ૫. ઓરપાડ તાલુકાના માસમા ગામે કોળી લોકોએ એવો ઠરાવ કર્યો છે કે નાતમાં કોઇએ તોફાન કરવું નહીં ને કરે તેને ઉડાડી મુકવો.

સમાપ્ત.

અનુક્રમણિકા.